શ્રી જિનવરાય નમઃ

# ધર્મપ્રાણ : લોંકાશાહ

## ક્રાન્તિનો યુગદ્રષ્ટા

• લેખક •

સંતબાલ

• પ્રકાશક •

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,

અમદાવાદ-૩૮૦ ૦૦૪.

श्री जिनवराय नमः

# ધર્મપ્રાણ : લોંકાશાહ

## ક્રાન્તિનો યુગસ્રષ્ટા

• લેખક •

**સંતબાલ**

• પ્રકાશક •

**મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર**

હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,

અમદાવાદ-૩૮૦ ૦૦૪.

❑ પ્રકાશક : મનુ પંડિત, મંત્રી
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

❑ પ્રથમ આવૃત્તિ : વીર સંવત ૨૪૬૫ ઈસ્વીસન ૧૯૩૯

❑ દ્વિતીય આવૃત્તિ : સંવત ૨૦૫૩ જાન્યુઆરી ૧૯૯૭
નકલ : બે હજાર

❑ કિંમત : વીસ રૂપિયા

❑ ટાઈપસેટીંગ : મે. પૂજા લેસર, એ-૨૧૫-૧૬, બીજે માળ,
બી.જી. ટાવર્સ, દિલ્હી દરવાજા બહાર,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૫૬૨૬૯૮૨

# બે-બોલ

## લોંકાશાહમાં ધર્મનું પ્રાણતત્ત્વ હતું

સંસ્કૃતિનું સાતત્ય સાચવીને વિકૃતિનું પરિવર્તન કરવું અને દેશ, કાળ, પરિસ્થિતિને અનુરૂપ યુગાનુકૂળ ઉપકરણો, બોધની પરિભાષા અને કાર્યપદ્ધતિ યોજવાં એ એક ક્રાંતિકારનું લક્ષ્ય હોય છે.

લોંકાશાહ એક લહિયા હતા, પણ ધર્મશાસ્ત્ર લખતાં લખતાં શાસ્ત્રોનો મર્મ સમજાતો ગયો અને પરિણામે તે કાળે ધર્મમાં પેસેલી વિકૃતિઓનો એમણે જબરજસ્ત વિરોધ કર્યો. અને ધર્મનાં પ્રાણતત્ત્વોને સમાજ સામે યથાર્થ રૂપે મૂક્યાં.

મુનિશ્રી સંતબાલજીએ ૬૦ વર્ષ પહેલાં સન ૧૯૩૫માં લોંકાશાહના વિચારો અને જીવનકાર્યને 'જૈન પ્રકાશ' સામયિકમાં પ્રગટ કર્યાં ત્યારે લોંકાશાહને 'ધર્મપ્રાણ' સંબોધન કર્યું. સત્યાર્થીપુરુષ જ સાચા ધાર્મિક પુરુષ કે જે સત્યાર્થી જ હોય છે, દરેક ધર્મપુરુષ સત્યાર્થી જ હોઈ શકે - ને તરત ઓળખી લે છે એમ લોંકાશાહને સંતબાલે ઓળખી તો લીધા, માટે તો ધર્મપ્રાણ કહ્યા. પણ દરેક દેહધારી મનુષ્યમાં અપૂર્ણતા હોય ત્યાં સુધી સંપૂર્ણ સત્યને પામી શકે નહીં. અને તેથી ઓળખવામાં પણ ભૂલ થવાનો સંભવ ખરો.

પણ જ્યારે ભૂલ સમજાય કે તરત તેનો જાહેર સ્વીકાર કરવામાં સત્યાર્થીને સહેજેય હિચકિચાટ થતો નથી. ઊલટ તેને સત્યનો વધુ પ્રકાશ મળે છે. અને સત્યને રસ્તે વધુ વેગથી તે ગતિ કરી શકે છે.

આ દ્રષ્ટિએ આ હપતારૂપે છપાયેલ લોંકાશાહના જીવનને પુસ્તક રૂપે પ્રગટ કરવામાં ચાર વર્ષ પછી સન ૧૯૩૯માં મુનિશ્રીએ 'સ્થાનકવાસી જૈન'ના તંત્રી શ્રી જીવણલાલ સંઘવીને સંમતિ આપી ત્યારે પુસ્તકમાં ૧૯૩૫ના હપતાઓના આમુખ સાથે 'નવું નિવેદન' નામે લખાણમાં આ ચાર વર્ષ દરમિયાન સંતબાલજીનાં દર્શન અને જ્ઞાન-વિજ્ઞાનમાં વધુ સ્પષ્ટતાઓ થઈ, અને ચારિત્ર્ય નિર્માણ થયું તેનો અણસાર તેમણે લોંકાશાહના જીવનના હપતાઓ લખ્યા ત્યારે પોતાને ન સમજાયેલું એવું કેટલુંક તે હપતાઓમાં લખીને કરેલી ભૂલોનો સ્વીકાર કર્યો છે તેમાંથી મળે છે.

શ્રીમાન હરિભદ્રસૂરિ, શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય અને લોંકાશાહના વિચારો અને જીવનકાર્યને હપતાઓ લખતી વખતે યથાર્થ સમજવામાં પોતે ભૂલ કરી હતી અને આજે ચાર વર્ષ પછી પોતે લખે તો આ ત્રણે મહાપુરુષો વિશે કેવું લખે તે બાબત લખી છે.

જૈનધર્મની અનેકાન્તદ્રષ્ટિ, જેને સ્યાદવાદ પણ કહેવાય તે યથાર્થ સમજાયા વિના આમ 'નવું નિવેદન' લખાય નહીં. તેથી આ પુસ્તક વાંચનારે પ્રથમ આમુખ અને નવું નિવેદન પ્રથમ વાંચવાં જોઈએ.

લોંકાશાહે ૫૦૦ વર્ષ પહેલાં વ્યક્ત કરેલા વિચારો અને વિતાવેલું જીવન આજની વિષમ પરિસ્થિતિમાં પૂરેપૂરાં પ્રસ્તુત છે, એમ અમારું નમ્રપણે માનવું છે. કારણ કે દુનિયાના દરેક ધર્મનું પ્રાણતત્ત્વ એક જ હોવા છતાં દરેક ધર્મ કેવળ સમ્પ્રદાય બની જઈને સામ્પ્રદાયિક બની ગયો છે. ધર્મનાં પ્રાણતત્ત્વો-સત્ય, અહિંસા, અચૌર્ય, સંયમ, અપરિગ્રહ વગેરે છે તેને પામવાનાં સાધનો સમજાવવા માટેની બોધવાણી ભલે દેશ, કાળ અને પરિસ્થિતિ ભેદ મુજબ ભિન્ન-ભિન્ન હોય, પણ તેથી ધર્મને નામે ઝઘડા શા માટે થવા જોઈએ ? અને ક્રિયાકાંડો કે પરંપરા તે ધર્મ નથી. તેથી કાળે કરીને ક્રિયાકાંડો કે પરંપરાઓમાં પેઠેલી વિકૃતિઓમાં પરિવર્તન થતું રહેવું જોઈએ.

આજે આવા પરિવર્તનના અભાવે ધર્મમાત્ર ક્રિયા જડ થઈને, પ્રાણહીન, સત્યહીન થઈ રહ્યો છે.

'વિશ્વવાત્સલ્ય' પાક્ષિકમાં હપતાવાર સંક્ષિપ્તરૂપે આ ચરિત્ર પ્રગટ થતું રહેવાથી, વાચકોની જિજ્ઞાસુવૃત્તિ ખીલતાં તેને પુનર્મુદ્રણ કરવાની માગણી આવતી રહી. શ્રી વીરચંદભાઈ ઘેલાણી જેવાઓએ મોટી સંખ્યામાં તેના આગોતરા ગ્રાહકો નોંધી તેના વેચાણનો બોજો હળવો કર્યો. બીજા મિત્રોએ પણ ગ્રાહકો નોંધ્યા. આવો સહકાર પ્રશંસાને પાત્ર છે.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ શ્રી સ્થાનકવાસી જૈન કાર્યાલય, અમદાવાદ તરફથી ૧૯૩૯માં પ્રગટ થઈ હતી. પુસ્તક અપ્રાપ્ય હતું. મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિરના પ્રમુખ શ્રી રજનીકાન્તભાઈ સંઘવીએ આ અપ્રાપ્ય પુસ્તક મેળવી આપ્યું, અને તેના પ્રકાશનમાં વિશિષ્ટ ઉત્સાહ બતાવ્યો તે બદલ ઉપરોક્ત સંસ્થા તેમજ રજનીકાન્તભાઈના આભારી છીએ.

નવી આવૃત્તિમાં કેટલીક ભાષાકીય શુદ્ધિ તેમજ સળંગ કથા હતી, તેને સ્થાને સાતેક પ્રકરણોમાં વાચકની અનુકૂળતા ખાતર પુનઃસંપાદન કર્યું છે.

વિશ્વવાત્સલ્યની સુવર્ણ જયંતી પ્રસંગે આ પુસ્તક પ્રકાશન કરતાં, તેના પ્રકાશનમાં જેમણે જેમણે સહકાર આપ્યો છે તે સૌના અમે આભારી છીએ.

'વિશ્વવાત્સલ્ય'ની સુવર્ણ જયંતી — અંબુભાઈ શાહ
જાન્યુઆરી, ૧૯૯૭ તંત્રી, વિશ્વવાત્સલ્ય

# આમુખ

પ્રાચીન યુગથી માંડીને આજ સુધીના ભારતવર્ષના ઇતિહાસમાં જૈનધર્મના અનેક જ્યોતિર્ધરોએ સાહિત્યની સેવા અને રક્ષા કરવામાં ખૂબ ફાળો આપ્યો છે, તે વાત તો જૈનસાહિત્ય દ્વારા સાક્ષરોમાં અને જનતામાં ખૂબ સુપ્રસિદ્ધ થઈ ચૂકી છે. પરંતુ ભારતવર્ષની ક્રાન્તિમાં પણ તેમનો ફાળો વિશેષ છે તે વાતથી ભારતવર્ષની પ્રજાનો મોટો ભાગ લગભગ અજાણ છે.

જૈનધર્મના ક્રાન્તિકારોમાં ધર્મપ્રાણ લોંકાશાહનું સ્થાન બહુ માનવંતુ છે. ધર્મક્ષેત્રમાં તેણે મચાવેલી ક્રાન્તિનું સૂક્ષ્મ દૃષ્ટિએ અવલોકન કરતાં એ સ્પષ્ટ જણાઈ આવે છે કે તેમનું આખુંય જીવન ધર્મક્રાન્તિનાં મંથન અને વિકાસમાં જ સમાપ્ત થઈ ચૂક્યું હતું.

સમસ્ત ભારતવર્ષમાં તેની ક્રાન્તિનાં આંદોલનો પ્રસરી ચૂક્યાં હતાં.

જે કાળમાં કુરુઢિઓ, વહેમો, ધર્મઝનૂન અને સત્તાશાહીથી જનતા પીડાઈ રહી હતી તે સમયે જૈનધર્મનો માર્ટિન લ્યુથર પંદરમી શતાબ્દીની આખરે જન્મ્યો અને સોળમી શતાબ્દીના પૂર્વાર્ધમાં તેની સામે મોરચા માંડી પ્રજાને પરતંત્રતાની બેડીથી છુટકારાનો દમ ખેંચાવ્યો. અને વાસ્તવિક સત્યના ડીંડીમ-નાદથી ઘોષણા કરીને સુષુપ્ત જનતાને જાગૃત કરી. તે પોતે જ ક્રાન્તિકાર લોંકાશાહ.

લોંકાશાહ માટે ભારતવર્ષની બહારની એક અંગ્રેજ લેખિકા કહે છે કે,

About A.D. 1452 [x] the Lonka sect arose and was followed by the Sthanakvasi sect, dates which coincide strickingly with

---

[x] સંવત ૧૪૮૨માં લોંકાશાહનો જન્મ, અને સં. ૧૫૩૧માં તેમના સિદ્ધાંતનો પ્રચાર. આ બન્ને મુદ્દાઓ ઐતિહાસિક દૃષ્ટિએ મળે છે, અને તે બંધબેસતા લાગે છે. અહીં ઈ.સ. ૧૪૫૨ આપેલ છે તે અપેક્ષાએ તો તેમાં ૫૭ ઉમેરતાં ૧૫૦૯ વિ.સં.નો સમય થાય. અને આ વખતે તો શ્રીમાન લોંકાશાહ માત્ર ૨૭ વર્ષના હોઈ, તેમનાં જીવનકાર્ય જોતાં એટલી નાની વયમાં તેમણે આ ભગીરથ કાર્ય હાથ લીધું હોય તે બંધબેસતું લાગતું નથી કારણ કે તેમના આયુષ્યનો મોટો ભાગ વ્યાવહારિક કાર્યમાં ગયો છે. ધાર્મિક ક્ષેત્રમાં તદ્દન સ્પષ્ટ રીતે તો મોટી વયે તે દાખલ થયો છે.

પ્રો. ક્ષિતિમોહન સેન જૈનધર્મની પ્રાણશક્તિ નામના લેખમાં એમ સિદ્ધ કરે છે કે "શ્રીમાન લોંકાશાહ ઈ.સ. ૧૪૨૯ પછી જ થયા."

the Lutheren and Puritan movements in Europe."

***[Heart of Jainism]***

ભાવાર્થ : ખ્રિસ્તીધર્મમાં માનસિક દાસત્વ દૂર કરવા યુરોપમાં જેવું કાર્ય માર્ટિન લ્યુથરે કર્યું તેવું કાર્ય શ્રીમાન લોંકાશાહે શ્વેતાંબર જૈનધર્મમાં ક્રિયોદ્ધાર માટે કર્યું છે.'

એક ક્રાન્તિકારને પ્રજામાં જડ ઘાલી બેઠેલી વિકૃતિને હઠાવવા માટે કેટલો ભગીરથ પ્રયત્ન કરવો પડે છે અને કેટલા સંકટોના ડુંગરાઓ ઉલંઘવા પડે છે તેની કલ્પના યુરોપના માર્ટિન લ્યુથરનો જીવન ઇતિહાસ વાંચવાથી કંઈક અંશે આવી શકે તેમ છે.

પરંતુ માર્ટિન લ્યુથરના જીવનથી યુરોપ જેટલું પરિચિત છે તેટલું ભારત લોંકાશાહના જીવનથી ભાગ્યે જ પરિચિત હશે. બીજાની વાત તો દૂર રહી પણ જે ધર્મને નામે તેઓએ ક્રાન્તિ મચાવી છે અને જે ધર્મના સંસ્થાપક બની પરમ સત્યોનું શોધન કરી તેમણે પ્રકાશ ફેંક્યો છે તે જૈનધર્મના અનુયાયીઓ પણ તેમના જીવન વિષે બહુ થોડું જાણે છે. અને જેઓ તેમના વિષે થોડું ઘણું જાણે છે તેઓ પણ તેમને માત્ર એક મૂર્તિપૂજાના વિરોધક તરીકે ઓળખે છે. આ એકાંત દૃષ્ટિએ તેમને ઓળખનારાઓ ખરેખર તે મહાન પુરુષના ધ્યેયને સમજી જ શક્યા નથી એમ કહીએ તો જરાય ખોટું નથી.

લોંકાશાહ મૂર્તિપૂજાના વિરોધક હતા કે કેમ ? અને હતા તો કઈ દૃષ્ટિથી અને શા માટે ? તેમણે તેમના જીવનમાં કેવળ મૂર્તિપૂજાનો જ નિષેધ કર્યો છે કે બીજું કાર્ય કર્યું છે ? જ્યાં સુધી તેમના જીવનનાં બધાં દૃષ્ટિબિંદુઓ ન તપાસાય ત્યાં સુધી તેમનું સત્ય શોધવું એ દુઃશક્ય માત્ર નહિ બલ્કે અશક્ય છે. અને આથી જ મને લાગે છે કે ભારતના એક મહાન ક્રાન્તિકારને આપણે કોઈ પીછાની શક્યા નથી. અને ઊલટું તેમના જીવનમાં એકાંતવાદ કલ્પીને આપણે એક યા બીજી રીતે તેમના સમર્થ વ્યક્તિત્વની આજ સુધી અવગણના જ કર્યા કરી છે. અને એ અવગણનાના ફળ સ્વરૂપે સ્થાનકવાસી અને મૂર્તિપૂજક જેવા પક્ષભેદો પાડી તેમના જીવનને અન્યાય આપ્યો છે અને આપણા જીવનને હાનિ પહોંચાડી છે અને પહોંચાડી રહ્યા છીએ.

એક લોંકાશાહને માનનારો પુસ્તક લખવા બેસશે કે મૂર્તિપૂજક સાથે ચર્ચા કરવા બેસશે ત્યારે મૂર્તિપૂજાનું એકાંત ખંડન જ કરશે. અને તેમાં દલીલને બદલે

વિતંડાવાદ અને સમભાવને બદલે વિષમભાવ સ્પષ્ટ તરી આવશે. આ જ રીતે મૂર્તિપૂજકનો વારો આવશે ત્યારે તે પણ તેવુંજ કરશે. આ વાત હું પંદરમી કે સોળમી સદીની નથી કહી રહ્યો. પરંતુ વીસમી સદીની અને તે પણ આજકાલની વાત કહું છું.

તમારામાં વિચારભેદો હોય, માન્યતાભેદ હોય તે અસ્વાભાવિક નથી. એ તો મનુષ્યોની ભિન્ન ભિન્ન મતિઓ હોવાથી રહ્યાં છે અને રહેવાનાં છે. પરંતુ તે વિચારભેદો ઊલટા માર્ગે દોરી જાય તેવા સ્વરૂપમાં ન થઈ બેસે તે વિવેકબુદ્ધિ મનુષ્યે હંમેશ રાખવી જોઈએ. આ વિવેકબુદ્ધિ તમારી ચર્ચા, લેખ કે વાર્તામાંથી નીકળી ન જાય તેનો તમને ખ્યાલ હોવો જ જોઈએ ને !

પરંતુ દુ:ખનો વિષય એ છે કે આજે સાંપ્રદાયિક પડદાએ વિવેકબુદ્ધિને રોકી લીધી છે. તેના એક બે નમૂના 'વીરશાસન' અને 'જૈન' નામના સાપ્તાહિક પત્રોમાં મારી નજરે ચડ્યા હતા. કોઈપણ એક સામાન્ય બુદ્ધિનો માણસ એ સ્પષ્ટ સમજી શકે તેવું હતું કે આ લેખના લેખકોએ લોંકાશાહના જીવનની અનભિજ્ઞતાથી યદ્વા તદ્વા લખ્યું હતું. તે માટે કોઈનું દિલ દુભાવાને બદલે ઊલટું લેખકોની મનોદશા પર વાચનારને દયા આવે એવું એ લેખન હતું. લોકો જેને જૈન સમાજના માર્ટિન લ્યુથર તરીકે ઓળખે છે, ભારતવર્ષ અને તેની બહારના અનેક વિદ્વાનો જેને પ્રશંસે છે, જૈન સમાજનો લગભગ ૧/૩ ભાગ જેને આજે પણ અનુસરી રહ્યો છે અને દુનિયામાં હજુ પણ જેની માન્યતા વ્યાપક રૂપે પ્રવર્તે છે, તેવા એક સમર્થ ક્રાન્તિકાર અને ક્રાન્તિના યુગસ્રષ્ટાના જીવન પર અણછાજતા આક્ષેપો લખી નાખતી વખતે લેખકો પર કોઈ જાતની નૈતિક જવાબદારી રહેલી છે એનું જેને જ્ઞાન ન હોય તેવા મહાશયો પરત્વે એક જવાબદાર સમાજનું મધ્યસ્થ ભાવ સેવ્યા સિવાય બીજું વર્તન હોઈ પણ શું શકે ? પરંતુ પત્રકારો આવા લેખોને પોતાના પત્રોમાં સ્થાન આપી શકે છે તે જ વસ્તુ મને નવાઈ ભરી લાગી હતી. જો કે જૈન સમાજના પ્રસિદ્ધ પત્ર "જૈને" તે બદલ ક્ષમા માગી પોતાની સજ્જનતાનો પરિચય આપ્યો હતો ખરો; પરંતુ મને તો એમજ લાગતું આવ્યું છે કે આ બધું થવામાં કેવળ સાંપ્રદાયિક ઝનૂન છે. અને જ્યાં સુધી તે તે સંપ્રદાયોની યથાર્થતા ઊંડાણથી સમજવાનો પ્રયાસ ન કરવામાં આવે ત્યાં સુધી તે એક યા બીજા સ્વરૂપમાં રહેવાનું જ.

આજે જ્યાં આખું વિશ્વ એક થવા મથે છે, અને વિશ્વની સમસ્ત પ્રજાઓનાં

હિતદૃષ્ટિબિન્દુઓ વિચારાય છે, જ્યાં જ્ઞાતિ, જાતિ અને સમાજના ભેદો દૂર કરવાનો ભગીરથ પ્રયત્ન સેવાય છે તે તે વખતે ધર્મને નામે વાડાશાહી, સંપ્રદાયશાહી કે ગચ્છશાહીના અખાડાઓ હવે લાંબો વખત નભી શકે તેમ નથી. આવી સાદી અને સરળ વસ્તુ ફરી ફરીને સમજાવવી પડે તે જૈનધર્મના અનુયાયીઓને માટે શોભાસ્પદ નહિ ગણાય.

આથી જેમ મૂર્તિપૂજક ભાઈઓને માટે ઉપરની વસ્તુ લાગુ પડે છે તેમ આ લોંકાશાહના અનુયાયીઓને પણ તેટલી જ લાગુ પડે છે; તે વાત રખે તેઓ વિસરી જાય !

લોંકાશાહના અનુયાયીઓ કેવળ મૂર્તિપૂજાનો વિરોધ કરવાથી જો પોતાની ફરજ સમાપ્ત થાય છે એમ માનતા હોય તો તેઓ એક ગંભીર ભૂલ કરે છે. લોંકાશાહનો વિરોધ એકલી મૂર્તિપૂજા સામે જ ન હતો. જૈનધર્મના વિકાર સામે હતો. તેણે જે કંઈ સિદ્ધાંતોનો પ્રચાર કર્યો છે તે માત્ર તે જ દૃષ્ટિબિંદુએ. લોંકાશાહ ભગવાન મહાવીર કથિત માર્ગે ચાલવાનું કહી ગયા છે. દયા અને સત્યને જીવનમાં ઓતપ્રોત બનાવવા એ જ્યોતિ મૂકી ગયા છે. તો તે માર્ગે જ ચાલવામાં તેમનું સાચું અનુયાયિત્વ સ્પષ્ટ થાય છે. તેથી મતાગ્રહ અને કદાગ્રહના ઝઘડા છોડીને તે માર્ગે પગરણ માંડી દેવાં જોઈએ.

જે લોકો લોંકાશાહને એક વાડાના માત્ર સંસ્થાપક તરીકે જ ઓળખે છે તે એક મહાન ભૂલ કરે છે.

They arose not directly from the Svetambara but as reformers of an older reforming sect.

***[History of the Jaina Community]***

લોંકાશાહની જીવનસમીક્ષાના આ શબ્દો સ્પષ્ટ બતાવે છે કે તેમને કોઈ નવો પંથ સ્થાપવો ન હતો. અને તેથી તે કોઈપણ મત કે પંથના સંકુચિત વર્તુળમાં પુરાઈ જનારા ન હતા. પણ વિશાળ ક્ષેત્રમાં વિહરતા સાર્વદેશિક વિહારી અને નિર્ભય ધર્મસુધારક હતા.

તેમની ધર્મસુધારણામાં મૂર્તિપૂજાના વિરોધનું પ્રબળ આંદોલન હતું, સાધુ-સંસ્થાનું શૈથિલ્ય દૂર કરવા માટે તેમણે કમ્મર કસી હતી અને અધિકારવાદને નાબૂદ કરવાની તેમણે પહેલ કરી હતી. પરંતુ આ બધું કરવામાં પોતાનો મત, ગચ્છ કે સંઘાડો સ્થાપવાની તેમને સ્વપ્નમાંય ઇચ્છા ન હતી, તેમ પૂજા કે પ્રતિષ્ઠા

ભોગવવાની લાલસા પણ ન હતી.

જો તેમને પોતાનો મત જ સ્થાપવો હોત તો બૌદ્ધ, વેદ અને જૈનધર્મના ઐતિહાસિક અન્ય પ્રભાવકોની માફક પોતાના નવા સિદ્ધાંતો અને નવું સાહિત્ય ઊભું કરત. પરંતુ તેમના જીવનમાં એ વસ્તુ દેખાતી નથી.

સંઘની છિન્નભિન્નતા દૂર કરી તેમાં એકવાક્યતા લાવી એ ભગવાન મહાવીરના અવ્યાબાધ સત્યને યથાશક્તિ જે આચરવાની પ્રવૃત્તિ કરે તે જ ભગવાન મહાવીરનો સાચો અનુયાયી પોતાને કહેવડાવી શકે; એ વાત જનતાને ગળે ઉતરાવવાની જ તેમને ઉત્કંઠા હતી.

આથી તેમણે પોતાનો પુણ્યપ્રકોપ જૈનશાસનના નિયમ પ્રમાણે કોઈપણ મત, સંપ્રદાય કે વ્યક્તિ પરત્વે બતાવ્યો નથી. તેમણે જે જે વિરોધ કર્યા છે તે માત્ર સમાજના સડા સામે.

કોઈપણ વસ્તુનું ખંડન કે મંડન તેમણે પોતાના કપોલકલ્પિત સિદ્ધાંતથી કર્યું હોય તેમ ક્યાંય દેખાતું નથી. પરંતુ ગણધર ગ્રથિત શાસ્ત્રો કે જેનું પ્રમાણત્વ આજસુધી સ્વીકારાતું આવ્યું છે તે શાસ્ત્ર વચનથી જ.

આટલી નિર્દોષતા અને નિખાલસતાથી જ બહોળા માનવ-સમુદાયના તે હૃદયવિજેતા બની શક્યા હોય તે યુક્તિસંગત લાગે છે.

પરંતુ જ્યાં સુધી લોંકાશાહના જીવનના ગૂઢ પ્રશ્નો તેવા વિશાળ દષ્ટિબિન્દુથી ન ચર્ચાય ત્યાંસુધી તેમના જીવન માટે ખોટો ભ્રમ રહે તે સ્વાભાવિક જ છે. અને તેથી જ મને ઘણા વખતથી લાગ્યા કરતું હતું કે તેમના જીવનચરિત્રોનું કોઈપણ સાંપ્રદાયિક દષ્ટિ રાખ્યા સિવાય આલેખન કરવું. પરંતુ સાથે સાથે એમ પણ થયા કરતું હતું કે તે એક ભગીરથ કાર્ય છે.

એક સાહિત્યકારના જીવનને આલેખવા માટે જેમ જ્ઞાનશક્તિની આવશ્યકતા છે, કલાકારનું જીવન આલેખવામાં કલાત્મક વિકાસની અપેક્ષા છે તેજ રીતે એક ક્રાન્તિકારના જીવનને આલેખવામાં એક મહાન ક્રાન્તિકાર હૃદયની અપેક્ષા છે. લોંકાશાહ માત્ર વ્યાવહારિક ક્ષેત્રના જ ક્રાન્તિકાર ન હતા; બલ્કે ધાર્મિક ક્ષેત્રનાજ તે પ્રબળ સુધારક હતા અને તત્ત્વશોધક હતા. એવા સમર્થ પુરુષનું જીવન-શોધન કરવા માટે તો અસાધારણ તૈયારી જોઈએ. ઉપરાંત એ પણ એક દુર્ભાગ્યની વાત છે કે મુખ્ય મુખ્ય મુદ્દાઓ સિવાય તેમનો ઇતિહાસ ઉપલબ્ધ થતો નથી.

આવા સંયોગોને લઈને તે ઈચ્છામાત્ર મનોમય ક્ષેત્રમાં ડૂબી જતી હતી. એક જ માસ પહેલાં 'જૈન પ્રકાશ'ના ઉત્સાહી, વિદ્વાન અને યુવાન તંત્રીએ 'શ્રીમાન લોંકાશાહના જીવન વિષયક કંઈક પણ લખી આપો' એવી માગણી કરી. આ વખતે મેં મારા ઉપરના વિચારો જાહેર કર્યા. પરન્તુ એક ટૂંકી લેખમાળા લખી આપવાના આગ્રહને વશ થવું જ પડ્યું. આ લેખમાળા લખતી વખતે બહુ શોધન કરતાં શ્રીમાન લોંકાશાહ સંબંધીની કેટલીક ઐતિહાસિક બીના ઉપલબ્ધ થઈ છે અને હજુ થશે એવી સંભાવના રહે છે. પરંતુ અત્યારે તો માત્ર તેમની ક્રાન્તિના મુખ્ય મુખ્ય મુદ્દાઓ તારવીને આ ચિત્ર આલેખ્યું છે.

લેખમાળાનો પ્રારંભ કરતી વખતે આ લેખમાળા આટલી દીર્ઘ થશે એવી કલ્પના ન હતી. પરન્તુ સંક્ષિપ્ત છતાં આટલું લંબાણ સહજ રીતે થવા પામ્યું છે. જ્યાંસુધી લોંકાશાહની પૂર્વકાલીન પરિસ્થિતિ અને તેમના જીવનકાળની પરિસ્થિતિનો ઉલ્લેખ ન અપાય ત્યાંસુધી લોંકાશાહની ક્રાન્તિનું રહસ્ય જરાયે ન સમજાય અને ભ્રાન્તિ થવાનો વિશેષ સંભવ રહે એમ લાગતું હોવાથી પૂર્વકાલીન, મધ્યકાલીન અને અર્વાચીન એ ત્રણે કાળની પરિસ્થિતિનું સંક્ષિપ્ત છતાં સ્પષ્ટ ચિત્રણ આપ્યું છે. અને લોંકાશાહ પછીથી આજસુધીની પરિસ્થિતિનો ટૂંક ખ્યાલ પણ અંતમાં આપી દીધો છે.

આવી રીતે ન ધારવા છતાંયે લેખમાળા દીર્ઘ થઈ જવાથી તેને પુસ્તકારૂઢ કરવાની ભાવનાને પણ રોકી શક્યો નથી. આ રીતે લોંકાશાહના જીવન વિષે હાલ કંઈ બહાર પાડવાની ઈચ્છા ન હોવા છતાં લોંકાશાહનું જીવન બહાર પડે છે. હું ધારું છું ત્યાંસુધી સ્વતંત્ર રીતે લોંકાશાહના જીવનને ચર્ચતું આ પ્રથમજ પુસ્તક છે.

આ આખી લેખમાળાને સંકલનાવાર ગોઠવી તેના વિષય વાર મથાળાં મૂક્યાં હોવાથી વાચકને તે સમજવામાં સરળ થાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત -

લોંકાશાહની ક્રાન્તિને સમજવામાં સહાયક થાય તે સારુ,

શરૂઆતમાં ભગવાન મહાવીરના કાળ (ઈ.સ. પૂર્વ ૫૨૭)થી માંડીને ઠેઠ લોંકાશાહના કાળ સુધી જૈનધર્મ, બૌદ્ધધર્મ અને હિન્દુ ધર્મમાં જે જે મુખ્ય સાહિત્યક્ષેત્રના જ્યોતિર્ધરો અને ધર્મક્ષેત્રના સુધારક મુખ્ય મુખ્ય ક્રાન્તિકારો થઈ ગયા, તેમનાં જીવન અને જીવનકાર્ય એ બધાનો સંક્ષિપ્ત ઈતિહાસ આપ્યો છે.

તે પછી લોંકાશાહનું આખું જીવન અને ક્રાન્તિને લગતી વિચારણા સવિસ્તર આપવામાં આવી છે.

અને અંતિમ ભાગમાં લોંકાશાહ પછીના તેમના અનુયાયીઓનો સંક્ષિપ્ત ઇતિહાસ આપવામાં આવ્યો છે.

શ્રીમાન લોંકાશાહની પૂર્વકાલીન અને પશ્ચાત્ કાલીન પરિસ્થિતિનું આટલું સ્પષ્ટ દિગ્દર્શન થવાથી લોંકાશાહના જીવન વિષયક ઇતિહાસની સુરેખા સ્પષ્ટ થઈ રહેશે.

હવે આ પુસ્તકમાં જે કંઈ લક્ષ્યબિન્દુઓ રાખવામાં આવ્યાં છે તે અહીં ટૂંકમાં જણાવી દઉં -

(૧) લોંકાશાહના જીવનને તાત્ત્વિક દષ્ટિએ છણવું.

(૨) સાંપ્રદાયિકતા ન ભળવા દેવી.

(૩) તેમની ક્રાન્તિના વિષયોને ખાસ ચર્ચવા.

આ દષ્ટિબિન્દુઓને અનુલક્ષીને આ પુસ્તક લખાયેલું હોઈ સામાન્ય રીતે જેમ જીવનચરિત્રો લખાય છે તેમ આમાં વર્ણનો, અદ્ભુતતાઓ જેવું ન આવે તે સ્વાભાવિક છે. તેમ છતાંય આમાં તેમની ક્રાન્તિની વિચારણાની એક નવી દિશા તો ખૂબ વિચારાઈ છે.

ભવિષ્યમાં લોંકાશાહના જીવન વિષયક એક સમૃદ્ધ ગ્રન્થ તૈયાર ન થાય ત્યાંસુધી આ પુસ્તક લોંકાશાહની ક્રાન્તિનું એક માર્ગદર્શક થઈ પડે એજ આશાએ આ લેખમાળાને પુસ્તકાકારમાં પરિણમાવી છે એમ કહીએ તોયે કશું ખોટું નથી.

ક્રાન્તિકારો અને જ્યોતિર્ધરોના જીવન ઇતિહાસના પ્રશ્નો લોંકાશાહની ક્રાન્તિ સાથે સંબંધ ધરાવતા હોવાથી તે વિષયો આમાં ચર્ચ્યા છે. લોંકાશાહની ક્રાન્તિના મુખ્ય ત્રણ વિષયો જેવા કે : સાધુઓનું શૈથિલ્ય, ચૈત્યવાસનો વિકાર અને અધિકારવાદની શ્રૃંખલાની ગંભીર સમાલોચના પણ કરવામાં આવી છે.

આ બધા પ્રશ્નો ચર્ચવામાં કેવળ તટસ્થવૃત્તિનો ઉપયોગ કરવા બનતી કાળજી રાખી છે. અને મારું પોતાનું મંતવ્ય પણ સ્પષ્ટ જાહેર કર્યું છે. આમ કરવા છતાં રૂઢિપરંપરાના સંસ્કારોથી કોઈપણ શ્વેતાંબર, દિગંબર કે સ્થાનકવાસીનું હૃદય દુભાયું હોય તો હું ક્ષમા યાચી લઉં છું. અને સાથે સાથે એ પણ કહી દઉં છું કે આમાં જે કંઈ લખવામાં આવ્યું છે તેમાં યથાશક્ય ઐતિહાસિક અને

શાસ્ત્રીય પ્રમાણો મૂક્યાં છે. કેવળ કલ્પનાથી કે કેવળ પરંપરાથી જ લખાયું નથી. એટલે શોધકો તેમાંથી સાર જ શોધી લે. એમજ હું ઇચ્છું છું.

અંતમાં આમાં જે જે ગ્રન્થોનાં પ્રમાણ મૂકવામાં આવ્યાં છે તેનો આ પ્રમાણે નામોલ્લેખ છે :

૧. કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય
૨. જૈનદર્શન
૩. જૈનધર્મ
૪. જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ
૫. સૂરીશ્વર અને સમ્રાટ
૬. સાગાર ધર્મામૃત
૭. જૈનપ્રકાશનો ઉત્થાન અંક
૮. જૈનપ્રકાશની ફાઈલો
૯. શ્રી લાલજી મહારાજનું જીવનચરિત્ર
૧૦. Heart of Jainism
૧૧. જગડૂ ચરિત્ર ઇત્યાદિ
૧૨. ઐતિહાસિક નોંધ
૧૩. શંકર દિગ્વિજય

એટલે આ પુસ્તકમાં તે તે ગ્રન્થકારોના આભાર પ્રદર્શિત કરી વિરમું છું.

ॐ શાન્તિ

વરસોવાના સમુદ્ર તટ પર **"સંતબાલ"**

તા. ૨૦-૫-૧૯૩૫

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| | પ્રકાશકીય-બે બોલ | અંબુભાઈ શાહ | ૩ |
| | આમુખ | સંતબાલ | ૫ |
| | નવું નિવેદન | સંતબાલ | ૧૩ |
| | પ્રકાશકનું નિવેદન (પ્રથમ આવૃત્તિ) | જીવણલાલ સંઘવી | ૨૦ |
| ૧. | જૈન ધર્મક્રાન્તિના જ્યોતિર્ધરો | | ૨૨ |
| ૨. | ભારતના ત્રણ મુખ્ય ધર્મો અને ક્રાન્તિ પ્રભાવકો | | ૩૫ |
| ૩. | લોંકાશાહનો જીવનવિકાસ | | ૪૩ |
| ૪. | સમાજ વિહંગાવલોકન | | ૫૨ |
| ૫. | લોંકાશાહનું ક્રાન્તદર્શન | | ૫૮ |
| ૬. | લોંકાશાહની ઉપદેશધારા | | ૭૪ |
| ૭. | ક્રાન્તિની યુગવર્તી અસર | | ૮૭ |

ૐ મૈયા

# નવું નિવેદન

આ વખતે અઢારમી એપ્રિલે અમે, અમદાવાદમાં હતા ત્યારે 'સ્થાનકવાસી જૈન' પત્રના અધિપતિ શ્રી જીવણભાઈએ 'ધર્મપ્રાણ લોંકાશાહ'ની લેખમાળા પ્રકાશિત કરવાની માગણી કરી. એમની પાસે મેં એક શરત મૂકી અને મંજૂરી આપી. એ શરત એ હતી કે ધર્મપ્રાણ લોંકાશાહની લેખમાળા લખતી વખતની અને અત્યારની મારી મનોદશાની ચોખવટ રજૂ કરતું નિવેદન એમાં અક્ષરશઃ દાખલ કરવું. અને એ શરતે હું આ નિવેદન લખી રહ્યો છું.

**ધર્મપ્રાણ લોંકાશાહની લેખમાળા લખતી વખતની સ્થિતિ :**

મને એ દિવસો બરાબર યાદ છે, કે એ લેખમાળા લખતી વખતે ધર્મક્રાન્તિકારક વિચારોના પ્રવાહથી મારું મગજ ઘેરાયેલું હતું. સાધનો કરતાં સિદ્ધાંતો પ્રત્યેની સુરુચિ કેળવાતી હતી પણ આજના જેટલાં અનુભવ અને સ્પષ્ટ દર્શન ન હતાં. ઘાટકોપરમાં મેં એ લેખમાળા શરૂ કરી ને વરસોવામાં પૂરી કરી. પરમ પૂજ્ય ગુરુદેવે શ્રીમાન હરિભદ્રસૂરિજી અને શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય સૂરીશ્વર પરત્વેના લખાણના ફકરામાં સંશોધનની સલાહ આપી, પણ એ માન્ય કરવામાં મારી બુદ્ધિએ મને ના પાડી. સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના પત્રમાં એ છપાવાની હતી એટલે એમના મંત્રીએ એ વાંચી. એમણે પણ કેટલુંક સંશોધન તો થવું જ જોઈએ, એમ વીનવ્યું, એટલે આખરે મેં થોડો ઘણો મને કમને ફેરફાર કર્યો, પણ મૂળભૂત સિદ્ધાંત તો મેં કાયમ જ રાખ્યો. એ સિદ્ધાંત સાચવવા જતાં મારે મારા પરમ પૂજ્ય ગુરુદેવ સાથે જ પ્રથમ તકે તો વિચારવિરોધ કરવો પડ્યો. એ લેખમાળા છપાયા પછી મંદિરમાર્ગી અને સાધુમાર્ગી બન્ને સમાજ પર જુદી જુદી અસર થઈ અને એ રીતે એક વર્ષ સુધી એ લેખમાળાને અંગે ચર્ચા ચાલી. આજે એ વાતને ત્રણેક વર્ષોનાં વહાણાં વીતી ગયાં છે. આજે મારો આખો જીવનક્રમ અને વિચારવહેણ વ્યવહારુ વિશ્વ-વત્સલતાને માર્ગે છે, એટલે આજે આ લેખમાળા પરત્વે હું છેક જ ઉદાસીન છું. એ પ્રગટ થાય કે ન થાય એમાં મને હર્ષ નથી કે ખેદ નથી; પણ જ્યારે એ ભાઈએ પ્રગટ કરવાની માગણી કરી

છે, ત્યારે મારે માથે પરિસ્થિતિની ચોખવટ કરવાની ફરજ ઊભી થઈ છે. જો કે મેં એમને સંમતિ સાથે એમ પણ સૂચવ્યું હતું કે એ લેખમાળાની સામે જે સમાલોચના પ્રગટ થઈ છે, તેને એ પુસ્તક સાથે જ જોડવી કે જેથી મારી તે વખતની મનોદશાનો અને એ લેખમાળાથી થયેલી તે વખતની જૈનસમાજની પરિસ્થિતિનો ભાવિ ઇતિહાસમાં ઉલ્લેખ રહે અને મારે આ નિવેદન આ રીતે લખવામાં ખાસ જરૂર ન રહે. પણ એમને એ જોડાણ અનાવશ્યક લાગ્યું એટલે મારે આ બધી ચોખવટ પહેલેથીજ કરવી રહી !

## મેં આ પ્રકાશન માટે ના કેમ ન પાડી ?

તે કાળ કરતાંય આજની જવાબદારી મારે માટે દશ ગણી છે, એનું મને ભાન છે. અને એ હોવા છતાંય મેં સમસ્ત જૈનસમાજના મુખે ખૂબ ચવાયેલા - આ પ્રકાશનને બહાર ન પાડવાનો આગ્રહ નથી રાખ્યો એનું કારણ આ છે :

"જો એ લેખમાળા પાછળના આશયમાં કોઈપણ પ્રકારની અશુદ્ધિ છે એમ આજે પણ મને માલૂમ પડ્યું હોત તો હું એ પ્રગટ કરવાની સાફ સાફ ના પાડી દેત. પણ એ લેખમાળા પાછળનો આશય અશુદ્ધ નહોતો, એમ ચોક્કસપણે આજેય ભાસે છે. એમ છતાં મંદિરમાર્ગી સમાજે જે ઊહાપોહ કર્યો હતો, તેય તદ્દન બિનપાયાદાર હતો એમ પણ મને નથી લાગતું. એ ઊહાપોહમાં આજે મને મારી જેટલી ભૂલ સમજાય છે અને તે ભૂલ થવામાં જે પ્રસંગો મારી સામે તે વખતે પ્રધાન ભાવે કારણભૂત હતા તે અહીં ટાંકું છું."

## શ્રીમાન હરિભદ્રસૂરિજી વિષે

શ્રીમાન અને બૌદ્ધ ભિક્ષુઓ વચ્ચે જે ગરમાગરમ ચર્ચાઓ થઈ અને એનું દુઃખદ પરિણામ બૌદ્ધ ભિક્ષુઓ પર*આવ્યું તે પ્રસંગ પરથી મારા મન પર એવી છાપ પડી કે :

---

* ઇતિહાસમાં તો ૧૪૪૪ બૌદ્ધ ભિક્ષુની હારને પરિણામે, એ કકડતા તેલના ગરમ કડાયામાં હોમાયાની અને ક્યાંક હોમવાની તૈયારીની વાત છે, પણ મેં જાણી જોઈને એ પર બહુ વજન નથી આપ્યું, પરંતુ એટલું તો તથ્ય છે જ કે, શ્રીમાન હરિભદ્રસૂરિજીની તે વખતની પરિસ્થિતિ સર્વધર્મસમભાવ પ્રત્યે સર્વાંગ સક્રિય નહિ હોય, નહિ તો ચર્ચાનું પરિણામ ઉભય પક્ષ માટે પ્રેમવર્ધક જ બનત.

(જુઓ : પં. બેચરદાસ કૃત 'જૈનદર્શન' પૃષ્ઠ ૨૯-૩૦)

*"એમનું આ આચરણ જૈનધર્મના મૂળ સિદ્ધાંતથી તદ્દન પ્રતિકૂળ હતું અને એમાં બહારની અસરોથી દીર્ઘકાળથી ચાલી આવેલી વટાળવૃત્તિના સંસ્કારો કારણભૂત છે."*

એ છાપ ઉપરથી એમનું ચિત્ર મેં એ દૃષ્ટિએ સાહિત્યકાર (સાહિત્ય ક્ષેત્રના જ્યોતિર્ધર) રૂપે દોર્યું. ભૂલના પશ્ચાત્તાપને પરિણામે એમના જીવનના સુધરેલા ઉત્તરાર્ધ પ્રત્યે તો મને સારું માન ત્યારે પણ હતું. 'पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु' એ ઉક્તિ મારી જાણ બહાર નહોતી, પણ સર્વ ધર્મ સમભાવના સક્રિય પ્રસંગો એમના જીવનમાં મને નહોતા મળ્યા એટલે ઉપરનો પ્રસંગ જ મોખરે રહેવાથી એમના જીવનનાં બીજાં સુંદર તત્ત્વો તે વખતે ઢંકાઈ જવા પામ્યાં હતાં.

## શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય વિષે

તલવારને ગોદે રાજ્યશ્રી જીતીને આવેલા સિદ્ધરાજ જયસિંહની વીરતાની તારીફ કરી સાધેલો શ્રીમદનો સિદ્ધરાજ સાથેનો સંબંધ અને રાજા ઇચ્છાને પારખી શ્રી સોમનાથજીના મંદિરમાં સોમનાથની સ્તુતિ* દ્વારા દાખવેલી કાર્યદક્ષતા. આ બે પ્રસંગો પરથી શ્રીમદ હેમચંદ્રાચાર્ય વિષે મારો એવો મત બંધાયેલો કે :

*"હેમચંદ્રાચાર્યની પ્રતિભા ગુજરાતના સુંદર દેહ પર ઝળકતી રહી છે. એમનાં શિષ્ટ સાહિત્યની ચમત્કારિક છટાએ દેશવિદેશના પ્રભાવસંપન્ન વિદ્વાનોને મુગ્ધ બનાવ્યા છે એ ખરું પણ એમનું મુખ્ય વલણ તો એજ હોવું જોઈએ કે, જૈન ધર્મનો પ્રચાર સંખ્યાબળ વધે તો જ થાય અને તેથી રાજ્યાશ્રયની અને રાજ રીઝવણીની તકો સાધી લેવી, જૈનોની ઘટતી વસતિ વધારવા માટે મૂર્તિપૂજાને વિધેય બનાવી અને કુમારપાળની સદ્‌ભાવનાનો લાભ લઈ જૈન મંદિરોને વેગ આપવો."*

જ્યારે મારી નમ્ર માન્યતા મુજબ મને એમજ લાગ્યા કરતું અને હજુ લાગે છે કે જૈનધર્મનો પ્રચાર કોઈ રાજ્યાશ્રય પર, સંખ્યાબળ પર કે સ્થૂળ

---

* "भवबीजाङ्कुरजनना रागाद्याम क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ।"

**ભાવાર્થ :** સંસારની પરંપરાને વધારનારા જેમના રાગ વગેરે દોષો ક્ષીણ થઈ ગયા છે એવા બ્રહ્મા હો, વિષ્ણુ હો, મહાદેવ હો કે જિન હો - ગમે તે હો તેમને નમસ્કાર થાઓ.

સાધન પર નહિ, પણ અહિંસાની તાત્ત્વિક શોધ ઉપર આધાર રાખે છે. આ માન્યતા આગળ, ઉપરના પ્રસંગો બરાબર વિરોધાત્મક લાગતા હોઈને એ દષ્ટિએ એમનું જીવનચિત્ર તે વખતે એ રીતે આલેખાયેલું હતું. અને એથી એમના જીવનની એક વિધેયાત્મક દિશા તે વેળાએ આ કારણે ગૌણ સ્વરૂપે રહી જવા પામી હતી.

## ધર્મપ્રાણ લોંકાશાહ વિષે

એને વિષે મારી માન્યતા એ બંધાઈ હતી અને આજે પણ છે કે એમનો એ આંતર ધ્વનિ હતો કે :

"જૈન ધર્મનો પ્રચાર, સંખ્યા વધારવાથી નહિ, પણ અંતરંગ શુદ્ધિથી થશે એટલે ઘરનો સડો દૂર કરવો. ઘર સુધર્યે જગત જરૂર સુધરશે. આ સિદ્ધાંતની વફાદારીથી એમની જીવનચર્યા રંગાયેલી છે."

## 'ધર્મપ્રાણ લોંકાશાહ'ની જીવનચર્યા માટેની ટૂંકી ઐતિહાસિક સામગ્રી

જ્યારે એ લેખમાળા લખતો હતો, ત્યારે અને પછી મને ધર્મપ્રાણ વિષે જે કંઈ ઐતિહાસિક સામગ્રી સાંપડી છે, તે બહુ ટૂંકી છે. કેટલીક બાબતોમાં જુદા જુદા સંગ્રહકારોનાં મન્તવ્યો વિષે મતભેદોય છે, પણ જે કંઈ સામગ્રી અસંદિગ્ધપણે બધાં મન્તવ્યો સાથે બંધબેસતી આવે છે તે આ છે :

(૧) *ધર્મપ્રાણને જૈનધર્મનો આત્મા દશ વૈકાલિકની પ્રથમ ગાથાને અનુશીલનમાંથી મળી આવ્યો, અને એમણે અહિંસાની પરાકાષ્ઠાએ પહોંચવા માટે વૃત્તિસંયમ તથા અંતરંગ તપ એ બે જ સાધનો જોયાં અને જીવનમાં એ અખતરો આદર્યો. ખરું સત્ય સૂઝ્યું અને સિદ્ધાંતોની વફાદારી સહેજે રગેરગે રેડાઈ ગઈ. વૃત્તિસંયમ વિના દાનની ભાવના સેવવી એ હળાહળ દંભ છે અને આસક્તિના વિજય વિના માત્ર નિરાહાર સેવવો કે પોપટિયા ઉચ્ચારનું પ્રાયશ્ચિત કરી નાખવું એ કંઈ પર્યાપ્ત નથી.

(૨) +ધર્મપ્રાણના સિદ્ધાંતો; લોકહૃદયમાં સ્પષ્ટપણે સંવત ૧૫૩૧માં સ્થાન પામ્યા.

---

* ટાળે પ્રતિમા નઈ માન, દયા દયા કરી ટાળેઈ દાન,
પોસહ પડિક્કમણું નવિ જાણે....

(જુઓ મોહનલાલ દલીચંદ દેસાઈ કૃત જૈન સાહિત્યનો ઇતિહાસ)

+ સંવત પંદરસો તીસઈ કાલે, પ્રગટ્યા વેશધાર સમકાલે.

(૩) લખમશીએ★ એ સિદ્ધાંતોના પ્રચારમાં અગત્યનો ભાગ ભજવ્યો અને (૪) ★★એમણે મૂર્તિમંત સિદ્ધાંતો દ્વારા જ લોકહૃદયને જીતી લીધું; ધનબળ, સત્તાબળ કે સંખ્યાબળથી નહિ !

બસ, આટલી સામગ્રીમાં આ આખી લેખમાળા પાછળનો મૌલિક આત્મા સમાઈ જાય છે.

આ તો થઈ તે વેળાએ લખાયેલી લેખમાળા વિષેની ચોખવટ, પણ આજે શું ?

## આજે શું ?

આજે પણ ધર્મપ્રાણ લોંકાશાહનું ચિત્ર મારી સામે એક ધર્મક્રાન્તિકાર તરીકે વધુ ઓજસ અને ઉલ્લાસ સહિત ચળકી રહ્યું છે, પરન્તુ આજે એની આત્મપ્રતિભા હું આલેખવા બેસું તો તે કાળ કરતાં સૌમ્યભાવ તરફ જ મારી કલમનું વલણ સહેજે ઢળે એવી પ્રતીતિ થાય છે. એજ રીતે શ્રીમાન હરિભદ્રસૂરિજી અને શ્રીમદ હેમચંદ્રાચાર્યજીની જીવનક્રિયાને એમની જીવનજ્યોતિ સાથે જોડું તો માત્ર જે એ વેળાએ ગૌણ રૂપે રહી જવા પામી તે વિધેયાત્મક દિશાને જ મુખ્ય સ્વરૂપ આપી આ રીતે જોડું કે –

(૧) શ્રીમાન હરિભદ્રસૂરિએ સર્વધર્મ સન્માનના ભવ્ય વિચારોનું દીવેલ આપ્યું.

(૨) શ્રીમદ હેમચંદ્રાચાર્યે ગુજરાતની સંસ્કારિતા રૂપ કાયાને સજીવન રાખવા માટે નિરામિષાહાર અને અમારિપટહ દ્વારા જીવદયાનું પીયૂષ પાઈ વાટ તૈયાર કરી આપી. અને એજ રીતે બીજા આચાર્યોએ જુદી જુદી દિશામાં જુદા જુદા પ્રયાસો કર્યા.

પરિણામાંતે ધર્મપ્રાણ લોંકાશાહે આત્મજ્યોત જગાડી અને એના મુકુટ પર ધર્મક્રાન્તિકારની યશઃકલગી ચડી.

એ એક નિર્વિવાદ સત્ય છે કે વિશ્વમાં પ્રતિક્ષણે ઉચ્ચ પ્રકારનાં સત્ત્વો દ્વારા જુદે જુદે રૂપે છૂપી રીતે કે જાહેર રીતે વિકાસપંથે જીવ સમૂહને દોરવાના

---

★લુંકઈ વાત પ્રકાશી ઈસી, તેહનું શીસ હુઉ લખમશી.

★★ડગમગી પડિયું સઘળું લોગ, પોસાલઈ આવઈ પણિફોક.

(આ બધી ચોપાઈઓ શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈકૃત 'જૈન સાહિત્યનો ઈતિહાસ'માંથી લીધી છે અને તે તેજ કાળના વિચારવિરોધી મુનિરાજોની રચિત છે.)

પ્રયાસો થયે જ જાય છે અને કોઈ એક મહાસત્ત્વને ફાળે એ બધી પ્રતિષ્ઠાનો ફાળો જાય છે; અન્યથા એકી સાથે એટલું ભગીરથ કાર્ય કરવાની એકલા માનવ પુરુષાર્થમાં શક્તિ ન હોઈ શકે. એ રીતે શ્રીમાન હરિભદ્રસૂરિ અને શ્રીમદ હેમચંદ્રાચાર્યની એક બાજુ - સર્વધર્મનો આત્મા સમભાવ છે, એવા વિચારો અને સ્થૂળ અહિંસાનો પ્રચાર-ધર્મપ્રાણને કામ લાગ્યાં. બીજી બાજુ (મૂર્તિપૂજાના વિધાનની બાજુ) – એમનાં કાર્યક્ષેત્ર માટે - મૌલિક જૈનત્વના વિકાસ માટે છેકજ નકામી અને ઊલટી દિશાપ્રેરક દેખાઈ, એટલે મૂર્તિપૂજાનો એમને સખ્ત વિરોધ જ કરવો પડ્યો. એમને મન સંખ્યાબળ કરતાં સિદ્ધાંતબળ ઊંચું હતું. જો કે મૂર્તિપૂજાનો વિરોધ 'મૂર્તિપૂજા એ જૈનધર્મનું અંગ નથી' એ રીતેજ એમણે કર્યો છે, એ વાત કોઈએ ભૂલવી જોઈતી નથી. એ સાદી વાત ભૂલી જવાય છે, ત્યાંજ ગૂંચવાડો ઊભો થાય છે.

## મારો નમ્ર મત

મૂર્તિપૂજાનો આર્ય સંસ્કૃતિના વિકાસમાં મુદલેય ફાળો નથી એવા એકાંતિક મત સાથે હું સંમત થઈ શકતો નથી.* પ્રથમ (નીતિ ઉપાસક-દેવોપાસક) કક્ષાના+ સાધકો સ્વયં પ્રેરાઈને જો એનો આધાર વિકાસ હેતુએ-મેલી ઇચ્છા જરાય રાખ્યા વિના- લે તો એને હું ક્ષમ્ય ગણું છું; પણ જૈન સાધકની ઉત્તમ કક્ષાને જે જન્મથી નહિ પરન્તુ વિકાસક્રમની યોજના પ્રમાણે પામ્યા છે એવા પુરુષોને માથે તે પરાણે લાદવી કે ઠોકી બેસાડવી એ કોઈ રીતે બરાબર નથી. પ્રથમ કક્ષાના સાધકો માટે પણ એ અનિવાર્ય સાધન છે, એમ હું માનતો નથી.

---

* એટલું ખરું છે કે ઐતિહાસિક દૃષ્ટિએ તપાસતાં એવી મૂર્તિપૂજા તો જ્યાં લગી વિવેક યુક્ત, ભાવના પ્રધાન અને વ્યક્તિગત મર્યાદામાં રહી છે ત્યાં લગી જ પથ્ય નીવડી છે અને આખરે ગુણપૂજા તરફ વાળી શકાઈ છે; પણ જ્યારથી સ્થૂળ પાષાણથી મૂર્તિ ઘડીને કે કોઈ ભયાનક કે ચમત્કારિક ચિત્ર ચીતરીને કે એવા જ કોઈ બીજા રૂપે ભૌતિક લાલસા પોષવા માટે અંધશ્રદ્ધાએ લોકોનો સમુદાય મૂર્તિને પૂજતો થયો છે અને પૂજી રહ્યો છે તે રીતે તો એણે લાભ કરતાં હાનિ જ વધુ પ્રમાણમાં વહોરી છે.

+ સમૌન એકાંતવાસના ચિંતનને પરિણામે વિશ્વવત્સલ સંઘની જે યોજના મેં કલ્પી છે, એમાં વિશ્વના સઘળા મતો, વાદો, પંથો અને દર્શનોનો નીચેની ત્રણ કક્ષામાં સમાવેશ કરવામાં આવ્યો છે :

પ્રથમ કક્ષા : નીતિઉપાસક - દેવોપાસક વર્ગ
બીજી કક્ષા : વેદોપાસક - જ્ઞાનોપાસક વર્ગ
ઉત્તમ કક્ષા : જિનોપાસક - યોગોપાસક વર્ગ

---

પણ આ લેખમાળામાં મૂર્તિપૂજાની ચર્ચા એ માત્ર ધર્મપ્રાણના જીવનના ત્રણ મુદ્દામાંનો હોઈનેજ કરવામાં આવી છે. એ ખુલાસો થયા પછી એટલો યથાર્થ ખ્યાલ રાખી હવે કોઈ પણ સંપ્રદાય વિતંડાવાદમાં ન ઊતરે એવી મારી સલાહ છે. કોઈ પણ સંપ્રદાયની રૂઢિચુસ્તતા સાથે મારો લગીરે સહકાર નથી, એ કહેવાની હવે ભાગ્યે જ જરૂર હોય !

સર્વત્ર શાન્તિ વિસ્તરો.
ૐ શાન્તિ

કમીંજલા - નળકાંઠા વિભાગ **'સંતબાલ'**
તા. ૧૬-૫-૩૯

વીતરાય છે. તેજ રીતે જો કે ધર્મપ્રાણ લોંકાશાહના જીવન સંબંધમાં સમાજમાં થોડોઘણો મતભેદ છે. કોઈ કહે છે કે તેમણે દીક્ષા લીધી હતી, અને તે માત્ર છ માસ જ પાળી હતી. આ સંબંધી અમારે શ્રી સંતબાળ સાથે ખૂબ ચર્ચા થઈ હતી. મેં જે જે મુદ્દાઓ તેમની આગળ ધર્યા તેનો તેમણે સપ્રમાણ જવાબ વાળેલો. કોઈ એવું પ્રમાણભૂત સાધન ન હતું કે જેથી લોંકાશાહની દીક્ષાને, તેઓ પ્રમાણભૂત માની શકે. તેમણે એમ પણ ઉમેર્યું કે વિરોધી પક્ષ ભલેને સ્થાનકવાસીઓને 'ગૃહસ્થના અનુયાયીઓ' ગણે તેથી બ્હીવાનું લેશ પણ કારણ નથી. આજે શ્રીમદ્ રાજચંદ્ર (જેઓ ગૃહસ્થ છતાં)નો અનુયાયી વર્ગ સારી સંખ્યામાં છે. આજે ગાંધીજી જેવી મહાન વિભૂતિના બોલને ઝીલનારા લાખો દેશસેવકો છે તેમ ધર્મપ્રાણ લોંકાશાહ ગૃહસ્થ છતાં 'ગૃહસ્થ છતાં પાળે સંન્યાસ'ના ન્યાયાનુસાર લાખો મનુષ્યોમાં અહિંસા અને ધર્મક્રાન્તિની પ્રબળ જ્યોત જન્માવી શક્યા હતા. આમ છતાં જો આ સંબંધીના મજબૂત કારણો વિદ્વાનો તરફથી રજૂ કરવામાં આવશે અને તેમને સંપૂર્ણ ખાતરી થશે તો તેઓ પોતાની માન્યતા જરૂર બદલશે એમ તેમણે જાહેર કર્યું છે.

આ લેખમાળાને પ્રસિદ્ધિ આપવામાં અમારો માત્ર એકજ હેતુ છે કે, જૈનધર્મમાં આજે અનેક તરેહની વિકૃતિ પ્રવેશી છે તેનો અભ્યાસ કરી જૈનો સન્માર્ગે વળે અને સાથે સાથે પોતાના એક મહાન જ્યોતિર્ધરના જીવનનો પરિચય પામી, તેનાં કાર્યોને જેબ આપે - તેણે દર્શાવેલા સિદ્ધાંતોને અનુસરે, એ જ માત્ર મહેચ્છા !

જ્યેષ્ઠ શુક્લાષ્ટમી : ૧૯૯૫

**અમદાવાદ**

**જીવણલાલ સંઘવી**

# ધર્મપ્રાણ લોંકાશાહ

## ૧ જૈન ધર્મક્રાન્તિના જ્યોતિર્ધરો

(મંદિરમાર્ગી સાધુમાર્ગી કે દિગંબર કોઈપણ લોંકાશાહના નામ માત્રથી ન ચમકે. આજે ભલે લોંકાશાહના અનુયાયીપણાનો સ્થાનકવાસી સમાજે કોંટ્રાક્ટ લઈ લીધો હોય, પરંતુ વાસ્તવિક રીતે જેમ સત્યનો કોંટ્રાક્ટ હોતો નથી તેમ સત્યના શોધક કે પ્રરૂપકનો પણ કોંટ્રાક્ટ હોઈ શકેજ નહિ. તેમ દ્વેષ પણ ઉપયુક્ત ન હોઈ શકે.

શ્રીમાન લોંકાશાહની સત્યાન્વેષકતા અને તેમની ધર્મપ્રાણશક્તિ માત્ર અમુક ધર્મના અનુયાયીઓનેજ નહિ બલ્કે જે કોઈ સત્યમાં માને છે, સત્ય પર પ્રતિષ્ઠિત થવા ચાહે છે અને સત્યને પચાવવા માગે છે; તે સૌને માટે એકસરખાં ઉપયોગી છે. અને તેથી જ એ મહાપુરુષના જીવનમાં વ્યાપક બની ગયેલાં ઉદારતા, નિરભીકતા, સહિષ્ણુતા ઈત્યાદિ સદ્ગુણો જે દ્વારા એ અદ્ભુત આત્માએ ધર્મક્ષેત્રમાં અપ્રતિમ ક્રાન્તિ મચાવી આખા ભારતવર્ષ ઉપર લોકકલ્યાણની દૃષ્ટિએ ઉપકાર કર્યો છે તેનું ઉદાત્ત જીવન યથાર્થરૂપે આલેખવાનું આ લેખમાળાનું ધ્યેય રાખવામાં આવ્યું છે. એ ક્રાન્તિના આંદોલનોએ અર્વાચીન યુગના કૈંક ક્રાન્તિકારો અને જ્યોતિર્ધરો પકાવ્યા છે, અને હજુ ભવિષ્યમાં ક્રાન્તિના નવસર્જનમાં એમની જીવનપ્રેરણા સહાયક નીવડશે, તેમાં લેશ માત્ર શંકા નથી, તેમ છતાં એ મહાન ક્રાન્તિકારના સ્પષ્ટ જીવન તરફ આજે જૈન ગણાતો વર્ગ તટસ્થતા કે ઉપેક્ષાબુદ્ધિ ધરાવી રહ્યો હોય એથી વિશેષ ખેદનું કારણ બીજું શું હોઈ શકે ? સંપ્રદાય, વાડા, ગચ્છ કે મતના કદાગ્રહની બદબોએ, ભગવાન મહાવીરના પરમ અનુયાયીની જીવનસુવાસને આપણી પાસે આવતા રોકી રાખી છે, આથી પાઠક બંધુઓને એજ અભ્યર્થના છે કે આ લેખમાળા વાંચતી વખતે તેઓ પોતાનાં સાંપ્રદાયિક ચશ્માંને ઉતારી મૂકે, અને એ પરમ સત્ય ઝીલવાને માટે પોતાના અંતઃકરણને વિશાળ બનાવે.)

ક્રાન્તિ એટલે પરિવર્તન. સંસાર એટલે પરિવર્તનનું આશ્રયસ્થાન. આથી ક્રાન્તિ એ અસ્વાભાવિક વસ્તુ નથી. પ્રતિક્ષણે અને પ્રતિક્ષેત્રમાં ક્રાન્તિનું ચક્ર સમયની સાથે સાથે જ ફર્યા કરે છે. કદી એ ચક્ર સીધુંયે ફરે છે અને કદી આડું ને ઊંધુંયે ફરે છે.

ક્રાન્તિના સીધા વેગને આપણે વિકાસ કહીશું. એ અધોગતિનો ઈતિહાસ કે વિકાસનો ઈતિહાસ વિશ્વની સાથે ને સાથે જ ચાલ્યો આવે છે. અને તે અર્વાચીન નહિ પણ અનાદિ છે. પણ જ્યારે એ ક્રાન્તિનું પ્રબળ મોજું આવે છે, અથવા ક્રાન્તિ જ્યારે સ્થૂળ સ્વરૂપ પકડે છે ત્યારેજ આપણે ક્રાન્તિના સ્વરૂપને સ્પષ્ટ નીહાળી શકીએ છીએ.

## ક્રાન્તિની વાસ્તવિકતા અને ઉપયોગિતા

જે ક્રાન્તિ પ્રાણીજીવનનાં ધ્યેયરૂપ રહેલાં શાન્તિ, સાચું સુખ કે આનંદને ઓળખાવવામાં સહાયક થાય છે તે ક્રાન્તિ સાચી ક્રાન્તિ કહેવાય છે અને સૌ કોઈને તેવી ક્રાન્તિ અભીષ્ટ છે.

આવી ક્રાન્તિના વિરલ પ્રસંગોમાં ભારતવર્ષનો બહુ જબ્બર ફાળો છે. આ ક્રાન્તિનું વાહન સંસ્કૃતિ હોવાથી બીજા શબ્દોમાં એ ક્રાન્તિને ધર્મ-સંસ્કરણ પણ કહી શકાય.

ધાર્મિક ક્રાન્તિની વિચારણાની આ પ્રમાણે ઉપયોગિતા સિદ્ધ થતાંની સાથે એ ક્રાન્તિના ઉત્પાદકનાં જીવનપ્રશ્નો ઉકેલવાની ઉપયોગિતા પણ સહજ રીતે સિદ્ધ થાય છે. જ્યાં સુધી એ ક્રાન્તિકારના સિદ્ધાંતોનું તાત્ત્વિક શોધન ન થાય ત્યાં સુધી માનવસમાજ એ ક્રાન્તિને ઝીલીયે ન શકે અને લાભ પણ ન લઈ શકે.

## ક્રાન્તિકાર અને ક્રાન્તિ

પ્રસ્તુત પ્રસંગે એક મહાન ક્રાન્તિકાર કે જેણે જૈન ધર્મનાં ઉદાર ઉદાર તત્ત્વો શોધી પ્રાચીન સુવર્ણને અર્વાચીન કસોટીએ ચડાવી આખાયે ભારતવર્ષમાં અપ્રતિમ અને વિલક્ષણ ક્રાન્તિ જન્માવી, ભારત અને ભારતની બહારના મધ્યમકાળ પછીના ક્રાન્તિકારોમાં ઉત્તમ સ્થાન મેળવ્યું છે, તેમનાથી થયેલ ક્રાન્તિ વિષયક ગૂઢ તત્ત્વો વિચારવાનું ધ્યેય રાખી આ લેખનો પ્રારંભ કરવા ધાર્યો છે.

વર્તમાન યુગ એ સ્પષ્ટ ક્રાન્તિનો યુગ છે. ધાર્મિક, રાષ્ટ્રીય અને સામાજિક એમ પ્રત્યેક ક્ષેત્રમાં ક્રાન્તિના અવનવા આદર્શો આજે ઘડાઈ રહ્યા છે. ઇતર દેશોમાં તો આ ક્રાન્તિએ ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં રચનાત્મક સ્વરૂપ પણ પકડ્યું છે. આજે ભારતવર્ષમાં પણ ક્રાન્તિના અખતરાઓ ચાલે છે તો તેવા પ્રસંગે એક ધર્મ-ક્રાન્તિકારનું જીવન-શોધન વિચારવું એ સાર્વદેશિક દૃષ્ટિએ પણ તેટલું જ ઉપયોગી અને આવશ્યક છે.

આટલું સમજી લીધા પછી એ ક્રાન્તિકારના સમયનું લોકમાનસ અને ક્રાન્તિનો પૂર્વ ઇતિહાસ પણ સંક્ષિપ્તરૂપમાં સૌથી પ્રથમ જાણી લેવો જરૂરી છે, કે જે દ્વારા ક્રાન્તિની આવશ્યકતા અને ક્રાન્તિકારના જીવનની શક્તિનો પણ સંપૂર્ણ ખ્યાલ આવી શકે.

જૈનધર્મ, બૌદ્ધધર્મ અને વેદધર્મ એ ત્રણે ધર્મો ધાર્મિક ક્રાન્તિના મુખ્ય સૂત્રધારો છે અને ભારતવર્ષની પ્રજાનાં સંસ્કૃતઘણતરોમાં તે સૌનો ફાળો છે.

ભારતવર્ષની પ્રાચીનતાથી માંડીને આજ સુધી પણ તેનું અસ્તિત્વ છે. **જ્યારે જ્યારે તેઓ નામભેદોથી લડ્યા છે ત્યારે ત્યારે તેમાં વિકૃતિ આવી છે અને તે વિકૃતિનાં ખોખાંને દૂર કરવા માટેજ ભિન્ન ભિન્ન ક્રાન્તિકારો જન્મ્યા છે, અને સાચા ધર્મનું વાસ્તવિક રહસ્ય સમજાવી પ્રજાજનોને કલ્યાણનો રાજમાર્ગ સમજાવવા ખાતર તેમણે ખૂબ ફાળો આપ્યો છે.** પછી તે જૈનધર્મનો ક્રાન્તિવાદ હો, વેદધર્મનો હો કે બૌદ્ધધર્મનો હો; સૌ કોઈનો અલ્પ પ્રમાણમાં કે બહુ પ્રમાણમાં ફાળો તો અવશ્ય છે જ. પ્રસ્તુત ક્રાન્તિકાર જૈનધર્મના હોવાથી પ્રથમ જૈનધર્મની સ્થિતિનું નિરીક્ષણ કરીએ.

## જૈનધર્મના ક્રાન્તિકાર

શ્રમણ ભગવાન મહાવીર પછીના જૈન, બૌદ્ધ, બ્રાહ્મણ ક્રાન્તિકારો પૈકી જો કોઈનું કાર્ય અદ્ભુત અને અનુકરણીય હોય તો એ આખાયે ઈતિહાસમાં આ એકજ માત્ર પ્રસ્તુત પાત્ર સાંપડે છે. પ્રસ્તુત ક્રાન્તિકારનું નામ **ધર્મપ્રાણ લોંકાશાહ** - તેઓ જૈન કોમમાં જન્મેલા અને જૈન સમાજના વર્ષોથી ચાલી આવેલા રૂઢ માનસ વચ્ચે ઉછરેલા છતાં તેણે પરંપરા અને રૂઢિથી નહિ પરંતુ વાસ્તવિકતાથી જૈનત્વને પચાવ્યું અને વિકસાવ્યું.

## જૈનધર્મનું ચિત્ર

જૈનધર્મના અંતિમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યાંને બરાબર બે હજાર વર્ષ વીતી ગયાં. ભગવાન મહાવીરના ક્રાન્તિકાળ પછી એ વચ્ચેના ગાળામાં ક્રાન્તિનાં અનેક મોજાંઓ આવી ગયાં અને વિલય પણ પામી ગયાં. એ બધામાં ભરતી આવી અને ઓટ પણ થઈ.

## જૈનધર્મ અને ક્રાન્તિ

(૧) સૌથી પ્રથમ ભદ્રબાહુ સ્વામીના સમયની ક્રાન્તિ. ભગવાન મહાવીર પછીનો આ પહેલા સૈકા પછીનો જ કાળ. તે સમયે જંબૂસ્વામીના નિર્વાણ પછી પડેલ મહા દુષ્કાળ પછી જૈન શ્રમણવરોનું લુપ્ત થયેલ જ્ઞાનનું પુનર્જીવન કરવા સારુ પટણામાં થયેલું સંઘમિલન ભગવાન મહાવીર પછી તો આ પહેલવહેલું જ હતું.

(૨) ત્યારબાદ વીર નિર્વાણ પછી પાંચમા અને છઠ્ઠા સૈકાની વચ્ચે મથુરામાં શાસ્ત્રોદ્ધાર થયો. શ્રી સ્કંદિલાચાર્ય અને શ્રી વજ્રસ્વામીની નિકટના સમયમાં ફરી દુષ્કાળ પડવાથી શ્રમણસંઘની જ્ઞાનની થયેલી દુર્દશા સુધારવા માટેનો આ

સુયોગ આગમોદ્ધારક ક્રાન્તિનો બીજો અવસર.

વીરસંવત ૯૮૦ માં દેવર્ધિ ક્ષમાશ્રમણનાં નેતૃત્વ નીચે શ્રમણવરોનું સંમેલન વલ્લભીપુરમાં મળ્યું એ ક્રાન્તિનું ત્રીજું મોજું. આ પણ મહા દુષ્કાળો પછીની સંઘની નવરચનાનો જ ક્રાન્તિકાળ હતો. શાસ્ત્રની મુખપાઠી લુપ્ત થયેલી પ્રવૃત્તિના ઉદ્ધારનો આ પરિપાક વસંત ઋતુના ફાલ સમો આજે પણ ઇતિહાસમાં નવ પલ્લવિત મહેકી રહ્યો છે.

આ તો થઈ સંઘની દૃષ્ટિએ ક્રાન્તિની વિચારણા. હવે વ્યક્તિગત દૃષ્ટિએ વિચારીયે.

## સાહિત્યસર્જન અને જ્યોતિર્ધરો

શાસ્ત્રોદ્ધારના કાળ પછી **હવે વર્ણવાતો આખો ક્રાન્તિનો કાળ માત્ર સાહિત્યબગીચાના વિકાસનો જ ફાલ છે.** અને તે કીર્તિનો કળશ ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુઓથી વિકસાવેલા સાહિત્યસર્જનના ભિન્ન ભિન્ન સ્રષ્ટાઓને ફાળે સહજ રીતે વ્યક્તિગત વહેંચાઈ જાય છે.

આ આખોયે મધ્યયુગ આખાયે ભારતવર્ષનો વિદ્યાયુગ હતો. ભારતવર્ષના એ ત્રણે પ્રાચીન ધર્મોનાં આ યુગમાં સાહિત્યક્ષેત્રો ખૂબ ખેડાયાં અને વિકસ્યાં. આ ક્રાન્તિ માત્ર સાહિત્યવિષયક હોવાથી તે ક્રાન્તિને આપણે જ્યોતિ તરીકે સ્થાન આપીશું તો તે વધારે સુઘટિત અને ઉચિત પણ ગણાશે.

## પહેલા જ્યોતિર્ધર

જૈન સાહિત્યના પ્રથમ જ્યોતિર્ધર તત્ત્વાર્થસૂત્રના પ્રણેતા શ્રી ઉમાસ્વાતિવાચક ઉચ્ચ નાગરી શાખામાં વીર સંવત ૫૪૭ વિક્રમ સંવત ૭૭માં થયા.*

---

* જો કે એમનો ચોક્કસ કાલનિર્ણય થઈ શક્યો નથી. પરંતુ તેમના તત્ત્વાર્થસૂત્ર નામના ગ્રંથથી આ કાલનિર્ણય વધુ સુમેળ ખાય છે.

તત્ત્વાર્થસૂત્રનું વાંચન કરતાં તેઓ પોતે દિગંબર આચાર્ય હતા કે શ્વેતાંબર તે કશું નિશ્ચિત થઈ શકતું નથી. કારણ કે તે ગ્રંથમાં એ બન્ને શાખાઓના સિદ્ધાંતોનો સમન્વય કરનાર સર્જન સાંપડે છે. બન્ને સંપ્રદાયોની માન્યતાને તત્ત્વાર્થસૂત્રમાં અવકાશ અપાયો છે. અને આથીજ તેઓ દિગંબર સંપ્રદાયી હતા કે શ્વેતાંબર તે સંબંધમાં વિદ્વાનોનો ખૂબ મતભેદ છે.

આ જોતાં એ મુનિજીના સમયમાં જૈન શાસનના અવિભક્ત સંઘમાં સિદ્ધાંતવિષયક મતભેદ તો કદાચ હશે, પરંતુ સ્પષ્ટ રીતે તેની બે શાખાઓ તે વખતે ભિન્ન ભિન્ન વિભક્ત નહિ થઈ ગઈ હોય.

ઉપલબ્ધ ઇતિહાસ પ્રમાણે વીર સંવત ૬૦૯માં જ દિગંબર અને શ્વેતાંબરના સ્પષ્ટ ભેદો પડ્યા. એ ઉલ્લેખ મળે છે તે અપેક્ષાએ તેઓનો કાળ વીર સંવત ૫૪૭ હોય તે વધુ સુસંગત લાગે છે.

જૈન વાઙ્મયમાં સંસ્કૃત સાહિત્યનું પ્રથમ સર્જન અહીંથીજ શરૂ થયું હોય તેમ જણાય છે. જૈન દર્શનમાં આજે વેદસાહિત્યની હરોળમાં અને અમુક વિષયોમાં તેથીયે આગળ વધેલું જો વિવિધ ભાષાનું સાહિત્ય ઉપલબ્ધ થયું હોય તો તે બીજ વાવનાર આ પુરુષજ આદિપ્રણેતા તરીકે ગણાવી શકાય. જૈનદર્શન તેમને જેટલું અભિનંદન આપે તેટલું ઓછુંજ છે.

તેમના સ્વયંરચિત ગ્રંથોની સંખ્યા લગભગ ૫૦૦ની ગણાય છે. તત્ત્વાર્થસૂત્રના નિરીક્ષણથી તેમની કૃતિઓ કેટલી સફળ છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે. સંસ્કૃત ભાષા પરનો અસાધારણ કાબૂ, સંક્ષિપ્ત છતાં સ્પષ્ટ શૈલીમાં નિરૂપણ અને વિષયનું પ્રતિપાદન તેમની વિદ્વતા, મંથન અને શ્રુતભક્તિનો સાક્ષાત્કાર કરાવે છે.

## બીજા જ્યોતિર્ધર

વિદ્યાવંતા જ્યોતિર્ધરોમાં બીજું સ્થાન શ્રી સિદ્ધસેન દિવાકરનું આવે છે. सम्मतितर्क અને न्यायावतार ના મૂળ કર્તા શ્રીમાન પોતે જ હતા. તેમનો સમય વીર સંવતનો છઠ્ઠો સૈકો અને વિક્રમના બીજા સૈકાનો પ્રારંભકાળ ગણાય છે.

જૈનદર્શન સાહિત્યમાં તર્કો અને ન્યાય શૈલીને જન્મ આપનાર ધુરંધર વિદ્વાનોમાં સૌથી પ્રથમ સ્થાન શ્રી સિદ્ધસેન દિવાકરનું છે. તાર્કિક સાહિત્યનો વિકાસ અહીંથીજ શરૂ થયો છે. તેઓ માત્ર શુષ્ક તાર્કિક જ ન હતા બલ્કે કાલીદાસ જેવા એક મહાકવિ અને સાથે સાથે સુધારાના હિમાયતી પણ હતા તે તેમના સાહિત્ય અમ્ભોનિધિમાં તરી રહેલી ભાવના પરથી સ્પષ્ટ દેખાઈ આવે છે.

## તાર્કિક સાહિત્ય - અને દર્શનો

દર્શન સાહિત્યમાં તર્કનું સ્થાન નૈયાયિક નામના દર્શનની પછીથીજ પ્રાદુર્ભાવ પામે છે તે નૈયાયિક દર્શનના પ્રણેતા મહર્ષિ ગૌતમ મુનિ.

સાંખ્ય, યોગ, નૈયાયિક, વૈશેષિક, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા ઇત્યાદિ દર્શનનો ઉત્પત્તિકાળ વિક્રમના પ્રથમ અને બીજા સૈકા પછીજ થયો હોય તેમ અનુમાન થાય છે. મીમાંસક દર્શનના સંસ્કર્તા કુમારિલ ભટ્ટ તો સનેની આઠમી સદીના પૂર્વાર્ધમાં જ ઉત્પન્ન થયા છે. એટલે કે બીજા દર્શનો કરતાં બહુ જ અર્વાચીન છે. દર્શનકાળ પહેલાં પ્રાચીન ત્રણ ધર્મો પૈકીના હિંદુધર્મમાં ભિન્ન

ભિન્ન મતવાદીઓ હશે ખરા કારણ કે મજ્ઝિમનિકાયમાં ભગવાન બુદ્ધના જીવનકાળમાં તે મત સંસ્થાપકોના પ્રકુદ્ધ, કાત્યાયન, સંજય, વેલટ્ટીપુત્ત, અજિત, કેશકંબલી વગેરે નામો મળી આવે છે. પરંતુ દર્શનોનો ઉલ્લેખ નથી. આ પરથી દર્શનોની ઉત્પત્તિ પણ આ સાહિત્યવાદના મધ્યમ યુગના પ્રારંભમાં જ થઈ હોય તેમ સિદ્ધ થાય છે.

## ત્રીજા જ્યોતિર્ધર

સાહિત્ય જ્યોતિર્ધરોમાં ત્રીજું સ્થાન શ્રી હરિભદ્રસૂરીશ્વરનું આવે છે. હરિભદ્ર નામના આચાર્યો તો ઘણા થયા છે પરંતુ પ્રસ્તુત આચાર્ય ગુણ પરિમાણ અને સમય પરિમાણમાં સૌથી પહેલા છે. તેમના સાહિત્યની જ્યોતિમાં ક્રાન્તિની ચમત્કારિકતા નજરે પડે છે. પરંતુ તેમ છતાં કોણ જાણે શાથી તેઓ એક મહાન શક્તિશાળી હોવા છતાં પોતાના દીર્ઘ જીવનકાળમાં પણ ક્રાન્તિને માત્ર તેના સાહિત્યક્ષેત્રમાંજ વિકસિત કરી છે.

તેઓ વીર સંવત ૧૨૨૭ થી ૧૨૯૭ અને વિક્રમ સંવત ૭૫૭ થી ૮૨૭★ માં થયા હતા. તેઓશ્રીએ નાના મોટા ૧૪૪૪ ગ્રંથો રચ્યા હતા તેવી

---

★ હરિભદ્રસૂરિના કાલનિર્ણયમાં પણ વિદ્વાનોનો મતભેદ છે. શ્વેતાંબર મુનિવરોની પટ્ટાવલિ પ્રમાણે આ આચાર્યનો સમય વિ.સં. ૫૮૫ એટલે કે મહાવીરના અગિયારમા સૈકાનો છે. આ કાલનિર્ણયનું પ્રમાણ પ્રદ્યુમન સૂરિએ પોતાના વિચારસાર પ્રકરણમાં આપેલા આ શ્લોકથી સિદ્ધ કરવામાં આવ્યું છે.

पंचसए । पणती (सी) ए
विक्कम । भूया (वा) । उ (झ) त्ति अत्थमिओ ।
हरिभद्रसूरि । सूरे
धम्मरओ । देउ । मुक्खपहं ॥

અર્થાત્ "વિક્રમ સંવત ૫૮૫માં આથમેલા (દેવગત થયેલા) ધર્મરત એવા શ્રી હરિભદ્ર રૂપ સૂર્ય (ભવ્યોને) મોક્ષ પંથને આપો."

આ ઐતિહાસિક ઉલ્લેખ પટ્ટાવલિઓમાં ઘણે સ્થળે હોવા છતાં તેમનાં સાહિત્ય, પરિસ્થિતિ અને સંયોગો પરથી આ કાલ નિર્ણય ભ્રાન્ત માલૂમ પડે છે અને તે ભૂલને જૈન સાહિત્ય સંશોધકના પ્રથમ અંકમાં જ 'हरिभद्रसूरिका कालनिर्णय' એ નામના લેખાંકમાં પંડિતશ્રી જિનવિજયજીએ પ્રમાણપુરઃસર સાબીત કરી છે.

ઈતિહાસકારો જાણે છે કે ભગવાન મહાવીરના નિર્વાણનો તેરમો સૈકો જૈનાચાર, જૈનતત્ત્વજ્ઞાન અને જૈન સમાજને માટે કલિકાળ સમો ભયંકર અને તમસ્પૂર્ણ હતો.

જૈન પરંપરામાં કહેવત પ્રચલિત છે. તેટલી મોટી ગ્રંથસંખ્યા તદ્દરચિત હશે કે કેમ તે ભલે શંકાસ્પદ હોય, પરંતુ એટલું તો ચોક્કસ છે કે તેઓ તે કાળના એક મહાન ગ્રંથકાર હતા, અને તેમની સ્વકીય કૃતિના ૭૩ ગ્રંથો તો ખાસ નામાંકિત રીતે પ્રત્યક્ષ અસ્તિત્વ ધરાવે છે. તેમની કૃતિમાં ન્યાય, યોગ, સાહિત્ય ઇત્યાદિ અનેક વિષયોનો સમાવેશ થાય છે. સાહિત્યવિષયક કોઈપણ વિષય એવો રહેતો નથી કે જે એમણે ન છેડ્યો હોય.

આગમો પરની ટીકાનો પ્રારંભ તેમનાજ શુભ હસ્તથી થયો હતો તેથી તે શ્રુતભક્તિનો પ્રથમ યશ પણ તેમને જ ફાળે જાય છે.

## વિશિષ્ટતા

તેમના સાહિત્યસર્જનમાં માત્ર પાંડિત્ય જ નહિ બલ્કે હૃદયનું ઔદાર્ય પણ પદે પદે સાંપડે છે. આ ઉદારતા એ તેમના જીવનની અપ્રતિમ વિશેષતા બતાવે છે. તેમનો આ ગુણ આખાયે જૈન સાહિત્ય-સંસ્કર્તાઓમાં અદ્વિતીય સ્થાન લઈ લે છે. ભગવાન મહાવીરના આગમોમાં રહેલા ઉદાર અને અનુત્તર સાપેક્ષાવાદના સિદ્ધાંતને સર્વદર્શન સમન્વયના પ્રગટ સ્વરૂપમાં મૂકી શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરે ખરેખર જૈન શાસનની અપૂર્વ સેવા બજાવી છે. તે દષ્ટિબિન્દુએ તે મહાત્માને કોટિશઃ ધન્યવાદ દાખવવા માટે તેમનો ગ્રંથજ સ્વતઃ પ્રમાણભૂત થશે તેમ ધારીને અહીં માત્ર એકજ પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે.

## વિચારોનું ઔદાર્ય

**चित्रा तु देशनैतेषां स्याद् विनेयानुगुण्यतः ।**
**यस्मादेते महात्मानो भवव्याधिभिषग्वराः ॥**
**एतेषां सर्वज्ञानाम् कपिलसुगतादीनाम् ॥**

(તમે જે અહીં મહાત્મા કપિલ (સાંખ્ય), મહાત્મા બુદ્ધ (બૌદ્ધ), મહાત્મા મહાવીર, મહાત્મા કણાદ (વૈશેષિક), મહાત્મા ગૌતમ (નૈયાયિક) કે મહાત્મા કૃષ્ણચંદ્ર (હિન્દુ)ના નામની ખાતર અને તેમના વચનના સમર્થન માટે લડવા ભેગા થયા છો તે તમારો વ્યામોહ છે.) તેઓએ જે 'આત્મા નિત્ય' છે, 'આત્મા અનિત્ય' છે, 'પરમેશ્વર કર્તાહર્તા' છે, એ પ્રકારની જુદી જુદી દેશનાઓ આપેલી છે તે બધી તે તે વિનયો (શિષ્યો)ની અનુકૂળતા તરફ લક્ષ્ય રાખીને આપેલી છે.

કારણ કે એ પુરુષો મહાત્માઓ-સર્વજ્ઞો હતા અને સંસારરૂપ વ્યાધિને નાબૂદ કરવા માટે ઉત્તમ વૈદ્ય સમાન હતા.

(યોગદષ્ટિસમુચ્ચય)

આ પરથી તેમના વિચારોમાં કેટલું વિશાળ ઔદાર્ય છે કે જે બીજા આચાર્યોમાં યદ્યપિ ભાગ્યેજ મળી આવશે તેનું માપ આવી રહે છે. આ ઉપરાંત તેમના માનસમાં ક્રાન્તિનો એક ફણગો - કે જેને પ્રસ્તુત ચરિત્રનાયક શ્રીમાન લોંકાશાહજ વિકસાવી શક્યા, વિસ્તારી શક્યા અને ભગવાન મહાવીર પછી ધાર્મિક ક્રાન્તિના ઉત્તરાધિકારી તરીકે જગમાં પ્રસિદ્ધ થયા - અવ્યક્ત રીતે ઊગી રહ્યો હતો તે ઉલ્લેખ પણ પ્રસ્તુત સ્થળે વિસાર્યા જેવો નથી ! તેનું અવતરણ આ પ્રમાણે છે.

## ચૈત્યવાસ અને ધર્મશૈથિલ્ય પર તેમનો પ્રબળ રોષ

"આ લોકો ચૈત્યમાં અને મઠમાં રહે છે. પૂજા કરવાનો આરંભ કરે છે, ફળફૂલ અને સચિત્ત પાણીનો ઉપયોગ કરાવે છે, જિનમંદિર અને શાળા ચણાવે છે, પોતાની જાત માટે દેવદ્રવ્યનો ઉપયોગ કરે છે, તીર્થના પંડ્યા લોકોની માફક અધર્મથી ધનનો સંચય કરે છે, પોતાના ભક્તો પર ભભૂતિ પણ નાખે છે, સુવિહિત સાધુઓ પાસે પોતાના ભક્તોને જવા દેતા નથી. (તેમ કરવાથી તેમની પોલ ખુલ્લી થાય છે.)

ગુરુઓના દાહસ્થળો પર પીઠો ચણાવે છે. શાસનની પ્રભાવનાને નામે લડાલડી કરે છે, દોરાધાગા કરે છે, અને આ તીર્થંકરનો વેશ પહેરે છે માટે વંદનીય છે." તેની ટીકામાં તેઓશ્રી કહે છે કે 'એ વાત ધિક્કારને પાત્ર છે. આ શિરશૂળની વાતનો પોકાર કોની પાસે કરીએ ?"*

સંબોધપ્રકરણ કે જે તેમની પોતાની કૃતિ છે, તેમાંનાં વાક્યો આપણે ઉપર જોઈ ગયા, અને તે પરથી એ સ્પષ્ટ થયું કે તેઓ મૂર્તિવાદની વિકૃતિના પ્રબળ વિરોધક હતા. તે વખતના સાધુઓનું શૈથિલ્ય તેમના અંતઃકરણમાં ડંખતું હતું.

એક બાજુ ઈતર દર્શનો પ્રત્યેનું આટલું વિચાર ઔદાર્ય અને બીજી બાજુ ચૈત્યવાદને નામે વ્યાપી રહેલી ધર્માન્ધતા; અને ભગવાન મહાવીરનાં અહિંસા,

* **સંબોધ પ્રકરણમાં** બહુ લાંબો ઉલ્લેખ છે. તેમાંનાં થોડાં વાક્યોનો ગુજરાતી અનુવાદ અહીં લીધો છે.

સંયમ અને તપ એ ત્રણ તત્ત્વો પર પ્રતિષ્ઠિત થયેલા લોકકલ્યાણકારી ધર્મના સંચાલક નિર્ગ્રંથોની શિથિલતા પ્રત્યેનો રોષ એ બન્ને વૃત્તિઓ હોવા છતાં સમાજમાં તેઓ કશું પરિવર્તન કરી શક્યા નથી. તેમનો રોષ માત્ર તેમના શબ્દદેહમાં જ સમાપ્ત થાય છે. રચનાત્મક પ્રયાસ તેમણે કર્યો હોય તેવો ઉલ્લેખ નથી. આ વસ્તુ તેમના જીવનશોધનમાં ખૂબ જ વિચારણા માગે છે.

## સુધારક અને સાહિત્યકાર

**સમાજ સામે સુધારક કહેવડાવવું તેમાં માત્ર બુદ્ધિચાતુર્ય સિવાય બીજી કશી આવશ્યકતા નથી. પરંતુ સુધારક તરીકે વર્તવામાં તો બુદ્ધિચાતુર્ય કરતાં સુધારકની નૈતિક હિંમત અને મનોબળની અતિ અતિ તીવ્ર કસોટી થાય છે.** સમાજની રૂઢિઓ નાબૂદ કરવામાં સમાજની સામે થવું પડે છે. તેની સામે થવામાં જેટલા સામર્થ્યની અપેક્ષા છે તેટલી જ સહનશીલતાની પણ આવશ્યકતા છે. પોતાના માનવંતા સ્થાનને ગુમાવવું, સમાજનો તિરસ્કાર સહન કરવો, હજારો વિરોધકોની સામે શાન્ત અને સ્થિર પ્રગતિ કરી સત્યને જાળવવું એ કાર્ય કરવામાં અસાધારણ વ્યક્તિત્વ જોઈએ છે. સત્યની લગની, સત્ય ખાતર બલિદાન એ બધું તો કોઈ ક્રાંતિકારનું માનસ જ કરી શકે. ક્રાન્તિકાર સુધારક અને સાહિત્યકારના કાર્યક્ષેત્રનું મહાન તારતમ્ય વિચારવા જેવું છે.

એવા ક્રાન્તિકારને ભવિષ્યમાં ઉત્પન્ન કરવા માટે જ શ્રી હરિભદ્રસૂરિજીનું સમાજ સામે મૌન—આંખ મીચામણાં કાં ન હોય ?

## ક્રાન્તિવિકાસનાં બાધક કારણો

સમાજ સામે દેખાતું બંડ કરવામાં તેમની સૂરીસમ્રાટની પદવી ચાલી જતી હોય, અથવા ચૈત્યવાદના આજુબાજુના વાતાવરણ (વેદધર્મ અને બૌદ્ધ ધર્મ)માં વ્યાપી રહેલી વહેમી રૂઢિઓથી દબાયેલા જૈનધર્માનુયાયીની રૂઢ શિથિલતા દૂર કરવા માટે તેમની એકની શક્તિ અપર્યાપ્ત હોય, કાળબળ અપેક્ષિત હોય વગેરે વગેરે કૈંક કારણો હોઈ શકે.

પરંતુ એવા સમર્થ આચાર્યની શક્તિ આગળ શંકા લાવવી તે પણ તેમના સામર્થ્યની અનભિજ્ઞતા બતાવવાના સાહસ જેવું છે. એટલે ભવિષ્યમાં જૈન ધર્મનો કોઈ ક્રાન્તિકાર માર્ટિન લ્યુથર જન્મે અને ક્રાન્તિનો યશ તેમને ફાળે જાય

તેમ ધારીને જ તેમણે મૌન સેવ્યું હોય એમજ કલ્પના કરી આશ્વાસન લઈ લેવું એ વધારે ઉચિત લાગે છે.

## ચોથા જ્યોતિર્ધર

સાહિત્ય જ્યોતિર્ધરોમાં ચોથું સ્થાન શ્રીમાન હેમચંદ્રાચાર્યનું આવે છે. તેઓ વિક્રમ સંવત ૧૧૪૫માં જન્મેલા, અને ૧૧૫૦માં તેમને દેવચંદ્રજી નામના જૈન સાધુ પાસે તેમની ધર્મપ્રેમી માતાએ સોંપી દીધા. તેમનું મૂળ નામ ચાંગદેવ હતું. તેમના ગુરુ દેવચંદ્રમુનિ લક્ષણશાસ્ત્રના વિશિષ્ટ અભ્યાસી હોઈ તેમણે આવા નાના બાળકને પોતાના પાસે રાખી તાત્કાલિક જ તેમને દીક્ષા આપી દીધેલી લાગે છે.*

એ હેમચંદ્રાચાર્ય જાતિના વણિક હોવા છતાં સરસ્વતીની ઉપાસનામાં તે બ્રાહ્મણ હતા. તેમણે વય વધતાંની સાથે જ્ઞાન વૃદ્ધિને પણ ખૂબ વિકસાવી હતી.

કુમારપાળ ચરિત્ર, શ્રી મહાવીરચરિત્ર, દ્વયાશ્રયકાવ્ય, સિદ્ધહેમ વ્યાકરણ, અધ્યાત્મઉપનિષદ્, યોગશાસ્ત્ર, અલંકાર ચૂડામણિ, છંદોનુશાસન, ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર અને એવા અનેક ગ્રંથોમાં વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોષ, ચારિત્ર, યોગ, સાહિત્ય, છંદ એમાંનો કોઈપણ વિષય તેમના સાહિત્યમાં ન છેડાયો હોય તેવું દેખાતું નથી. આ પરથી એમના પ્રગાઢ પાંડિત્યનો પરિચય થાય છે; અને સાથે સાથે તેમના જીવનમાં પાંડિત્ય ઉપરાંત તેમની કાર્યદક્ષતા પણ સાર્વત્રિક રીતે દૃષ્ટિગોચર થયા વિના રહેતી નથી.

પાંડિત્યને લીધેજ તેઓ રાજસભામાં પ્રવેશ્યા; અને કાર્યદક્ષતાને લીધે ટક્યા અને આગળ વધ્યા. સિદ્ધરાજ જયસિંહે પાંડિત્યને નાતે તેમને રાજપંડિત અને એવી એવી અનેક પદવીઓથી નવાજ્યા અને કુમારપાળે પોતાના વખતમાં પોતાના હિતનિમિત્ત ગણી તેમને પૂજ્યપાત્ર બનાવ્યા.

રાજસભા પ્રવેશ પછી તેમણે જૈન શાસનનો પ્રભાવ ફેલાવ્યો છે. કૈંક મૂક પશુઓને બલિદાનોથી છોડાવી અભય કર્યાં છે, નિર્વારિસનું ધન રાજ્યે ન ઝુંટવવું,

* બાળદીક્ષાના હિમાયતી સાધુઓની બત્રીસીમાં આ ઉદાહરણ વારંવાર નીકળે છે. પણ સાથે સાથે તેઓ તે બાળકની યોગ્યતા, તેમના ગુરુનું વિશિષ્ટ જ્ઞાન, તે સમય અને પરિસ્થિતિનો ખ્યાલ તો બાજુએ જ મૂકી દે છે. તેમણે હેમચંદ્રાચાર્યના જીવનની બીજી અનેક બાબતો જોવાનું જતું ન કરવું જોઈએ.

અતિ કરવેરા ન રાખવા, પ્રજાવર્ગમાં દારૂની બદિ અટકાવવી, જુગારનાં વ્યસન પર રાજ્યનો કાબૂ રખાવવો વગેરે વગેરે લોકહિતનાં કાર્યો પણ રાજાઓ પાસે કરાવ્યાં છે.

કૈંક મંદિરોની જીર્ણોદ્ધાર અને સ્થાપનાઓ કરી છે, (કહેવાય છે કે મંદિરોની સંખ્યા ૧૪૪૦ની છે) અને એક જૈનાચાર્ય તરીકે સમર્થ રાજવીઓ પાસે માન મેળવી જૈનશાસનને દીપાવ્યું છે.

શ્રી હેમચંદ્રાચાર્ય આ રીતે એક મહા પંડિત, ગ્રંથકાર અને કાર્યદક્ષ તરીકે તે કાળના મહાપુરુષોમાં અગ્રસ્થાન ધરાવે છે. પણ એમની જીવનસમીક્ષાથી એમ દેખાય છે કે એમના જીવનમાં સુધારક શક્તિ કરતાં જ્ઞાન શક્તિએ જ વિશેષ કાર્ય કર્યું છે. તેથી તેમને ક્રાન્તિકાર ન કહી શકાય. પરંતુ એ વસ્તુ નિઃસંશય છે કે તેઓ એક સાહિત્ય ક્ષેત્રના સમર્થ જ્યોતિર્ધર હતા.

## કાર્યસમીક્ષા

જનહિતાર્થે તેમણે જે તે કાર્ય કર્યાં તે વિષે અહીં કશું કહેવાનું નથી પરંતુ રાજ્યાશ્રય લઈ તેમણે ૧૪૪૦ દેવળ બંધાવ્યાં એ ખરેખર ચૈત્યવાદની વિકૃતિના વેગને હટાડવાને બદલે વધારવાનું કાર્ય છે, અને તે કાર્ય ખટકે તેવું છે.

ભગવાન મહાવીર પછી જૈનધર્મમાં ચૈત્યવાદ બુદ્ધના ચૈત્યવાદ પછી શરૂ થયો છે, (તેનાં પ્રમાણો આગળ ટાંક્યાં છે.) અને શરૂ થયેલો તે ચૈત્યવાદ ધીમે ધીમે વિકૃત થતો જાય છે. અને શ્રી હરિભદ્રસૂરીશ્વરના સમયમાં તે વિકારે સાધુઓના શૈથિલ્યવર્ધનમાં પણ ફાળો આપ્યો છે એમ તેમના શબ્દોથી સ્પષ્ટ થઈ રહે છે.

છતાંય શ્રી હરિભદ્રસૂરિજી જેવા આચાર્ય ચૈત્યવાદમાં પ્રબળ રોષ દાખવે છે તે જ વસ્તુનું, રાજ્યાશ્રય લઈ, શ્રી હેમચંદ્રાચાર્ય જેવા મહાન આચાર્ય સમર્થન કરે છે. તેના શબ્દ-કોષમાં પણ ચૈત્યનો जिनौकः-जिनबिम्बः એટલે કે જિનગૃહ અને જિનબિમ્બ એવો રૂઢ અર્થ નજરે પડે છે.

આવી રીતે નવમા સૈકામાં વિકૃત થએલો ચૈત્યવાદ શ્રી હેમચંદ્રાચાર્યના સમયમાં તેથીયે વધુ વિકૃત થાય છે; આથી બીજો વધુ ખેદ શો હોઈ શકે !

અહી એ વસ્તુ પણ કહી દેવી જોઈએ કે જો તેમણે ધર્મ-ક્રાન્તિના ક્ષેત્રમાં પગરણ માંડ્યાં હોત તો કદાચ આટલી ખ્યાતિ પામી શકત નહિ કે આટલું કાર્ય

પણ કરી શકત નહિ એ ખરું. પરંતુ તેમ છતાં તેમની શક્તિ તે માર્ગે લાગી ગઈ હોત તો તેઓ જૈનધર્મમાં વધતી જતી વિકૃતિને વધારવાના નિમિત્તરૂપ ન બનતાં તેને દાબી શકત અને કંઈક અંશે સુધારી પણ શકત. આ કાર્ય જૈનશાસનના હિત માટે વધુ આદરણીય અને આચરણીય હતું.

શ્રમણ વર્ગનાં શૈથિલ્ય અને ચૈત્યવાદની વિકૃતિ તરફ તેમણે કેમ મૌન સેવ્યું હશે તે તેમના જેવા સમર્થ પુરુષ સામે એક ગંભીર પ્રશ્ન છે. તેમ ન થવામાં કદાચ નીચેનાં કારણો હોઈ શકે.

## કારણો

શંકરાચાર્યના કાળ પછી બ્રાહ્મણોની સત્તા ખૂબ વ્યાપક થયેલી. બ્રાહ્મણવાદનું શ્રી શંકરાચાર્યના પ્રભાવથી ફરી એકવાર પુનરુત્થાન થયું. તે જ પ્રભાવની અસર શ્રી હેમચંદ્રાચાર્યના કાળમાં પ્રબળ રીતે હોય; બીજી બાજુ શ્રી હરિભદ્ર સૂરિજીએ સંબોધ પ્રકરણમાં જે હૃદયવેદના પ્રકટ કરી છે તે પરથી એમ સિદ્ધ થાય છે કે જૈનસંઘશક્તિ ક્ષીણ થતી ચાલી હોય; વેદધર્મ અને બૌદ્ધધર્મના ચૈત્યવાદના આકર્ષણથી જૈનો તે તરફ ઢળી જતા હોય, તેને સ્થિર કરવા માટે શ્રમણ સંઘમાં જે સંગઠન, જે ચારિત્રબળ જેટલા પ્રમાણમાં જોઈતાં હોય તે ન હોય ઇત્યાદિ. તે ગમે તે હો, પરંતુ આ વસ્તુ હવે ચોક્કસ થાય છે કે કાળની પરિપક્વતા વિના કાર્ય થઈ શકતું નથી. અને પૂર્ણ જીર્ણતા આવ્યા વિના પુનરુદ્ધાર થઈ શકતો નથી. અહીં વિશ્વના એ અચળ કાયદાને ન્યાય આપવા માટે આમ કાં ન બન્યું હોય ?

## પાંચમા જ્યોતિર્ધર

જ્યોતિર્ધરમાં પાંચમું સ્થાન શ્રી જિનવલ્લભસૂરિનું આવે છે કે, જેઓ ખડતરગચ્છના આચાર્ય હતા. એ ગચ્છ વીરસંવત ૧૬૭૦ માં સ્થપાયેલો હતો.

આ આચાર્ય મહાન સમર્થ હતા. તેમના સાહિત્યમાં અને ખાસ કરીને તેમના હસ્તલિખિત શ્રી સંઘપટ્ટક (કે જે ગ્રંથ ખૂબ પ્રસિદ્ધ છે તે) માં ચૈત્યવાદના વિકાર તરફ અનેક પ્રહારો છે. જૈનત્યાગીવર્ગના શૈથિલ્ય પર તેમનો અપાર રોષ છે. જ્યાં અહિંસા, સંયમ અને તપ હોય ત્યાં જ જૈન ધર્મ હોય એમ કહી ચૈત્યવાદીઓની તેમણે ઝાટકણી કાઢી નાખી છે. પરંતુ તેમનો આ બળાપો પણ માત્ર શબ્દ દેહમાંજ સમાપ્ત થઈ ગયો હોય તેમ લાગે છે. આ રીતે જૈન શાસનનો

એ સડો - એ વિકાર ઠેઠ જંબૂસ્વામીથી માંડીને શ્રીમાન લોંકાશાહના કાળસુધી પારંપર્યેણ કેવો, કેટલા પ્રમાણમાં ને કેવી રીતે વધ્યે જ ગયો છે તે ખૂબ સ્પષ્ટ થાય છે.

સાહિત્ય ક્ષેત્રના જ્યોતિર્ધરોમાં ઉપર વર્ણવેલાં પ્રસિદ્ધ નામો સિવાય પણ શીલાંકસૂરિ, શાન્તિસૂરિ, દેવેન્દ્રાચાર્ય, વટગચ્છના જિનવલ્લભસૂરિ, અભયદેવસૂરિ, જિનવલ્લભસૂરિ, મેરુતુંગસૂરિ વગેરે અનેક નામો મળી આવે છે. આવી રીતે દિગંબર સંપ્રદાયમાં પણ શ્રી કુન્દકુન્દાચાર્ય, સમન્તભદ્ર, નેમિચંદ્ર, જિનસેન, અમિતગતિ, શ્રી પ્રભાચંદ્રસૂરિ, શ્રી અકલંકદેવ, શ્રી આશાધર વગેરે અનેક વિદ્વાનો થયા છે તેમણે જૈન તત્ત્વજ્ઞાનને બહુ સુંદર રીતે વિકસાવ્યું છે.

દિગંબર જ્યોતિર્ધરોમાં સમંતભદ્રાચાર્ય અને કુન્દકુન્દાચાર્ય અને અકલંકદેવના નામો ખૂબ ચેતનવંતા હતાં. વિક્રમ સંવત ૬૭૫ માં રાજા શિવકોટિને શૈવધર્મમાંથી જૈનધર્મની દીક્ષા આપનાર શ્રી સમંતભદ્રાચાર્ય હતા. અને વિક્રમ સંવત ૭૫૭માં બૌદ્ધવાદીઓ પર વિજય મેળવી રાજા હિતશીતલેને જૈન ધર્મપ્રેમી બનાવનાર અકલંકદેવ હતા.

આમાંના ઘણાખરાએ સાહિત્યનાં ક્ષેત્ર ખેડ્યાં છે, તો કોઈ રત્નપ્રભસૂરિ જેવાએ ઘણા ક્ષત્રિયોને ઓસા ગામમાં જૈન ધર્મના શ્રાવકો બનાવ્યા છે.* કોઈએ ક્રાન્તિનાં બણગાં ફૂંક્યાં છે, તો વળી કોઈએ લોકપ્રવાહમાં ભળી જૈન ધર્મને હાનિ પણ પહોંચાડી છે. કોઈએ માત્ર પૂજા અને પ્રતિષ્ઠા ભોગવ્યાં છે, તો કોઈએ વળી જૈનધર્મના વિકાસ માટે પ્રાણ પાથર્યા છે. આમ જૈનધર્મના મધ્યમ યુગનો આ ઇતિહાસ સંક્ષિપ્ત રીતે પૂર્ણ થાય છે.

---

* શ્રીમાળ રાજાનો નાઉમેદ થયેલો જયચંદ નામે એક કુંવર અને બીજા શ્રીમાળી રજપુતો અને બીજાઓ શ્રીમાળ છોડી મંડોવડમાં રહ્યા. અને તેને ઓસ એટલે સીમા અથવા સરહદ નામ આપ્યું. જે ત્યાં જઈ વસ્યા તેમાં બીજાઓની સાથે શ્રીમાળી વાણિયા, ભટ્ટી, ચહુવાણ, ઘેલોટ, ગોડ, ગોહીલ, હાડા, જાદવ, મકવાણા, પરમાર, રાઠોડ અને થરાદરા રજપુતો હતા.

જૈન ભિક્ષુક રત્નસૂરિએ જીવનચારિત્રના અદ્ભુત ચમત્કાર વડે તેઓના રાજા જયચંદને તેમજ એ રૈયતને અહિંસક ધર્મનો બોધ કરી પોતાના ધર્મમાર્ગમાં લીધા. અને તેમને ઓસવાળનું નામ આપ્યું. એમ કહે છે કે આ બનાવ ઈ.સ. ૧૬૬ના શ્રાવણ વદ ૮ ને દિને બન્યો. (જુઓ જગડૂ ચરિત્ર પૃષ્ઠ નં. ૧૦૫)

# ૨ ભારતના ત્રણ મુખ્ય ધર્મો અને ક્રાંતિ પ્રભાવકો

## બૌદ્ધધર્મ

ભગવાન બુદ્ધના સમયમાં બુદ્ધધર્મનો વિકાસ થયો હતો ખરો પરંતુ તેનું વર્તુલ માત્ર ઉત્તર હિન્દુસ્તાનનાં અમુક સંસ્થાનોમાં સમાપ્ત થઈ જતું હતું. વેદધર્મની વિકૃતિને જડમૂળથી કાઢવા માટે જેમ ભગવાન મહાવીરે મોરચા માંડ્યા હતા તેજ રીતે તે ધાર્મિક ક્રાન્તિમાં સહાયક તરીકે ભગવાન બુદ્ધ પણ તેમના સમસામયિક હોવાથી સફળ નીવડી શક્યા હતા.

ભગવાન બુદ્ધનો મધ્યમવાદ લોકકલ્યાણમાં બહુ ઉપકારક થાય તે સ્વાભાવિક જ હતું. એ બૌદ્ધધર્મમાં ભગવાન બુદ્ધના નિર્વાણ પછી થોડા સમય બાદ જે વિકારનો સડો થયો હતો તે સડાને જડમૂળથી નાશ કરી ફરી એકવાર બૌદ્ધ ભિક્ષુઓને પોતાના ધર્મ પર સ્થિર કરી અશોક મહારાજાએ બૌદ્ધધર્મનો ઉદ્ધાર કર્યો. તેણે પોતાના પુત્ર અને બૌદ્ધભિક્ષુઓને મોકલી વિદેશમાં પણ બૌદ્ધધર્મનો ખૂબ પ્રચાર કરાવ્યો. તેના પ્રત્યક્ષ પ્રમાણ રૂપે આજે પણ ટિબેટ, ચીન, જાપાન, સિયામ, બ્રહ્મદેશ, સિલોન વગેરે દેશોમાં વિકૃત છતાં બૌદ્ધધર્મનું અસ્તિત્વ છે.

બૌદ્ધધર્મમાં મૂર્તિવાદનો પણ કદાચ અહીંથી પ્રારંભ થયો હોય તેમ જણાય છે. ઠેરઠેર સ્તુપો, નાલંદા, કાશી જેવાં મુખ્ય મુખ્ય સ્થળોની વિદ્યાપીઠો, બૌદ્ધ ભિક્ષુઓની ગુફાઓ (કે જે આજે પણ તક્ષશિલા, અજંટા, ઈલોરા, તાંજોર એવાં એવાં પુષ્કળ સ્થળે) તેવી જ હાલતમાં દેખાય છે.

પરંતુ ભારતવર્ષમાં આખરે એ જ્યોતિ બુઝાઈ - એ ચિરાગ કાયમ જ્વલંત ન રહ્યો. એની ભિક્ષુસંસ્થા શિથિલ થતી ચાલી. વચ્ચે કોઈ અશોક જેવો સમર્થ ઉદ્ધારક પુરુષ ન પાક્યો. જૈનધર્મ અને બૌદ્ધધર્મ એ બન્નેની તુલના કરીએ તો ભારતવર્ષમાં જૈનધર્મના પ્રાણ અને પ્રતિષ્ઠા આગળ બૌદ્ધધર્મ પછાત જ રહ્યો અને શ્રી શંકરાચાર્યના કાળમાં સૌથી ભારે એ બૌદ્ધધર્મને જ વેઠવું પડ્યું. અને આખરે એ બૌદ્ધધર્મ ભગવાન બુદ્ધની જન્મભૂમિ ભારતવર્ષમાં હતો ન હતો થઈ ગયો. બૌદ્ધધર્મમાં આવેલી ઓટ ભારતવર્ષમાં તો આજ સુધી તેવાજ સ્વરૂપે ટકી રહી.

બૌદ્ધધર્મનું આ એક સંક્ષિપ્ત ઐતિહાસિક ચિત્ર છે.

બૌદ્ધધર્મની એ ઓટે કેટલાક વિષયોમાં સમાન માન્યતાવાળા જૈનધર્મ પર પણ પોતાની અસર ઓછી કરી નથી. અને તે આપણે ઠેઠ શ્રી હરિભદ્રસૂરિના કાળ પહેલાંથી સ્પષ્ટ જોતા આવ્યા છીએ. એ વિકાર ચાલ્યો આવતો હતો તેવામાં વળી શ્રીમાન શંકરાચાર્યના વખતમાં (કે જે ઇતિહાસ પાછળ આવશે) એક તરફથી જૈનધર્મના સાધુઓનું શૈથિલ્ય અને બીજી તરફથી વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયોનો ત્રાસ જૈનધર્મની કસોટી કરી રહ્યો હતો તેવાજ સમયમાં શ્રી હેમચંદ્રાચાર્યનું આગમન થયું હતું.

શ્રી હેમચંદ્રાચાર્ય સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળની પ્રસન્નતા મેળવી જૈન શાસનની સેવા બજાવવા તૈયાર થાય છે. અને કેટલુંક પોતાના જીવનકાળમાં પ્રશસ્ત કાર્ય કરે છે; પરંતુ તેમ છતાં ધર્મ શૈથિલ્યનો નાશ કરી શક્યા નથી. (તે આપણે આગળ જોઈ ગયા છીએ.) ત્યારબાદ રાજ્યાશ્રયી ધર્મના પ્રચારના રોષે જેમ હિન્દુધર્મ પર અસર કરી છે તેમ જૈનધર્મને પણ છોડ્યો નથી. આ રીતે જૈનધર્મની ખળભળતી અને વિકૃત સ્થિતિનો પ્રસ્તુત ચરિત્રનાયક કેવી રીતે ઉદ્ધાર કરે છે તે તેમના જીવન પરથી પાછળ જોઈશું તે પહેલાં વેદધર્મ અને ક્રાન્તિનો મધ્યમકાલીન ઇતિહાસ તપાસી લઈએ.

## વેદધર્મ અને ક્રાન્તિ

હિન્દુધર્મમાં પૂર્વકાળથી માંડીને આજ સુધીમાં દેશ, કાળ, લોકમાનસ અને પરિસ્થિતિને અંગે ભિન્ન-ભિન્ન કાર્યક્ષેત્રમાં ભિન્ન-ભિન્ન દૃષ્ટિબિન્દુઓથી ક્રાન્તિ વિકસી છે, જૈનધર્મના મધ્યમ યુગનું જે ચિત્ર આપણે આગળ જોઈ ગયા તે જ રીતે વેદધર્મનો મધ્યમયુગ પણ ખરેખર વિદ્યાયુગ છે. મધ્યમયુગના પ્રારંભમાં હિન્દુધર્મના એ મહાન પ્રવાહમાંથી ઝીણી છતાં સ્વચ્છ, ભિન્ન છતાં એક જ મહાસમુદ્રને પંથે જનારી પૃથક્ પૃથક્ નિર્ઝરણીઓ ઉત્પન્ન થઈ છે. તેને દર્શનો તરીકે આપણે ઓળખી શકીશું.

## દર્શનોનું મંતવ્ય

હરિભદ્રસૂરિના યોગદૃષ્ટિ સમુચ્ચયમાં આવેલા चित्रातु । देशनैतेषाम् (કે જેનો સવિસ્તર અર્થ આપણે આગળ જણાવી ગયા છીએ.) પ્રમાણે એ બધાં દર્શનોનો હેતુ અને દર્શનકારોનું મંતવ્ય ખરેખર શુભ હતાં તે આપણે જાણી શક્યા છીએ.

જો કે આ બધાં દર્શનોના તત્ત્વવિધાનોમાં અંતર છે ખરું અને તેથી તત્ત્વના ઊંડાણમાં નહિ જનારા પંડિત મૂર્ખો ખૂબ લડ્યા છે અને હજુએ લડે છે. એ વાત સાવ સાચી છે. પરંતુ તેનું કારણ એ લડનારની મૂર્ખતા સિવાય બીજું કશું નથી. દર્શનના સંસ્થાપકો તો મહાન તત્ત્વજ્ઞ, બુદ્ધિમાન અને લોકકલ્યાણના ઇચ્છુક હતા. અને તેથીજ એક પક્કા સુધારક તરીકે તેમણે તે કાળ, પરિસ્થિતિ અને સંયોગો જોઈને લોકોને સન્માર્ગે વાળવા માટેજ તે તે સિદ્ધાંતો રજૂ કર્યા હતા.

## દર્શનકારોનો હેતુ

પોતાની પૂજા કે પ્રતિષ્ઠાનો તે મહાપુરુષોને લગીર પણ લોભ હોય તેમ માની શકાતું નથી. તેમ પોતાનો મત સ્થાપવાની પણ વાસના હોય તેવું દેખાતું નથી. દરેક મહાપુરુષ કેવળ લોકકલ્યાણના ઇચ્છુક હોય છે. અને તેથી સુધારક તરીકેનું કાર્ય કરવામાં તેમને ખૂબ વેઠવું પડે છે. છતાં તે જ કાર્ય તેઓ હાથ પર ધરવાની પોતાની ફરજ સમજે છે અને તે બજાવવા માટે પોતાની શક્તિનો ઓછો યા વધુ ભોગ આપી જાય છે. આ રીતે જ દર્શનોની ઉત્પત્તિ છે. જો કે તેઓનાં સિદ્ધાંતમાં ઉપલક દૃષ્ટિએ ભેદ પણ દેખાય છે ખરો. પરંતુ તે ભેદ માત્ર તેને અંધપરંપરાથી અનુસરનારા તેના અનુયાયીએ નક્કર રૂપમાં કરી દીધેલો હોય છે. એટલે તેના દોષપાત્ર એ તે તે દર્શનના પ્રતિપાદકોને ગણવા તે સાવ અસત્ય અને અણછાજતું છે.

આ બધાં દર્શનો એકી સાથે જન્મ્યાં નથી. પરંતુ જેમ જેમ તેની આવશ્યકતા ઉત્પન્ન થઈ છે, તેમ તેમ તે અસ્તિત્વમાં આવ્યાં છે. સંસાર પરિવર્તનશીલ હોવાથી તેમાં પરિવર્તન જેમ બીજા ક્ષેત્રોમાં ચાલ્યું આવે છે તે જ રીતે વિકાસનું મૂળ ધર્મતત્ત્વ હોવાથી તેના મૂળ સ્વરૂપને યથાર્થ ટકાવવા સારુ તેના કર્મકાંડોમાં પરિવર્તન થવુંજ જોઈએ. અને જો ન થાય તો વધુ સડો પેસી જાય. કારણ કે લોકમાનસ બહોળે ભાગે અનુકરણીય હોય છે. જ્યાં સુધી તેને દોરનાર સમર્થ નેતા હોય છે ત્યાં સુધી તે પ્રવાહ સીધે પંથે એટલે કે વિકાસની વાટે ગતિ કરે છે; પરંતુ જ્યારે તેવા સમર્થ નેતાની ખોટ પડે છે ત્યારે તેમાં દિવસે દિવસે વિકૃતિ વધતી જાય છે.

## દર્શનકાળ પછી

દર્શનકાળ પછી મતોનો કાળ આવે છે. આ કાળ વેદધર્મની છિન્નભિન્નતાનો દુઃખદ કાળ હતો. કાપાલિક, ક્ષપણક, શાક્ત, સૌરમત એવા એવા અનેક

પાખંડી મતો નીકળી પડ્યા હતા અને ધર્મને નામે કેવળ અધર્માચારનાં વૃક્ષ ભારતવર્ષના હિન્દુધર્મમાં ઊગવા માંડ્યાં હતાં.

તેવામાં પૂર્વમીમાંસાના પ્રભાવક કુમારિલ ભટ્ટ પછી થોડાક જ સમય બાદ એક ભટ્ટપાદ કરીને કોઈ પ્રતિભા સમ્પન્ન પુરુષ થઈ ગયા. એમણે વેદધર્મના વિકાર સામે પ્રબળ બંડ જગાવી વેદધર્મની વિકૃત થયેલી કર્મકાંડની ક્રિયામાં સુધાર આણ્યો છે. અને વિદર્ભ દેશના સુધન્વા ગામના મહારાજાને પોતાની જ્ઞાનશક્તિથી વશ કરી મત અને પંથો સામે ઝુંબેશ ઉઠાવી છે. સેંકડો બૌદ્ધોને વાદથી પરાજિત કીધા છે અને કેટલાકને તો પંચત્વ સુધ્ધાં પમાડ્યાં છે.

## શ્રીમાન શંકરાચાર્ય

આદ્ય શંકરાચાર્યના કાળનિર્ણય સંબંધમાં હજુયે મતભેદ તેવો ને તેવો પ્રવર્તે છે. નિર્ણયાત્મક થઈ શકતું નથી. પરંતુ સંયોગોનાં બલાબલનો તોડ કાઢી પાશ્ચાત્ય વિદ્વાનોએ તેઓનો જન્મસમય વિ.સં. ૮૪૫નો નક્કી કર્યો છે.

તેઓની જન્મભૂમિ મલબાર તરફના કેરલ દેશનું કાલડી ગામ. તેમના પિતાનું નામ શિવગુરુ અને માતાનું નામ સતી.

તેમના માતાપિતાના સદ્‌ગુણો ખરેખર 'यथानाम तथागुणः'જ હતા. તેમના પિતા એક ઉચ્ચ કોટિના ધર્મસંસ્કારી હોવા ઉપરાંત મહાજ્ઞાની હતા. અને શિવના પરમ ભક્ત હતા. ઘણી મોટી વયે તે દમ્પતીના ગાર્હસ્થ જીવનના ફળસ્વરૂપે શ્રીમાન શંકરાચાર્યનો જન્મ થયો હતો.

શ્રીમાન શંકરાચાર્ય બાલ્યવયથી જ બૃહસ્પતિ સમા હતા. તેમનું ભવ્ય લલાટ તેમની સમર્થ પ્રતિભાને સૂચવતું હતું. તેમની આંખોમાં વિશ્વને આંજી નાખે તેવું દિવ્ય તેજ હતું.

ટૂંક સમયમાં તે એક સમર્થ વિદ્વાન તરીકે ગણાયા. તેમણે બ્રહ્મચર્યાશ્રમ પછી ગૃહસ્થાશ્રમ હોવો જ જોઈએ તે વૈદિક રૂઢિ સામે મહાન વિરોધ ઉઠાવ્યો. અને પોતાના જીવનકાર્યમાં નૈષ્ઠિક બ્રહ્મચર્યના પ્રભાવે જનતાને હૈયે નવી ચેતના સ્ફુરાવી. નૈષ્ઠિક બ્રહ્મચર્ય અસાધ્ય નથી તે સાક્ષી પૂરતું તેનું ચેતનવંતુ ચિત્ર ઇતિહાસના પૃષ્ઠમાં આજ પણ ચમકી રહ્યું છે.

જન્મવયથી માંડીને ૩૨ મે વર્ષે તો તેમનો દેહોત્સર્ગ થયો છે. પરંતુ એવી અલ્પ વયમાં પણ તેમણે હિન્દુધર્મમાં એક અજબ ક્રાન્તિ મચાવી હતી. પરંતુ

ખેદનો વિષય એ છે કે આવા મહાપુરુષોના જીવનને તેના ગણાતા અનુયાયીઓ એટલું તો અન્યાયી બનાવી મૂકે છે, અને તેમાં એવી તો અદ્‌ભુતતાઓ, અતિશયોક્તિઓ અને સાંપ્રદાયિકતાઓ ભરી દે છે કે તેમાંનું સત્ય શોધવું એ વિચારક માટે મહા મૂંઝવણનો પ્રશ્ન થઈ પડે છે.

મધ્વાચાર્ય નામના અદ્વૈત મતના પ્રતિપાદક આચાર્યે શ્રીમાન શંકરાચાર્યના જીવનચરિત્ર રૂપે 'સંક્ષેપ શંકરજય' નામનો પદ્યાત્મક ગ્રંથ લખ્યો છે જો કે તે કાવ્ય અને ભાષાની દૃષ્ટિથી તો ઉત્તમ જ છે પરંતુ તેવા આચાર્યનું આ કાવ્ય પણ તેવા દોષોથી વંચિત રહ્યું નથી.

## ક્રાન્તિકાર શંકરાચાર્ય

ખરી રીતે શ્રીમાન શંકરાચાર્યના સ્વતંત્ર ગ્રંથો પરથી જણાય છે કે તેઓ એક પ્રબળ ક્રાન્તિકારી પુરુષ હતા. તેમના પ્રત્યેક વાક્યમાં ક્રાન્તિની છાયા તરવરી રહે છે. તેમણે વેદાંતને આધ્યાત્મિક કસોટીથી ખૂબ કસ્યું છે. અને કર્મકાંડની શુદ્ધિની સાથે જ્ઞાનની પરમ આવશ્યકતા પણ સમજાવી છે.

**वदन्तु शास्त्राणि यजन्तु देवान् ।**
**कुर्वन्तु कर्माणि भजंतु देवता ॥**
**आत्मैक्य बोधेन विना न मुक्ति ।**
**र्न सिध्यति ब्रह्म शतांतरेऽपि** ॥ (વિવેકચૂડામણિ)

શાસ્ત્રોનાં ઉચ્ચારણ કર્યા કરો કે દેવોને બાહ્ય યજ્ઞ કરો, સમજણ વિહૂણી જડક્રિયાઓ કર્યા કરો, કિંવા ભલે દેવોની પૂજા કરો, કશું વળવાનું નથી. જ્યાં સુધી એક આત્માની ઓળખાણ ન થાય ત્યાં સુધી હજારો જન્માંતરે પણ મુક્તિ થવાની નથી. માટે આત્મભાનની જિજ્ઞાસા કરો.

ધર્મને નામે ચાલતાં ધતીંગો છોડી દો અને વળી એમ કહ્યું છે કે, "**प्रतिमादिषु विष्ण्वादि बुद्धयध्यासः** "અર્થાત્ પ્રતિમા પોતે દેવ નથી, પરંતુ દેવનું માત્ર તેમાં આરોપણ કરવામાં આવે છે. (અર્થાત્ કે તે લાકડીની જેમ કોઈ નિર્બળજનને માત્ર આલંબન છે તે ન ભૂલાય.)

આથી તેમની ક્રાન્તિનાં પૂરમાં કર્મકાંડની શુષ્ક ક્રિયાઓ અને મૂર્તિપૂજાના વિકાર સામેનાં પ્રબળ રોષનાં મોજાંઓ ઊછળતાં સ્પષ્ટ દેખાય છે.

## સિદ્ધાંત પ્રચાર

આ માન્યતાના પ્રચાર માટે તેમણે ઘણાં ભાષ્યો રચ્યાં છે. વેદ પરનું શંકર ભાષ્ય, (શારીરિક ભાષ્ય) દશેક ઉપનિષદો પર ભાષ્યો, સનત્ સુજાતીય ભાષ્ય અને ગીતા ભાષ્ય પણ રચ્યું છે. (આ ભાષ્યો કરવાની પ્રથા તો છેક અર્વાચીન કાળ સુધી પણ તેમના અનુયાયીઓમાં ચાલુ જ રહેવા પામી છે) અને માત્ર તે તેમના જ્ઞાનની જ્યોતિ સાહિત્યમાં જ સમાઈ નથી ગઈ, પરંતુ ક્રાન્તિરૂપે વિકસી છે. આ ક્રાન્તિના પ્રચાર માટે તેમણે લગભગ આખા ભારતવર્ષની પરિક્રમા કરી છે. દક્ષિણમાં રામેશ્વરથી ઉત્તરમાં હિમાલય સુધી અને પૂર્વ પશ્ચિમમાં સુદૂર સુધી વિહારયાત્રા કરી કાપાલિક, ક્ષપણક, શાક્ત વગેરે પાખંડી મતોની ઝાટકણી કાઢી છે.

સાંખ્ય, વૈશેષિક, નૈયાયિક, યોગ, પ્રાભાકર, ભટ્ટ વગેરે દર્શનોના વિકારને શમાવવાનો ભારી પ્રયત્ન કર્યો છે. બૌદ્ધધર્મ અને જૈનધર્મ જેવા મહાન ધર્મો સાથે પણ વાદવિવાદ અને ચર્ચાઓ કરવાનું તે ચૂક્યા નથી. જૈમિનિઋષિના પરમભક્ત મંડનમિશ્ર અને શંકરાચાર્યજીનો સંવાદ લગભગ જગ વિખ્યાત છે. કેરલના રાજશેખર અને વિદર્ભનો સુધન્વા એ બન્ને રાજાઓ આદ્ય શંકરાચાર્યના શિષ્ય હતા. કાપાલિક જેવા મતોનું ખંડન કરવામાં તેમની જબ્બર સહાય તેમને કાર્યકારી નીવડી હતી.

આ રીતે અદ્વૈતમતના પ્રતિપાદક આદ્ય શંકરાચાર્યનો કાળ વેદધર્મની મહાન ક્રાન્તિનો કાળ હતો અને બ્રાહ્મણધર્મની વિકૃતિને સુધારવાના પ્રયાસમાં તેમનો જબ્બર ફાળો છે એમ કહ્યા સિવાય રહી શકાતું નથી.

કેટલાક કલ્પે છે તેવા તેઓ વિતંડાવાદી નહિ પણ એક સાચા ધર્મસુધારક અને પ્રતિભાપૂર્ણ વિદ્વાન હતા.

## શંકરાચાર્ય પછી

શ્રીમાન શંકરાચાર્ય પછી વૈષ્ણવમતમાં દક્ષિણ ભારતમાં શ્રીરંગ ગામમાં રામાનુજ નામે એક સમર્થ આચાર્ય થઈ ગયા છે. તેમનો સમય વિ.સં. ૧૧૦૭ થી ૧૧૯૪ નો છે. તેમણે વૈષ્ણવ ધર્મને મ્હલાવ્યો છે.

આવા જ સમયમાં કલચુરિના મહારાજ વિજ્જલના બસવ નામના બ્રાહ્મણે વિ.સં. ૧૨૧૩-૧૨૨૪માં શૈવ ધર્મમાં એક લૈંગાયત નામના નવા મતની

સ્થાપના કરી છે. આ લૈંગાયતીઓએ (કે જેઓ વીર શૈવના નામે ઓળખાતા; તેઓએ) જૈનધર્મના અનુયાયીઓને શૈવમતમાં ભેળવવા માટે ખૂબ સતાવ્યા છે, રીબાવ્યા છે.

આ રીતે હેમચંદ્રાચાર્ય પછીનો અને પૂર્વનો કાળ વૈષ્ણવ અને શૈવપંથની બોલબાલાનો કાળ હતો. તેમાં બૌદ્ધધર્મને સૌથી ભારે સહેવું પડ્યું છે અને તે ૧૩મા સૈકામાં તો આખાયે ભારતવર્ષમાંથી સાવ નષ્ટપ્રાયઃ થઈ ગયો છે. અને જૈનધર્મને પણ કંઈ ઓછું વેઠવું પડ્યું નથી. (શ્રી હેમચંદ્રાચાર્યના જીવનકાળમાં ક્રાન્તિની વ્યાપકતા ન થવાનું આ મુખ્ય કારણ છે.)

જ્યાં મહારાજાઓનાં ઓઠાં નીચે ધર્મઝનૂનથી અન્ય ધર્મોને છડેચોક અન્યાય જ કરાતો હોય ત્યાં બીજી આશા શી રાખી શકાય ? પરંતુ આવી કપરી કસોટીમાંથી પણ જૈનધર્મ પસાર થઈ શક્યો હોય તો તેનું મુખ્ય કારણ તેની મૌલિકતામાં રહેલી અનેકાંતતા, અહિંસા અને વિશ્વ-વ્યાપકતા જ છે.

વૈષ્ણવ સંપ્રદાયના રામાનુજ આચાર્ય પછી બીજા એક માધ્વાચાર્ય (જેનું અપરનામ આનંદતીર્થ અથવા વિદ્યારણ્ય પણ છે,) સં. ૧૨૫૬-૧૩૩૫માં થયા. તેમણે દ્વૈતમતનું પ્રતિપાદન કર્યું.

એમણે જ શ્રીમાન શંકરાચાર્યનો 'જય' સંક્ષેપ શંકર ગ્રંથ લખ્યો છે અને તે સિવાય પણ નિદાનમાધવ, કાલમાધવ, પંચદશી, બ્રહ્મગીતા, શતપ્રશ્નકલ્પલતિકા, સર્વદર્શન સંગ્રહ વિદ્યારણ્ય કાલજ્ઞાન, માધવવૃત્તિ, ન્યાયમાલા, વેદાન્તમાલા, પારાશર માધવીય વગેરે વૈદકશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર અને વેદાંતશાસ્ત્ર વગેરે પર ગ્રંથો લખ્યા છે.

જોકે એ પોતે શ્રીમાન શંકરાચાર્યના પરમ અનુયાયી જ હતા. છતાં તેમણે અદ્વૈતમતના પ્રતિપાદન પછી વિકૃતિ જોઈ એકાંતતા ન રહેવા દેતાં દ્વૈતમતનું પણ ભિન્ન દૃષ્ટિબિંદુથી પ્રતિપાદન કર્યું છે.

ત્યારબાદ બેલારી જિલ્લામાં વસતા નિમ્બ નામની બ્રાહ્મણ જાતિમાં જન્મેલા નિંબાર્ક નામના આચાર્યે વિ.સં.ના ૧૩મા સૈકામાં ભેદાભેદ વાદનો પ્રચાર કર્યો છે.

અને ત્યારબાદ તેલંગુ પ્રદેશમાં વલ્લભાચાર્ય કે જે વિ.સં. ૧૫૩૬ થી ૧૫૭૮માં થયા. તેમણે શુદ્ધાદ્વૈતના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે. આ ગ્રંથના ચારિત્ર નાયકના આ આચાર્ય સાક્ષીરૂપ હતા. તેઓએ ક્રાન્તિકાર લોંકાશાહની

ક્રાન્તિમાંથી માનસીપૂજા એ મૂર્તિપૂજાથી શ્રેષ્ઠ છે એ જાતનો ફણગો લીધો છે અને તે દ્વારા વૈદિકધર્મમાં પણ તેનો પ્રકાશ ફેંક્યો છે.

આ સિવાય વેદધર્મમાં શ્રી શંકરાચાર્યના ગુરુ ગોવિંદાચાર્ય અને શિષ્ય સુરેશ્વરાચાર્ય, ઉવ્વટાદિ વેદ ભાષ્યકારો પાશુપત ધર્મના કલિયુગના આદ્ય શિવાચાર્ય બકુલીશ, તેના અનુયાયી ભાસર્વજ્ઞ વગેરે જ્યોતિર્ધરો થયા છે. તેમણે સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનાં ક્ષેત્રો ખેડ્યાં છે.

## ભક્તિ યુગ

હિન્દુ ધર્મના આ મધ્યમ યુગ પછી અર્વાચીન યુગમાં ભક્તિ મહાત્મ્યનો ફાલ વિકસે છે. જડક્રિયા અને શુષ્કજ્ઞાન બન્નેનો પરિહાર થાય છે.

કબીર, દાદુ, નાનક વગેરે મહાપુરુષો એ ભક્તિયુગના સ્રષ્ટાઓ છે.

બંગાળી આચાર્ય ચૈતન્યદેવ કે જેઓ વિ.સં. ૧૫૪૨-૧૬૧૦માં થઈ ગયા છે તેઓનો પણ આ ભક્તિ યુગમાં જબ્બર ફાળો છે.

આ રીતે આપણા ચરિત્રનાયક શ્રીમાન લોંકાશાહના કાળ સુધીનો એ વેદધર્મનો પણ સંક્ષિપ્ત ઇતિહાસ પૂર્ણ થાય છે.

## ક્રાન્તિની સમીક્ષા અને લોંકાશાહ

આવી રીતે હિન્દના ત્રણ મુખ્ય અને મહાન ધર્મો - વેદધર્મ, જૈનધર્મ અને બૌદ્ધધર્મમાં ક્રાન્તિની અનેક ચિનગારીઓ આવી અને બુઝાઈ ગઈ. એ ચિનગારીના ચિરાગ જ્વલંત ન રહ્યા. કારણ કે એ મધ્યયુગની ક્રાન્તિઓમાં પાંડિત્યનાં પરિસ્પંદન હતાં, વિતંડાવાદની ઝપાઝપી હતી, સત્યાગ્રહ કરતાં મતાગ્રહ તરફ વિશેષ લક્ષ્ય હતું. આને લઈને જ માનસિક હિંસા હતી, વૈર હતાં; ટૂંકમાં ધર્મને નામે આ બધું હતું. તેમાં પણ હિન્દને માટે પંદરમો સૈકો મહા ભયંકર હતો. પઠાણોનો ત્રાસ પ્રજાને ત્રાહિ ત્રાહિ પોકારાવી રહ્યો હતો. ધાર્મિક ઝનૂને નિર્દયતાનું પૈશાચિક સ્વરૂપ પકડ્યું હતું. દેવદેવીની પૂજાને નામે મહા હિંસાઓ થતી. ધર્મના ઠેકેદારો પોપશાહીની પરાકાષ્ઠાએ પહોંચ્યા હતા, આવે વખતે ભારતવર્ષની પ્રજા કે જેની ગળથૂથીમાં જ ધર્મ અને તત્ત્વજ્ઞાન ભર્યાં છે તેને એક સાચા ધર્મપ્રાણની, એક સાચા ક્રાન્તિકારની ખૂબ જરૂર હતી.

❑

# 3 લોંકાશાહનો જીવનવિકાસ

એ જ દુઃખદ સમયમાં ગુજરાતના પાટનગર અમદાવાદને આંગણે મૂળના ક્ષત્રિય છતાં આજે વણિક તરીકે ઓળખાતાં કૂળ અને શીલથી ઉચ્ચ ગણાતા એક ખાનદાન કુટુમ્બમાં જૈન સમાજનો એ માર્ટિન લ્યુથર જર્મનીના ધર્મક્રાન્તિકાર તરીકે પ્રસિદ્ધ થયેલા માર્ટિન લ્યુથર પહેલાં ૫૦ વર્ષે જન્મ્યો. તેની ક્રાન્તિનાં આંદોલનોએ જાણે કાં એ જર્મનીના માર્ટિન લ્યુથરને જન્મ આપ્યો હોયની ! એટલું જ નહિ બલ્કે ભારતવર્ષમાં પણ ત્યારપછી અનેક ક્રાન્તિકારો જન્માવ્યા. આ રીતે અર્વાચીન યુગના ઇતિહાસમાં પ્રથમ ક્રાન્તિકાર તરીકેનું પ્રથમ માન જીતી જનાર એ વીર લોંકાશાહ ખરેખર આખાયે લોકમાનસને દોરનાર સાચો લોંકાશાહ એટલે કે લોકસાધુ-લોકનેતા પાક્યો છે.

જૈનધર્મના ઇતિહાસમાં પણ તેની ક્રાન્તિ ખરેખર અદ્વિતીય, અપ્રતિમ અને અદ્ભુત છે. આ ક્રાન્તિની દિશા પણ સાદી અને સરલ છતાં પ્રભાવશાળી અને તેજોમય છે. લોંકાશાહનું કાર્ય ધીમું છતાં પુષ્ટ અને બળવત્તર છે. તેના જીવનમાં ખરેખર ઢૂંઢકવૃત્તિ એટલે કે સત્યશોધકતાના હરેક પ્રસંગે પગલે પગલે દર્શન થાય છે. આ વખતે જૈનત્વનું એ નિગૂઢ અને પરમ સત્ય ભગવાન મહાવીર પછી બરાબર ૨૦૦૦ વર્ષે પોતાની ઉપરના જીર્ણ અને મલિન થયેલાં ખોખાને ઉખાડી તદ્દન વાસ્તવિક સ્વરૂપમાં ઝળહળી ઊઠે છે. કેવી એ અપૂર્વ પળ ! ધન્ય હો એ વિજેતાને !

પ્રબળ રૂઢિ અને પ્રબળ સત્તાશાહીથી ટેવાઈ ગયેલી જનતા સમક્ષ એ પરમ સત્યને યથાર્થ રૂપમાં પ્રગટ કરતાં તેને કેટલું શોષવું પડ્યું હશે એ જ્યારે કલ્પના કરીએ છીએ ત્યારે ખરેખર તેમની અડગતા, ધૈર્ય, સત્યનિષ્ઠા, શાસનભક્તિ, લોકકલ્યાણની ભાવના ઇત્યાદિ ઉચ્ચ ગુણોની પ્રતીતિ થઈ, તેમના પ્રત્યે પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન કરે છે. અને સાથે સાથે એમ પણ હવે તો સ્પષ્ટ દેખાઈ રહે છે કે જે કાર્ય શાસનની વિરલ વ્યક્તિઓના અથાગ પ્રયાસ છતાં ન બન્યું તે તેમણે તુરત જ પ્રત્યક્ષ કરી બતાવ્યું.

આ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે તેમનો આ પ્રયત્ન આ જન્મનો જ નહિ પરંતુ અનેક જન્મનો હોવો જોઈએ. આ સ્થળે એક જૈનશાસ્ત્રનો નીચેનો ઉલ્લેખ તે માન્યતાનુ સ્પષ્ટ પ્રમાણ આપી રહ્યો છે.

"કહેવાય છે કે, મહાવીર દેવને વાંદવા આવેલા શક્રેન્દ્રે એક વાર પ્રશ્ન કર્યો કે 'હે ભગવાન ! આપના જન્મ નક્ષત્રે ભસ્મગ્રહ ત્રીસમો ૨૦૦૦ વરસની સ્થિતિનો બેઠો છે તે શું સૂચવે છે ?' ભગવાને ખુલાસો કર્યો કે, "૨૦૦૦ વરસ સુધી શ્રમણ-નિર્ગ્રંથ-સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાની ઉદય પૂજા નહિ થશે, એ ભસ્મગ્રહ ઊતર્યા પછી ધર્મ પાછો ઝળકી ઊઠશે અને પૂજવા યોગ્ય પુરુષો પૂજાસત્કાર પામશે."

આ ભવિષ્ય કથન અક્ષરશઃ ખરું પડતું પ્રત્યક્ષ જોવામાં આવે છે. કારણ કે મહાવીર નિર્વાણ પછી ૪૭૦ વર્ષે વિક્રમ સંવત ચાલ્યો અને વિક્રમના સંવત ૧૫૩૧માં લોંકાશાહે જૈનધર્મનાં તત્ત્વોનું શોધન કર્યું; મતલબ કે ૨૦૦૧ વર્ષે લોંકાગચ્છ નીકળ્યો. અને નીકળ્યો તેવો જ ચોતરફ ફેલાયો. અને તેના ઉપદેશકો સ્થળે સ્થળે પૂજાવા લાગ્યા. થોડા વર્ષમાં તે ધર્મમાં લાખો માણસો ભળ્યા. આ જોતાં ભગવાનની ભવિષ્યવાણી ખરી ઠરે છે. (જૈન સમાજના પ્રસિદ્ધ તત્ત્વજ્ઞ શ્રી વાડીલાલભાઈની ઐતિહાસિક નોંધમાંથી)

## ભગવાન મહાવીર અને લોંકાશાહ

આગળ ધપતાં શ્રી લોંકાશાહના જીવનથી જોઈ શકીશું કે તે ભગવાન મહાવીરનો એક સાચો અનુયાયી અને ભક્ત હતો. તેણે શાસનના એ સંસ્થાપક, જૈન ધર્મોદ્ધારક પરમ પિતા ભગવાન મહાવીરની ભક્તિ માત્ર તેમની પૂજા કરીને કે ગુણ ગાઈને સમાપ્ત કરી નથી. તેણે તો એ લોકકલ્યાણના પરમનાયક, પતિતોને પાવન કરનાર, ભૂલેલાના ભોમિયા સમાન ભગવાન મહાવીરના સત્યને શોધવા માટે તેમના પ્રતિપાદિત સૂત્રરત્નાકરમાં જીવન સમર્પી શોધન કર્યું છે અને એ જવાહીરોને શોધીને એ પ્રકાશ ફેંકી ફેંકી, જનતાને સાચા ધર્મનો રાહ સ્પષ્ટ રોશન કર્યો છે.

ભગવાન મહાવીર પછી ૨૦૦૦ વર્ષ વીત્યાંનો એ પ્રભાતકાળ કે જેના પ્રાદુર્ભાવથી વરસો થયાં સુષુપ્ત થયેલી અને તિમિરમાં અહીં તહીં ગોથા ખાતી એ જૈન જનતા ફરી એકવાર જ્યોતિનો સાક્ષાત્કાર કરે છે. એ દશ્ય કેવું ભવ્ય અને દિવ્ય હશે ! હજારો વર્ષની ઝંખના પછી જે ક્રાન્તિ ફરી નવસ્વરૂપે પ્રગટ થઈ તે ઝીલનારનો આહ્‌લાદ પણ કેવો અનુપમ હશે ! તે અત્યારે કલ્પનાનો વિષય હોવા છતાં જાણે સાક્ષાત્કાર ન થતો હોય તેમ ક્રાન્તિની નવચેતના જગાડે

છે. ઓ ક્રાન્તિના ઢૂંઢકો ! - શોધકો અને પિપાસુઓ ! ચાલો એ ક્રાન્તિકારના જીવનપથમાં પગરણ માંડીએ.

દિલ્હીની સલ્તનત નીચે આવેલા એ અમદાવાદમાં તે વખતે સૂબાનું સામ્રાજ્ય હતું. મુસલમાનોની રાજ્યસત્તા હોવા છતાં હિન્દુઓનો હિસ્સો રાજ્યકારોબારમાં હજુ જેવો ને તેવો જ હતો. એક લોકોક્તિ કહેવામાં આવે છે કે, ‘વણિક વિના રાવણે રાજ્ય ખોયું’ તે રીતે વણિકચાતુર્ય પ્રાચીનતાથી ચાલ્યું આવે છે. હજુએ તે નિર્વારિસ ગયું નથી.

અમદાવાદમાં રાજ્યકારોબારમાં એક ઉત્તમ સ્થાન ભોગવતા હેમાભાઈ નામના એક શાહ વસતા હતા. તેઓ ચતુર, કાર્યદક્ષ હોવા ઉપરાંત અંતઃકરણના ગંભીર અને સરળ હતા. અધિકાર મળવા છતાં તેમનામાં ગર્વનું નિશાને ન હતું. તેમની પ્રતિભા અસામાન્ય, તંદુરસ્ત કંચનવરણી કાયા, પહોળી છાતી, ઊંડાં અને વિશાળ નેત્રો તેની સજ્જનતા ને પુણ્યશાળીતાનો પરિચય કરાવતાં હતાં.

## શુભ સમય અને સુજન્મ

સંવત ૧૪૮૨ ના નૂતન વર્ષને બેસી ચૂક્યાને હજુ માંડ પંદર દિવસ પૂરા થયા. અમાવાસ્યાની અંધારી રાત્રિએ ભગવાન મહાવીરની નિર્વાણ તિથિનો પુણ્યોત્સવ ઉજવ્યાનો જનસમૂહને હજુ થાકેય ઊતર્યો ન હતો. એ વીરના પંથને ઉજાળવા કોઈ મહાન ક્રાન્તિકારને જન્માવવાની ઝંખના લોકહૈયેથી પ્રકટતી જતી હતી. ત્યાં તો ઊંચા આભમાં સુધા સિંચતી પૂર્ણિમા પધારી. સહુના અંગે અંગમાં નવચેતનાના ફુવારા ઊછળવા લાગ્યા. કાર્તિકી પૂર્ણિમાનો એ પૂર્ણ ચંદ્રમા ગગનાંગણમાં સોળે કળાએ ખીલી રહ્યો હતો. માનવસમુદાય એ ઉત્સવ ઊજવી રહ્યો. લોકમુખથી એ જ ઉચ્ચારણ થતું હતું કે, -

“ઊગ્યો સખી સૃષ્ટિનો શણગાર
ઊગ્યો સખી સૃષ્ટિનો શણગાર હાં...
ચાલ ચાલ જોવાને ચંદ્રમા...”

આ પ્રસંગે હેમાભાઈ પોતાના ગૃહમંદિરની સમીપ ખાટ પર બેસી ચિંતનમાં ગરકાવ થયા હતા. થોડીક વારે તેની આંખ ચંદ્રમા સામે પડે અને તરત જ વીંચાઈ જાય, હેમાભાઈના હૃદયમાં ઊંડી ઊંડી અગમ્ય વેદના થઈ રહી હતી.

ઘડીમાં એમનું હૈયું ઉચ્ચારે કે અધિકાર અને સંપત્તિ શા ખપનાં ? વળી ઘડીવારે તેનું મુખ પદ્મકમળની માફક ખીલી ઊઠે. ચાંદલીયામાં તેજની સાથે જાણે આશાના અંકુરો નવસ્ફુરણ જગાડતા હોય નહિ ! એમ હેમાભાઈના વદન પર આશા અને નિરાશાના ભાવો વ્યક્ત થઈ જતા હતા.

તેવામાં અચાનક સામેથી જ કોઈ વીજળીને વેગે દોડી આવ્યું અને શ્વાસ રોકવાનો પ્રયત્ન કર્યા સિવાય બોલ્યું : “મોટાભાઈ ! વધાઈ આપું ? બાને પુત્રરત્નનો જન્મ થયો છે. હેમાભાઈની આંખોમાં હર્ષનાં આંસું ઊભરાયાં. તેમના ગાત્રેગાત્ર ખીલી ઊઠ્યાં. વધાઈ આપનારના હાથમાં તેમણે રૂપાનાણું મૂક્યું. વધાઈ ખાનાર ખુશ ખુશ થઈ દોડી ગયું.

હેમાભાઈ ફરી ફરી અમ્બર ભણી દૃષ્ટિ નાખતા જાય અને પૂર્ણેન્દુનાં દર્શન કરતાં કરતાં આવો શીળો મનોહર પ્રકાશ પોતાની ઊગતી આશા જીવનમાં જન્માવે એ ભાવના ભાવતા જાય.

## લોંકાશાહનું બાલ્ય

‘પુત્રનાં લક્ષણ પારણામાં જ કળાય’ તે લોકોક્તિ પ્રમાણે નવપ્રસૂત બાળકનાં લક્ષણો જ કહી આપતાં હતાં કે તે આ વિશ્વના મહાપુરુષોની નામાવલિમાં પોતાનું નામ ઉજ્જ્વળ બનાવશે.

તેમની ફઈબાએ તદનુરૂપ નામ પણ લોંકાશાહ રાખ્યું. તેમના પિતા અમદાવાદના શાહ અને પુત્ર લોકના શાહ. આખાયે વિશ્વનો વહીવટ તેમના હાથે થવાનું જાણે સર્જાયું ન હોય ! તેમ વય વધતાંની સાથે જ તેનામાં ગુણોનો વિકાસ થયે જતો હતો.

પારણિયે ઝૂલતા એ બાળકનાં વિશાળ નેત્રો ગગનને માપતાં માપતાં-વધતાં વધતાં વિશ્વની વિશાળતાનો સાક્ષાત્કાર કરતાં હતાં. ભવ્ય કપાળ, ઘાટિલું શરીર, શાન્ત મુખમુદ્રા જાણે કોઈ પૂર્વ યોગી અવનિ પર ઊતરી ન આવ્યો હોય ! તેની નિર્ભયતા માતાપિતાને આશ્ચર્યચકિત કરી મૂકતી.

જ્યોતિષના જાણકારો તેના જ મગ્રહો જોઈ કોઈ ધર્મનો ઉદ્ધારક થશે એવી એવી આગાહી આપતા હતા. કોઈ રેખાશાસ્ત્રીઓ તેમને લાખોનો પ્રેરક અને પૂજક બનવાનું ભવિષ્ય ભાખતા હતા. કોઈ માનસશાસ્ત્રીઓ એક મહાન તત્ત્વશોધકની તેમના મસ્તિષ્કમાં આશા રાખતા હતા.

હેમાભાઈ અને તેમનાં ધર્મપત્નીનો હરખ ઉરમાં માતો ન હતો. હેમાભાઈની ચિરકાળની ભાવના સંપૂર્ણ થતી જોઈ તેની છાતી ગજગજ ઊછળતી હતી.

### જ્ઞાનશક્તિ

છઠ્ઠા વર્ષના પ્રારંભે જ હેમાભાઈએ એમને પાઠકજીના હાથ તળે વિદ્યાભ્યાસ સારુ મૂક્યા. પૂર્વકાળના વિદ્યાના પ્રગાઢ સંસ્કારોને માત્ર તાજા જ કરવાનું કાર્ય એમને માટે બાકી હતું. પાઠકજી પુસ્તકમાંથી પઠન કરાવે અને લોંકાશાહ તેના વિશાળ માનસમાં રહેલી ધારણાને વિકસાવતા જાય.

પુસ્તકનું પુસ્તક બીજે જ દહાડે જ્યારે પાઠકજી અક્ષરશઃ કંઠસ્થ થયેલું જુએ ત્યારે તેમને આશ્ચર્ય થયા કરે. આવી અપૂર્વ સ્મરણશક્તિ, ગ્રહણ કરવાની શક્તિ અને વિનયભાવની પ્રસાધનતાને લઈને તેમણે થોડા જ વખતમાં વિવિધ વિષયોનું જ્ઞાન સંપાદન કર્યું.

તે વખતે સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી - એમ ભાષાઓએ પોતાના સ્વરૂપે દેશ, કાળ, દેહ બંધારણ વગેરે કારણોથી ભિન્નભિન્ન દેશોમાં ભિન્નભિન્ન સ્વરૂપો પકડ્યાં હતાં. ગુજરાત દેશની ભાષાએ ગુજરાતી સ્વાંગ સજ્યો હતો. જો કે તે બાળસ્વરૂપમાં હતી, છતાંય તેનો આકાર તો સાવ પલટી ગયો હતો.

આખા ભારતવર્ષમાં માનવીઓના પરિચયમાં આવવાનું અને તેમને સમજાવવાનું કાર્ય જાણે તેમને જ ન કરવાનું હોય ! તેમ તેમણે કેવળ ગુર્જર ભાષાજ નહિ પરંતુ તે વખતની આખા ભારતવર્ષની પ્રચલિત મુખ્ય મુખ્ય વિવિધ ભાષાઓ હસ્તગત કરી લીધી. ભાષાજ્ઞાન ઉપરાંત તેમણે પિતાજીના સંસ્કાર પ્રમાણે રાજનીતિનો પણ ઊંડો અભ્યાસ કર્યો. કળાકૌશલ્ય અને વ્યવહાર દક્ષતામાં તે નિપુણ બન્યા. તેમની લેખનકળા ખીલતી હતી. તેમના અક્ષરો તો જાણે મોતીના દાણા ન હોય ! તેમ સ્વચ્છ, સુરેખ અને પ્રમાણોપેત હતા.

## યુવાન લોંકાશાહ

### લગ્નજીવન

લોંકાશાહના જીવનમાં પંદરેક દિવાળીની આવજા થઈ હશે ત્યાં તો શીરોહીના સુપ્રસિદ્ધ શાહ ઓધવજીએ પોતાની વિચક્ષણ અને વિદુષી પુત્રી સુદર્શના કે જે યથા નામ તથા ગુણા હતી તેને લોંકાશાહ જેવા શાંત, ગંભીર અને ધીર યુવાન

સાથે વરાવવાની ઠેઠ અમદાવાદ આવી હેમાભાઈ પાસે વિનંતી કરી. ઓધવજીભાઈના પ્રેમભર્યા આગ્રહે હેમાભાઈને મૌની બનાવ્યા. તે કશોય પ્રત્યુત્તર ન વાળી શક્યા.

ઓધવજી શાહ શ્રીફળ આપી ચાલતા થયા. થોડાજ સમયમાં આ બધું પતી ગયું. હેમાભાઈએ લોંકાશાહને બોલાવી પોતાની બધી પરિસ્થિતિથી તેમને વાકેફ કર્યા. વિનીત પુત્ર લોંકાશાહ કશુંયે ન બોલ્યો. પરંતુ એના વદન પર વિરક્તિના ભાવ વાંચી શકાતા હતા. તેનું માનસમંથન ઊંડાણમાં અવગાહન કરતું હતું. તેને આ વાતથી હર્ષ પણ ન થયો તેમ ખેદ પણ ન થયો. વય સામાન્ય છતાં તેની ગંભીર અને શાંત મુખાકૃતિ જુગજુગ જૂની અનુભવની સાક્ષી પૂરતી હતી.

થોડાજ સમય પછી હેમાભાઈ શાહના એકના એક પુત્ર લોંકાશાહનાં ખૂબ ઠાઠમાઠથી દબદબા ભરી રીતે લગ્ન થયાં. એ સંવત ૧૪૯૭ની સાલે યુક્તયોગી લોંકાશાહ ભુક્તભોગી બન્યા. જનકવિદેહીની જેમ માયા અને મોહમાં વસવા છતાં નિર્માયી અને નિર્મોહી જીવન ગાળવા લાગ્યા. સુદર્શના સાથે તેમનું લગ્નજીવન કેવલ દેહલગ્નરૂપે જ નહિ પરંતુ સાથે સાથે આત્મલગ્નરૂપે પણ પરિણમવા લાગ્યું.

## પુત્રપ્રાપ્તિ

કાળાનુક્રમે દમ્પતિજીવનમાં સુખદ સહચારની સ્મૃતિરૂપે તેમને ત્યાં પણ એક પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. શાહ હેમાભાઈને એ સમયે સંવત ૧૪૮૨ની કાર્તિકી પૂર્ણિમાનો ચંદ્ર સાંભરી આવ્યો. એ સ્મૃતિના સ્મારકરૂપે આ વીર લોંકાશાહના વીરપુત્રનું નામ રાખવામાં આવ્યું પૂર્ણચંદ્ર કે પૂનમચંદ્ર.

## ગૃહસ્થજીવન

લોંકાશાહનું ગૃહસ્થ-જીવન બંને રીતે વિકસ્યે જતું હતું. યૌવનની અસર ભિન્નભિન્ન રીતે પલટા માર્યે જતી હતી. લોંકાશાહ હવે તો પોતાના પિતાને સ્થાને પહોંચી ગયા હતા. બુદ્ધિચાતુર્ય, ઉચ્ચ પ્રકારનું નૈતિક જીવન અને રાજ્યનીતિજ્ઞતાથી તે પોતાના સ્થાનનો ઉત્તરોત્તર વિકાસ કર્યે જતા હતા. અનુકંપા, વ્યવહારદક્ષતા અને પ્રભાવ એ ત્રિપુટીથી તેણે પ્રજાવર્ગનો ખૂબ ચાહ મેળવ્યો હતો. જાતિમાં તો તેનું સ્થાન પિતાના વખતથી જ ઉચ્ચ કોટિનું હતું.

## આંતર્ વેદના

આવી રીતે એક સુપુત્રના પિતા, રાજ્યાધિકારી, ગર્ભ-શ્રીમંત અને સફળ યશસ્વી વીર લોંકાશાહનું જીવન અતિ સુખદ અને આકર્ષક હતું. ભલભલા શ્રીમંતોને તેમના આકર્ષક જીવનની ઈર્ષા આવતી, તેમનું ગૃહસ્થજીવન ભલભલા માનવીઓનું ગર્વખંડન કરી શકતું હતું.

અન્યની દૃષ્ટિએ દિવ્ય દેખાતું આ જીવન પણ તેમના અંતઃકરણની ઊંડાણમાં રહેલા અસંતોષને હટાવવા માટે છેવટ સુધી સફળ ન જ થયું. તેના અસંતોષની વેદના દિવસો દિવસ તીવ્ર અને તીવ્રપણે વધતી જ ચાલી.

## અસંતોષનું કારણ

તેમના અસંતોષનું કારણ તેમને પોતાને પણ શોધતાં સાંપડે તેવું ન હતું. ઘણીવાર તેના શોધન માટે તે પોતાના અંતઃકરણની ઊંડાણમાં જ્યારે જ્યારે વ્યવહારિક જીવનથી નિવૃત્ત થતા ત્યારે ડોકિયું મારી જતા.

જીવનનું ધ્યેય, જીવનનો હેતુ, જીવનની પરાકાષ્ઠા, જીવનનો ઉદ્દેશ એવા એવા મહત્ત્વના વિષયો તેના મંથનનું મૂળ હતું. કલાકોના કલાકો સુધી આ વિશ્વનાં કાર્યકારણ તેને વિચારગ્રસ્ત બનાવી મૂકતાં. એ ઉચ્ચ પ્રકારની શય્યામાં પોઢેલા લોંકાશાહનું શૌર્ય તેને કોઈ પ્રાણ અને મનથી પર એવા વિજ્ઞાનકોષની ભીતરમાં લઈ જતું. તેને વારંવાર એમ લાગ્યા કરતું હતું કે મારે માટે કોઈ વિશાળ ક્ષેત્ર સર્જાયું છે. પ્રભાતના પ્રકાશની સાથે તે ઉત્સાહી થઈ ઊઠતા અને વળી પ્રવૃત્તિમાં જોડાતા.

## વ્યવહારિક અને ધાર્મિક

ધર્મપ્રાણ લોંકાશાહના જીવનમાં આ એક ખાસ વિશેષતા હતી. તેઓ ધર્મ અને પ્રાણ એ બન્નેને સહચારી ગણતા. અર્થાત્ 'જ્યાં પ્રાણ છે ત્યાં ધર્મ હોવો જ જોઈએ, એ તેમનું જીવનસૂત્ર હતું. ધર્મ એ પદાર્થનો સ્વભાવ છે' એ ભગવાન મહાવીરનું મહાસૂત્ર તેમની જીવન-પૃષ્ઠાવલિમાં સ્પષ્ટ વંચાતું હતું. આથી તેમનું વ્યવહારિક જીવન પણ સ્ફટિક સમાન સ્વચ્છ અને નિર્દોષ હતું.

એક મહાન રાજકર્મચારી છતાં અધિકારવાદનો લેશ પણ તેને ગર્વ નહોતો; ઊલટું તે એમ સમજતો કે રાજા અને પ્રજા બન્નેની સલામતી અને સ્નેહના

સંરક્ષણનું આ મહાન જવાબદારીવાળું પદ છે. આથી તે પદ પર હોવા છતાં રાજકારણની ખટપટો, કાવાદાવા, રાજપ્રપંચો કે લાંચરુશ્વતોનાં પ્રલોભનોએ તેને સ્પર્શ કર્યો ન હતો, દયા અને દાન તો તેનાં જન્મસિદ્ધ સાથી હતાં. પોતાના હાથ નીચેના માણસોને સંતોષવા, સમાજના દુઃખી માણસોના દુઃખનું ખરું કારણ જાણી તેને જડમૂળથી નાબૂદ કરવા એ તો એનું ખાવાપીવા જેવું સહજ નિત્યકર્મ થઈ પડ્યું હતું.

## દિવ્યજીવન

સંયમ અને સાદાઈ તેના જીવનમાં વણાઈ ગયાં હતાં. મળેલી સાહ્યબી અને સાધનોનો એ હમેશાં સદુપયોગ કરતા. તેનો સંયમ દેહક્ષેત્રમાંજ સમાપ્ત નહિ થઈ જતાં વાણી અને મન સુધી વ્યાપક થઈ ગયો હતો. બહુ મિતભોજી, તેનું સ્વસ્થ શરીર માત્ર સાદાં અને પરિમિત વસ્ત્રોથી વિંટાયેલ છતાં તેનામાં અપાર આકર્ષણ દેખાતું. લોકોનાં ટોળેટોળાં તેની પાસે ઊભરાતાં. ખરેખર લોંકાશાહ લોકોના કલ્પવૃક્ષ સમા સૌ કોઈને આશ્વાસનદાયક નીવડતા હતા.

કોઈને દાનથી, કોઈને દ્રવ્યથી, તો કોઈને આશ્વાસનથી તે સંતોષતા હતા. આ રીતે ધર્મ અને વ્યવહારને તેણે એકવાક્યતા સાધી હતી.

તેઓ કુળધર્મે જૈન હતા, પણ તેમનામાં સર્વધર્મસમભાવનું તત્ત્વ વ્યાપક હતું. તેઓ જૈન ધર્મને વિશ્વધર્મ જેવું મહાન પાત્ર સમજતા. વૈષ્ણવો તેમને 'ગૃહસ્થ છતાં પાળે સંન્યાસ' એમ કહી ભાવ સંન્યાસી તરીકે ઓળખાવતા. જૈનો તેમને ધર્મપ્રાણના નામથી સંબોધતા. આ રીતો લોંકાશાહનો સુયશ ખૂબ ફેલાવો પામ્યે જતો હતો.

## દિવ્યસંદેશ

લોંકાશાહનું જીવન જેમ જેમ વિકાસ પામ્યે જતું હતું તેમ તેમ કાળ પણ કૂચકદમ કર્યે જતો હતો. લોંકાશાહનું આયુષ્ય સાડા ચાર દશકા વિતાવી ગયું. એ હતો વિ. સંવત ૧૫૩૦નો ઉત્તરાર્ધકાળ. આજની રાત્રિ લોંકાશાહના મહામન્થનની હતી. આજે એનું અંતઃકરણ એ ઊંડા અસંતોષના કારણને પામી ગયું હતું. પ્રભાત થતાં પહેલાં તો તેને નિર્ણય સુદ્ધાં કરી લેવાનો હતો. યુગ યુગ જૂનાં સંસ્કારો તેને ઘડી ઘડી ઉત્તેજીત કરતા હતા. આ ધ્રુજારીઓની વચ્ચે એક અવ્યક્ત તેજ તેને આજે દેખાયું.

લોંકાશાહનાં આંતર્ચક્ષુ ઊઘડ્યાં, અને તેને ક્રાન્તિ... ક્રાન્તિ... ક્રાન્તિ... એટલા શબ્દો નજરે પડ્યા. થોડીવારમાં તો 'જૈન ધર્મના ક્રાન્તિકાર ! ઊઠ ઊઠ, નિરાશ થવાનું કંઈ કારણ નથી' એમ ઉત્સાહની પ્રેરણાનો ધ્વનિ લોંકાશાહના કાને અથડાયો.

ક્ષણવારમાં જુએ છે તો એ બધું સ્વપ્નવત્ બની ગયેલું જણાયું. લોંકાશાહના માનસમંથનમાં તે અંતિમ સમય હતો. ભગવાન મહાવીરના નિર્વાણની વીસ વીસ સદીઓ વીતી ગઈ હતી. પ્રભાત પહેલાં લોંકાશાહે દૃઢ સંકલ્પ કર્યો. જૈન ધર્મની ક્રાન્તિનું દૃશ્ય જાણે તેને નવચેતના આપી ન ગયું હોય તેમ પ્રભાતે તો લોંકાશાહના જીવનમાં નવયૌવન અને નવઉત્સાહ વ્યાપ્યાં. આજથી એનું ઉત્તરાર્ધ જીવન, વ્યવહારને ગૌણ બનાવી ધર્મના પંથે આગળ ધપ્યું. રાજકર્મચારીને બદલે આજથી તે ધર્મકર્મચારી બન્યા. રાજકારણ છોડીને ધર્મકારણમાં જોડાયા.

શ્રીમાન લોંકાશાહ સમાજમાં જોડાયા તે વખતે સમાજ કઈ પરિસ્થિતિમાંથી પસાર થતો હતો તે આપણે હવે વિચારીએ.

❑

# ૪ સમાજ વિહંગાવલોકન

ભગવાન મહાવીર પછીથી માંડીને આજસુધી જૈનધર્મમાં અનેક જ્યોતિર્ધરો (કે જેમાંના મુખ્ય મુખ્ય પાત્રોની સમીક્ષા સંક્ષિપ્તરૂપમાં આપણે આગળ કરી ગયા છીએ.) પાક્યા છતાં હજી મહાન જ્યોતિની આવશ્યકતા હતી. સૌ કોઈ એમજ ઉચ્ચારતા કે 'જોઈએ છે કોઈ ઉદ્ધારક પુરુષ, જોઈએ છે કોઈ ભગવાન મહાવીરનો સપૂત.'

## સમાજમાં સડો

અવ્યવસ્થા, રૂઢિઓનાં તાંડવનૃત્ય, સ્વાર્થ અને વિલાસની અતિમાત્રાએ જૈનસમાજને પણ છોડ્યો ન હતો. અને એ સડો જૈનશાસનને દોરનાર સાધુવર્ગ સુધી પહોંચી વળ્યો હતો. તેમજ ધર્મને નામે ધતિંગ પણ તેટલાં જ વધી પડ્યાં હતાં.

સામાજિક, રાષ્ટ્રીય અને ધાર્મિક ત્રણે ક્ષેત્રની અવનતિના થર બાઝ્યા હતા. ધર્મને નામે ગરીબ અને નિર્દોષ પ્રજા ચગદાઈ રહી હતી.

લોંકાશાહનું અંતઃકરણ ઉચ્ચારતું હતું કે ધર્મ એ માત્ર વિકાસને પંથે લઈ જનારી સીડી છે. તેમાં અવનતિનો અંશેય ન હોય. અને જો અવનતિ હોય તો તેનું કારણ ધર્મ કદી હોઈ શકેજ નહિ. એ વિકાસપ્રેરક સાચા ધર્મમાં તેને સામાજિક, રાષ્ટ્રીય અને આધ્યાત્મિક ત્રણે ક્ષેત્રની સલામતી લાગતી હતી. ધર્મ અને વ્યવહાર, ધર્મ અને રાષ્ટ્ર, ધર્મ અને સમાજ એ બધાં ભિન્ન ભિન્ન છે એ વાત તેને ગળે ઊતરતી ન હતી. આથીજ તેણે ધર્મક્રાન્તિનો ઝંડો ઉઠાવ્યો. વ્યાપી રહેલી ધર્માન્ધતામાંથી તેણે ધર્મનો પ્રકાશ ઝીલવા માટે ઝંપલાવ્યું.

એમના માર્ગમાં આ ત્રણ મોટાં વિરોધક બળો ઝઝૂમી રહ્યાં હતાં. વિરોધક બળોનો વિકાર એટલો બધો ફેલાઈ ગયો હતો કે તેનો ઉકેલ લાવવામાં એકલી માત્ર માનવશક્તિ કાર્યકારી નીવડી શકે તેમ ન હતું. એમ લાગવા છતાંય દિવ્ય સંદેશ પછી ક્રાન્તિકાર લોંકાશાહના અખતરા ઉત્સાહપૂર્વક ચાલુજ રહ્યા.

એ વિરોધક બળો આ હતાં :

(૧) શ્રમણવર્ગનું શૈથિલ્ય.

(૨) ચૈત્યવાદનો વિકાર.

(૩) અધિકારવાદની શૃંખલા.

આ વિરોધક બળોએ કૈંક જ્યોતિર્ધરોને નિરુત્સાહી બનાવ્યા હતા, કૈંકને પોતાની જાળમાં ફસાવ્યા હતા અને કૈંકના ભોગ લીધા હતા.

## શ્રમણવર્ગનું શૈથિલ્ય

શ્રમણવર્ગમાં કેવું શૈથિલ્ય વ્યાપ્યું હતું તે તે કાળના નિર્ણય માટે શ્રી હરિભદ્રસૂરિ કૃત સંબોધ પ્રકરણ અને જિનવલ્લભસુરિ કૃત સંઘપટ્ટકમાં બહુ સ્પષ્ટ ઉલ્લેખો છે કે જે તે સમયની પરિસ્થિતિ સમજવામાં ખૂબ આધારભૂત થશે.

"એ સાધુઓ સવારે સૂર્ય ઊગતાંજ ખાય છે, વારંવાર ખાય છે, માલમલિદા અને મિષ્ટાન્ન ઉડાવે છે, શય્યા, જોડા, વાહન, શસ્ત્ર અને તાંબા વગેરેનાં પાત્રો પણ સાથે રાખે છે, અત્તર-ફૂલેલ લગાવે છે, તેલ ચોળાવે છે, સ્ત્રીઓનો અતિ પ્રસંગ રાખે છે, શાળામાં કે ગૃહસ્થીઓના ઘરમાં ખાજાં વગેરેનો પાક કરાવે છે, અમુક ગામ મારું, અમુક કુળ મારું એમ અખાડા જમાવે છે, પ્રવચનને બહાને વિકથા-નિંદા કરે છે, ભિક્ષા માટે ગૃહસ્થને ઘેર નહિ જતાં ઉપાશ્રયમાં મંગાવી લે છે. ક્રયવિક્રયના કાર્યોમાં ભાગ લે છે, નાનાં બાળકોને ચેલા કરવા માટે વેચાતા લે છે, વૈદું કરે છે, દોરાધાગા કરે છે, શાસનની પ્રભાવનાને બહાને લડાલડી કરે છે, પ્રવચન સંભળાવીને ગૃહસ્થો પાસેથી પૈસાની આકાંક્ષા રાખે છે, તે બધામાં કોઈનો સમુદાય પરસ્પર મળતો નથી. બધા અહમિન્દ્ર છે, યથાછંદે વર્તે છે." આમ કહી તે આચાર્ય એમ પણ જણાવે છે કે આ સાધુઓ નથી પણ પેટભરાઓનું ટોળું છે.

હરિભદ્રસૂરિજીના એટલે કે આઠમા સૈકામાં આ જ દશા હતી ત્યારે તે વિકૃતિ શ્રીમાન લોંકાશાહ સુધી ચાલુ રહી હોય તે સ્પષ્ટ દેખાય છે. અને સંઘપટ્ટકનો કાળ જોતાં અને તેમાં લખેલી પરિસ્થિતિ જોતાં તો આ શિથિલતામાં પ્રતિદિન વૃદ્ધિજ થતી હોય એમ એ મંતવ્યને પુષ્ટ ટેકો મળે છે.

ભગવાન મહાવીરના પરમ ભક્ત લોંકાશાહના પુણ્યપ્રકોપ અને પરિણામની મધુરતા તરફ જોઈએ તો એ અદ્‌ભુત ક્રાન્તિ થવાનું આ પ્રથમ કારણ જણાય છે. આજે પણ ઉપર લખેલી આ પરિસ્થિતિ જોઈને કયો ધર્મસુધારક પોતાની આંખ લાલ કર્યા વિના રહેશે !

આ અને હવે પછી દર્શાવાતાં કારણોથી લોંકાશાહની ક્રાન્તિની આવશ્યક્તા અને સાથે સાથે આટલી હદ સુધી વધી ગયેલા વિકારને માટે તેણે ભીડેલી હામ

તેના અપૂર્વ ઓજસ અને સામર્થ્યને પણ સાથે સાથેજ સ્પષ્ટ કરી દે છે, તે કહેવાની હવે ભાગ્યેજ જરૂર હોય.

## શૈથિલ્યની ઉત્પત્તિ

હવે શૈથિલ્યનો તે વિકાર ક્યારથી શરૂ થયો હતો ? કોની અસરથી તે શરૂ થયો હતો ? અને ક્યાં તેને ટેકો મળ્યો હતો તે બહુ સંક્ષિપ્ત રૂપમાં જોઈ લઈએ.

શૈથિલ્યનું પ્રથમ કારણ મતભેદ છે. અને તે મતભેદ આ રીતે શરૂ થયો છે :

"एवं मे सुतं - एकं समयं भगवा सक्केसु विहरति सामगामे ★★★ । नातपुत्तस्स ★★★ भिन्न निगंठा द्वेधिकजाता, भण्डनजाता, विवादापन्ना अञ्ञमञ्ञं मुखसत्तीहि वितुदंता विहरन्ति ॥"

"અર્થાત્ મેં એવું સાંભળ્યું છે કે એક સમયે ભગવાન (બુદ્ધ) શાક્ય (દેશ)માં શ્યામગામમાં વિહરતા હતા તે વખતે આ જ્ઞાતપુત્રના નિર્ગ્રંથોમાં દ્વેધીભાવ (જુદાઈ) થયો હતો, તેઓનું ભાંડણું થયું હતું, અને તેઓમાં કલહ થયો હતો. તે જુદા થયેલા નિર્ગ્રંથો પરસ્પર બકવાદ કરતા વિહરતા હતા.

(બૌદ્ધસૂત્ર : મજ્ઝિમનિકાય : પૃષ્ઠ ૨૪૩-૨૪૫)

ભગવાન મહાવીર પછી બુદ્ધદેવ શાક્ય પ્રદેશમાં વિહરતા હતા તે વખતની આ વાત છે. જ્યારે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા ત્યાર પછી આ તો તુરતનીજ વાત છે. પરંતુ તે મતભેદ તો તુરતજ ઉપશાંત થયો હોવો જોઈએ.

ગણધર સુધર્મસ્વામી અને તેમના સુશિષ્ય જંબૂસ્વામી જ્યાં સુધી સંઘનો ભાર ચલાવતા હતા ત્યાંસુધી સંઘશાન્તિ જળવાઈ રહી. પરંતુ તેમના નિર્વાણબાદ તુરતજ સાધુઓમાં બે તડ પડી ગયાં હોય તેમ લાગે છે.

જ્યારે કોઈપણ બહોળા સંઘને દોરનાર સમર્થ નેતા ન હોય તો તેમ થવું સ્વાભાવિકજ છે. ભવિષ્યમાં દિગંબર અને શ્વેતાંબરનાં ભેદો પડવાનું બીજારોપણ અહીંથીજ શરૂ થયું હોય તેમ સ્પષ્ટ જણાય છે.

## તડનું મુખ્ય કારણ

તડનું મુખ્ય કારણ પણ જિનકલ્પ અને સ્થવિરકલ્પના આગ્રહનો ઝઘડોજ હોય તેમ અનુમાન થઈ શકે છે. જૈન-દર્શન અનેકાંત છે. ભિન્ન ભિન્ન દ્રષ્ટિબિન્દુઓને

તે સ્વીકારે છે. એકાંતને તેમાં સ્થાનજ નથી. છતાં જ્યારે માનવ પ્રકૃતિની નિર્બળતા જોર કરે છે ત્યારે આ અનેકાંતવાદને કોરે મૂકી દેવાય છે, અને આગળ વધેલી વ્યક્તિઓ પણ પક્ષાગ્રહ તથા મતાગ્રહમાં ઝૂકી જઈ, શું પરિણામ લાવે છે તે આજના શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથી વગેરે સંપ્રદાયો અને સેંકડો પેટા સંપ્રદાયો જોવાથી પ્રત્યક્ષ સિદ્ધ થાય છે.

જંબૂસ્વામી પછીજ આ તડે ધીમે ધીમે ઉગ્ર સ્વરૂપ પકડ્યું છે. શાણા આચાર્યોએ તેનું ઉપશમન કર્યું છે ખરું; પરંતુ તે રાખથી ઢાંકેલો અગ્નિ ક્યાં સુધી શાન્ત રહી શકે !

## દુષ્કાળ પ્રકોપ

જંબૂસ્વામી બાદ એક સૈકા પછી તુરતજ એકી સાથે બાર દુષ્કાળ આવે છે. દેશ પર તે ભયંકર રાક્ષસની ખૂબ અસર થઈ હતી અને આ વખતે તડમાં સપડાયેલા નિર્બળ સાધુઓનું શૈથિલ્ય વધ્યું હોય તે પણ સ્વાભાવિક જ છે.

ત્યાર પછી વજ્રસેન સ્વામીના વખતમાં બીજી વાર દુષ્કાળ આવે છે. ઐતિહાસિક ઉલ્લેખ મળે છે કે આ વખતે રેલવે કે સ્ટીમરોની સગવડ ન હતી. એવા વખતમાં એકી સાથે બાર દુષ્કાળો પડે તો કેવી વિટંબના થાય તેનો ખ્યાલ પણ ત્રાસદાયક છે અને જ્યાં સંપત્તિવાળાઓ ધન હોવા છતાં અન્ન ન મેળવી શકે ત્યાં જૈન સાધુઓએ શાસ્ત્રવિહિત રીતિથી ભિક્ષા મેળવવી એ કઠિન થાય તે દેખીતું જ છે.

આવે વખતે જે સાધુઓ ધર્મની પ્રતિજ્ઞા પર અતિ દૃઢ હતા તેવાઓએ આહાર પાણીનો સર્વથા ત્યાગ કરી સંથારો કર્યો (દેહાંત આણ્યો). આવા સાધુઓની સંખ્યા ૭૪૮ની હતી એમ પણ મલી આવે છે.

બીજા સાધુધર્મના હિમાયતીઓએ જે કંઈ મળે તે મેળવીને પોતાનું સાધુ જીવન લંબાવ્યું અને જેઓ સાધુધર્મથી શિથિલ થયા હતા તેઓએ बुभुक्षितः किं न करोति पापं એ સૂત્રને સાવ નગ્ન સ્વરૂપે તો નહિ પરંતુ પોતાના સાધુધર્મમાં શિથિલતા લાવીને પણ તેમણે પોતાનો નિર્વાહ કર્યો. તે સંયોગોને વશ થઈ તેમને તે કરવું પડ્યું હશે તે ઈષ્ટ હતું કે અનિષ્ટ હતું તેનો નિર્ણય કરવાનું આપણા હાથમાં નથી; પરંતુ આ પણ એક શૈથિલ્યનું પ્રબળ નિમિત્ત હતું.

સાધક; પછી તે શ્રમણ હો, શ્રાવક હો, જૈન હો, વૈષ્ણવ હો, બૌદ્ધ હો, કે ગમે તે હો, પરંતુ તે સાધક સ્થિતિમાં હોય ત્યાં સુધી ઘણી વાર તે પોતાના

પૂર્વ-સંસ્કારોને લઈને નિમિત્ત મળ્યે શિથિલ થઈ જાય છે. અને હમેશાં એવો નિયમ હોય છે કે એક પગથિયું ચૂકયા પછી તે ચૂકવાના માર્ગમાં ચેતે નહિ તો પાછળ જ હઠતો જાય અને ટેવાઈ પણ જાય.

આ નિયમને અધીન જૈન ધર્મનો બહોળો સાધુ વર્ગ થઈ ગયો હશે તેમ ઇતિહાસ પરથી સ્પષ્ટ દેખાય છે.

જૈન ધર્મ પર આવેલ આવા આફતના પ્રસંગે જંબૂસ્વામીની પછીથી ઊતરી આવેલો વિચારભેદ આવે વખતે, સંઘ ભેદના રૂપમાં પલટી ગયો. શ્વેતામ્બર અને દિગમ્બર વચ્ચેના ભેદ અને ઝઘડાનાં પાદચિહ્નો આ ઇતિહાસ ભગવાન મહાવીરના સમયથી ચાલી આવેલા એ સંઘનો આ દુઃખદ અને કારુણિક પ્રસંગ. એ કાળ તે વીર સંવત ૬૦૯.*

ઇતિહાસ વાંચતાં જ આપણને જ્યારે આટલું દુઃખ થાય છે ત્યારે તે શાસન-હિતૈષીઓને જ્ઞાન-ચક્ષુથી જોતી વખત શું નહિ થયું હોય !

અહીં એટલું કહેવાની આવશ્યક્તા છે કે આવા સ્પષ્ટ ભેદો પડી ગયા હોવા છતાં પણ તે એક પક્ષે બીજા પક્ષની નિંદા કરી હોય તેવું લગભગ ત્યાર પછીના ત્રણ ચાર સૈકા સુધી દેખાતું નથી. તે એક જૈન ઇતિહાસમાં સૌભાગ્યનું ચિહ્ન છે. માથુરી વાચના અને વલ્લભી વાચના સુધી શ્વેતામ્બર દિગમ્બરનો કે નગ્નતા કિંવા વસ્ત્ર પરિધાનિતાનો ભેદ સ્પષ્ટ રીતે જણાતો નથી. તે પરથી લાગે છે કે બન્ને પક્ષો પરસ્પર વિચાર સહિષ્ણુ ન હોવા છતાં ખુલ્લો વિરોધ કરતા હોવા ન જોઈએ.

શ્રમણ સંસ્થાના શૈથિલ્યે કેવળ શ્વેતામ્બર કે કેવળ દિગમ્બર સંસ્થા પર પોતાનો અડો જમાવ્યો હોય તેવું કશું નિશ્ચિત નથી. કારણ કે તે વિરોધનું મૂળ માત્ર માન્યતા-ભેદમાં છે. આચારના ઓછા વધુપણામાં નથી. એટલે તે બન્ને સંપ્રદાયોમાં સુવિહિત સાધુઓ અને શિથિલ સાધુઓ બન્નેનાં દળ રહ્યાં હશે. આ

---

* વીર સંવત ૬૦૯માં શ્વેતામ્બર અને દિગમ્બરના સ્પષ્ટ ભેદો પડ્યા. આ ભેદોની કિં વદંતી શ્વેતામ્બર અને દિગમ્બર પંથમાં ભિન્નભિન્ન ચાલી આવી છે. અને તે બન્નેની પરંપરામાં પોતાની સરસાઈ અને બીજાની હલકાઈ બતાવવાનો પ્રયાસ તેમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. તેથી સત્ય તરીકે સ્વીકાર્ય થઈ શકતું નથી.

ઉપરની ઐતિહાસિક બિના તથ્ય તરફ ઢળે છે અને દિગમ્બર સંપ્રદાયની પ્રચલિત પટાવલિમાં જંબૂસ્વામી સુધીનાં જ નામો મળી આવતાં હોવાથી ઉપરની માન્યતાને વધુ ટેકો મળે છે.

કલ્પનાને આગળ આપેલા હરિભદ્રસૂરિજીના શબ્દો ખરી પાડે છે.

હવે આપણે એ વિચારવાનું રહે છે કે શ્રમણ વર્ગમાં આ શૈથિલ્ય ક્યાંથી પેસી ગયું ? તેનું તો સ્પષ્ટ સમાધાન છે, કે કર્મપ્રકોપથી શૈથિલ્ય આવવું એ જીવાત્માઓને માટે બહુ સ્વાભાવિક છે. આગળ વધવામાં જેટલા પુરુષાર્થની કે સાવચેતીની આવશ્યક્તા રહે છે તેટલી પાછળ હઠવામાં જોઈતી નથી.

## બૌદ્ધ અને મધ્યમવાદ

સાધક માટે ભગવાન મહાવીરના કડક નિયમો હોવા છતાં આ શૈથિલ્ય પ્રવેશ કરતું ગયું અને નભ્યું પણ ખરું. તેનાં બે કારણો છે.તેમાંનું પહેલું કારણ સંસર્ગની અસર અને બીજું કારણ ક્રાન્તિકારનો અભાવ.

તે વખતે બૌદ્ધના મધ્યમ માર્ગે લોકમાનસ પર ખૂબ અસર કરી હોય તેમ જણાય છે. ભગવાન મહાવીરે જેટલી કડક રીતે પોતાના અનુયાયીઓને ત્યાગ અને તપશ્ચરણ કરવાની આજ્ઞા કરી છે, તેટલું કડક વિધાન ભગવાન બુદ્ધે કર્યું નથી. અને તેથી પ્રશસ્ત ગણાતાં સામાજિક કાર્યોમાં બૌદ્ધભિક્ખૂઓ પડી શકતા હતા અને સાધુ-નિયમોમાં પણ કેટલીક છૂટછાટ લઈ શકતા હતા. જો કે ભારતવર્ષ મૂળથીજ ચારિત્રનું પૂજારી છે. અને રહેવાનું છે તેથી તેવી છૂટો જેટલે અંશે ચારિત્ર-ધર્મની વિરોધી બનતી ગઈ તેટલે અંશે તેનું કડવું પરિણામ પાછળથી શોષવું પડ્યું. પરંતુ પહેલાં તો કેટલીક પ્રશસ્ત પ્રવૃત્તિને અંગે લોકમાનસ પર તેણે ઠીક અસર ઉપજાવી. આવી છૂટે જૈન ધર્મ પર પોતાની અસર પાડી હોય તે અસ્વાભાવિક નથી લાગતું. અને જેમ જેમ છૂટ લેવાતી ગઈ તેમ તેમ તેનો મેળ નથી રહ્યો એવું લાગે છે.

એટલે લોંકાશાહના વખતમાં દેખાતો આ જાતનો સડો કંઈ એક કે બે સૈકાનો ન હતો. જંબૂસ્વામીથી માંડીને ઠેઠ લોંકાશાહ સુધીના દીર્ઘકાળ પર્યંત તે સડો ઊંડો અને ઊંડો ચાલ્યો ગયો.

હરિભદ્રસૂરિજી અને હેમચન્દ્રાચાર્ય સમર્થ જ્યોતિર્ધરો હોવા છતાં કાળની પરિપક્વતાને અભાવે એ સડાને સાફ કરી શક્યા ન હતા. એટલે કે ક્રાન્તિકારનો અભાવ એ આ શૈથિલ્ય-વર્ધનનું બીજું કારણ છે.

# ૫ લોંકાશાહનું ક્રાન્તદર્શન

## ચૈત્યવાદનો વિકાર*

ચૈત્યવાદનો વિકાર એ શ્રીમાન લોંકાશાહની ક્રાન્તિનું બીજું કારણ છે. તે વિકાર કેવા સ્વરૂપમાં હતો તે નીચેના ઉલ્લેખથી સ્પષ્ટ જણાશે.

સંબોધ પ્રકરણમાં શ્રી હરિભદ્રસૂરિજી પોતેજ જણાવે છે કે :-

**मय किच्चे जिणपूयापरूवणं, मयधणाय जिणदाणे ।।૬૮।।**
**देवाइदव्वभोगं, जिणहरसालाइकरणं च ।।૬૯।।**
**समत्ताइ निसेहे, तेसिं मूल्लेण वा दाणं ।।૭૦।।**
**नंदिबलिपीठकरणं, हीणायाराण गयनियगुरूणं ।।૭૧।।**

"એ શિથિલ સાધુઓ શ્રાવકોને કહે છે કે, કારજ વખતે જિનપૂજા કરો અને મૃતકોનું ધન જિનદાનમાં આપી દો અને આ રીતે પોતાની જાત માટે દેવ દ્રવ્યનો ઉપયોગ કરે છે. જિન મંદિર અને શાળાઓ ચણાવે છે. તીર્થના પંડ્યા લોકોની જેમ અધર્મથી ધનનો સંચય કરે છે. પોતાના હીણાચારવાળા મૃત ગુરુઓનાં દાહસ્થળો પર પીઠો ચણાવે છે; બલિ કરે છે, જિન પ્રતિમાઓ વેચે છે અને ખરીદે છે. વગેરે વગેર."

આ પરથી શ્રી હરિભદ્રસૂરિજીના કાળમાં ચૈત્યવાદનો વિકાર પ્રબળ સ્વરૂપે હતો એની પ્રતીતિ થાય છે.

અને સાધુઓનાં શૈથિલ્ય તથા ચૈત્યવાદનો વિકારનો પારસ્પરિક જન્યજનક ભાવ પણ ઉપરના ઉલ્લેખથીજ સ્પષ્ટ થઈ રહે છે.

## વિકારનું બીજ

જેમ ચૈત્યવાદના વિકારની ઉત્પત્તિનું મૂળ સાધુઓનું શૈથિલ્ય છે. તે જ રીતે ચૈત્યવાદના વિકારથી સાધુઓનાં શૈથિલ્યે પણ ટેકો મળ્યો છે. એમ સંઘપટ્ટકમાં આપેલા ચૈત્ય સંબંધી ચર્ચાના ઈતિહાસથી સિદ્ધ થાય છે. એ ઈતિહાસમાં જણાવવામાં આવ્યું છે કે, જ્યારે શ્રાવકો ધાર્મિક કાર્યો તરફ દુર્લક્ષ્ય કરવા લાગ્યા અને

* આ પ્રકરણમાં લોંકાશાહ વખતે ચૈત્યવાદનો વિકાર કેવા સ્વરૂપમાં હતો તે બતાવવામાં આવ્યું છે. રખે કોઈ તેનાં અવળો અર્થ લઈ લે.

કેટલીક ધાર્મિક પ્રવૃત્તિઓ કે જે શ્રાવકોને કરવા યોગ્ય હતી તે બંધ પડવા લાગી. તેવે સમયે એ બધી પ્રવૃત્તિઓને ચાલુ રાખવા માટે અને એ ધાર્મિક કાર્યોને સંભાળવા માટે નિર્ગંથ સાધુઓને પણ પોતાના સંયમનો ભોગ આપવો પડ્યો હતો, મંદિરાદિની વ્યવસ્થા કરવી પડી હતી અને તે માટે પૈસા વગેરેનો સંપર્ક, તેનો હિસાબ અને લેવડ દેવડ વગેરે પણ ઘણું કરવું પડ્યું હતું.

ચૈત્યવાદની વિકૃતિના આટલા ટૂંક નિદર્શન પછી આ નીચેના બે દૃષ્ટાંતોથી તેવી પરિસ્થિતિમાં સાધુઓની શિથિલતાનો પ્રારંભ ક્યાંથી કેવી રીતે અને કેટલો થયો હતો, તે જાણવું સુલભ થશે તેમ ધારી નીચે બેઉ ઉલ્લેખ આપ્યા છે.

એકદા સિદ્ધસેનસૂરિ જેવા મુનિરાજને વિક્રમાદિત્યે એક કરોડ રૂપિયાની રકમ આપવા માંડી હતી અને તે રૂપિયા વિક્રમના ચોપડામાં પણ લખાઈ ચૂક્યા હતા.

વળી લાલ નામના એક જૈન શ્રાવકે જીવસૂરિ નામના આચાર્યને રૂપિયા ૫૦ હજાર અર્પણ કરવાની ઇચ્છા દર્શાવી હતી. આવા બે સ્પષ્ટ ઉલ્લેખો છે.''

(જુઓ - પ્રભાવકચરિત્ર પૃ. ૮૫-૯૫)

જો કે આ આચાર્યોએ પોતાનો સાધુધર્મ જાળવવા અને પોતાનું અકિંચનત્વ બતાવવા માટે તે પ્રલોભનનો અસ્વીકાર કર્યો હતો. પરંતુ એક જૈન શ્રાવક જૈનાચાર્ય સાધુને કંચનનું આવું ખુલ્લું આમંત્રણ કરે એ વસ્તુ આજે પણ કેટલી બેહૂદી લાગે છે ? એક સામાન્ય માણસ પણ આ પરથી સ્પષ્ટ સમજી શકશે કે તે વખતના કોઈ કોઈ સાધુઓમાં ધનાદિ રાખવાની પ્રવૃત્તિ ચાલુ હોવી જોઈએ.

જો કે આ ધનાદિ ગ્રહણ કરવાની પ્રવૃત્તિનો પ્રારંભ લોકકલ્યાણના હેતુપૂર્વક થયો હશે અને શરૂઆતમાં નિસ્પૃહ વૃત્તિથી તેનો સદુપયોગ પણ થતો હશે. પરંતુ કંચન એ એક એવી વસ્તુ છે કે તેના સંસર્ગથી બીજા દોષોની પરંપરા જાગે. આથીજ વીતરાગના સાધુઓ માટે શાસ્ત્રમાં ધનનો સંસર્ગ સર્વથા વર્જ્ય કરવાનું ભારપૂર્વક કહેવામાં આવ્યું છે. કિંતુ શિથિલ માનસ કદી નિયમની શૃંખલાથી બંધાયું છે ?

આ રીતે બૌદ્ધના મધ્યમવાદની અસરથી જેમ શાસ્ત્ર વિરુદ્ધ ધનાદિ સંસર્ગની પ્રવૃત્તિ જૈન સાધુઓમાં પેસી ગઈ તેજ રીતે ચૈત્યવાદનો વિકાર પણ પાસેના વાતાવરણને લઈને જૈનધર્મમાં પેસીને વધતો ગયો હોય તેમ જણાય છે.

તે ચૈત્યવાદ વિકૃત થતાં જૈનધર્મમાં શૈથિલ્ય પોષાયું, અને તે અધઃપતન લોંકાશાહ સુધીના કાળમાં તો કેટલું આગળ વધ્યું તે પૂર્વ ઈતિહાસથી જોયું અને હજુ પણ જોઈશું. તે પહેલાં બૌદ્ધધર્મ અને ચૈત્યવાદની સમાલોચના કરી લેવાથી સત્યશોધન કરવું ઠીક થઈ પડશે.

## બૌદ્ધધર્મ અને ચૈત્યવાદ

બૌદ્ધધર્મમાં પણ પ્રથમ મૂર્તિવાદ હતો જ નહિ તે નીચેના ઐતિહાસિક ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે.

"मूर्तिपूजा की उत्पत्ति या तो यही की बसी हुइ जंगली जातियों की नकल करके हुइ होगी या उस समय की बाहरसे धाबा करनेवाली जातियों की देखादेखी से सीखी गइ होगी । ★★★

बुद्धके जीवनमें शायद उनके लिये कोई मंदिर नही बना था । परंतु उनकी मृत्युके उपरांत बहुतसे मंदिर बने गये । जिनमें उनकी मूर्तियां रक्खी गई ।

जब तान्त्रिक बौद्धमतका प्रचार बढा तब बहुतसे मंदिर बनाये जाने लगे। तान्त्रिक मतके अनुसार बौद्ध, वैष्णव और शैव मतों का मेल होकर ऐसा धर्म निकला जिसमें देवता और देवीकी पूजा साथ साथ होने लगी । शक्ति या प्रकृति की पूजा पांचवी या छठ्ठी शताब्दीसे शुरु हुई । तान्त्रिक मत ही के बादसे मूर्तिपूजनने जोर पकडा ।

(सरस्वती - १९१९ जुलाई, देवोत्तर का इतिहास पृष्ठ ७-२०)

એટલે કે ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના નિર્વાણ પછી બૌદ્ધધર્મમાં પ્રથમ જ મૂર્તિએ પ્રવેશ કર્યો અને આ રીતે ક્રમપૂર્વક મૂર્તિવાદ ફુલ્યો ફાલ્યો અને વિકૃત થયો. તે વિકારની અસર જૈનધર્મના અનુયાયીઓને થઈ હોય તેમાં જરાયે અસ્વાભાવિક નથી લાગતું.

પંડિત બેચરદાસજીએ સ્થિરચિત્તે ચૈત્યવાદનું અન્વેષણ કરીને એ સ્પષ્ટ ઉચ્ચાર્યું છે કે, "હું હિમ્મતપૂર્વક કહી શકું છું કે, મેં સાધુઓ તેમજ શ્રાવકો માટે દેવદર્શન કે દેવપૂજનનું વિધાન કોઈ અંગસૂત્રોમાં જોયું નથી-વાંચ્યું નથી, એટલું જ નહિ પણ ભગવતી વગેરે સૂત્રોમાં કેટલાક શ્રાવકોની કથાઓ આવે છે તેમાં તેઓની ચર્ચાની નોંધ આવે છે; પરંતુ તેમાં એક પણ શબ્દ એવો જણાતો નથી કે જે ઉપરથી આપણે આપણી ઊભી કરેલી દેવપૂજનની અને તદાશ્રિત દેવદ્રવ્યની

માન્યતાને ટકાવી શકીએ.”

(જુઓ-જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ)

હવે ચૈત્યવાદ કેમ કેમ વધ્યો અને કેવી રીતે વિકૃત થતો હતો તેની સમયસમીક્ષા કરી લઈએ.

## ચૈત્યવાદનો સમય

પં. બેચરદાસજી લખે છે કે ચૈત્યવાદનો વિકાસ જંબુસ્વામીના નિર્વાણ પછી ઘણા સમયે વીર સંવત ૪૧૨ થી ધીમે ધીમે પ્રચાર પામતો જાય છે, અને તે વધતાં વધતાં વીર સંવત ૮૮૨માં મૂર્તિપૂજાના સ્વરૂપમાં પરિણમે છે. જેમ જેમ તે વિકસતો આવે છે તેમ તેમ ચૈત્યશબ્દ પણ અર્થ વિકાર પામતો આવે છે. તે નીચેના ટિપ્પણીથી સમજાશે.

(૧) ચૈત્ય—ચિતા ઉપરનું સ્મારક ચિહ્ન; ચિતાની રાખ.
(૨) ચૈત્ય—ચિતા ઉપરનો પાષાણખંડ; ઢેફું કે શિલાલેખ.
(૩) ચૈત્ય—ચિતા ઉપરનું પીપળાનું કે તુલસી વગેરેનું પવિત્ર વૃક્ષ. (જુઓ-મેઘદૂત, પૂર્વમેઘ, શ્લોક-૨૩)
(૪) ચૈત્ય—ચિતા ઉપર ચણેલા સ્મારકની પાસેનું યજ્ઞસ્થાન વા હોમકુંડ.
(૫) ચૈત્ય—ચિતા ઉપરનું દેરીના ઘાટનું ચણતર - સામાન્ય દેરી.
(૬) ચૈત્ય—ચિતા ઉપરની પગલાંવાળી દેરી કે ચરણપાદુકા
(૭) ચૈત્ય—ચિતા ઉપરનું દેવળ કે વિશાળકાયમૂર્તિ.

(જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિમાંથી)

આ ચૈત્યવાદનો વિકાર એટલો બધો વધી ગયો હતો કે ચૈત્યવાસી મુનિઓએ પણ તેની ઝાટકણી કાઢવામાં બાકી રાખી નથી.

## ચૈત્યવાદના વિકારની ઝાટકણી

ચૈત્યવાદના વિકારની જાહેરાત કરી પહેલી ઝાટકણી કાઢનાર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી થયા. (જેમના વચનો પાછળ ટાંક્યા છે) ચૈત્યવાદના વિકારની ઝાટકણી કાઢનારાઓમાં બીજું નામ જગતચંદ્રસૂરિનું આવે છે. ત્રીજું સ્થાન સંઘપટ્ટકના કર્તા ખડતરગચ્છના આચાર્ય શ્રી જિનવલ્લભસૂરિનું છે. ઉપર વર્ણવેલા આ બધા શ્વેતાંબર સમાજના પ્રતિષ્ઠાપાત્ર જૈનાચાર્યોજ છે.

દિગંબર સંપ્રદાયમાં શ્વેતાંબર જેવું મૂર્તિપૂજાએ વિકૃતસ્વરૂપ લીધું ન હતું. છતાંયે તેરમા સૈકાના એક સમર્થ દિગંબર પંડિત શ્રી આશાધરજી પોતાના મુખથીજ ઉચ્ચારે છે કે,

"આ પંચમ કાળ ધિક્કારને પાત્ર છે, કારણ કે આ કાળમાં શાસ્ત્રાભ્યાસીઓને પણ મંદિરો કે મૂર્તિઓ સિવાય ચાલતું નથી."

(सागार धर्मामृत पृष्ठ ४३)

આ પરથી મૂર્તિપૂજાની વિરોધનાં આંદોલનો તો શ્રીમાન લોંકાશાહ પહેલાં જૈનધર્મમાં ક્યારનાંયે વ્યાપક હતાં એ સ્પષ્ટ થઈ જાય છે. એટલો જ ફેર કે શ્રીમાન લોંકાશાહે કોઈપણ પ્રકારનો ભય રાખ્યા સિવાય ભગવાન મહાવીરના જ સૂત્રોથી તે વિકારને મૂળથીજ નાબૂદ કરવાનું ક્રાન્તિનું મોજું જગતને ચરણે ધર્યું. અને ભારતવર્ષમાં અવનવું જોમ પ્રકટાવ્યું. હવે આ ધર્મક્રાન્તિમાં આપણે લોંકાશાહના કયા કયા સાથીઓ થયા છે તે તપાસીએ.

## લોંકાશાહના સાક્ષીઓ

ગુજરાતના મહાકવિ શ્રી નાનાલાલે શ્વે. સ્થા. જૈન કો.ના સપ્તમ અધિવેશનમાં ગર્જના કરતાં કરતાં જે સાક્ષીઓ ગણાવ્યા હતા તે આપણે તેમના જ શબ્દોમાં અહીં બતાવીશું.

"લોંકાશાહના પહેલા સાક્ષી મહાત્મા લ્યુથર; લોંકાશાહની પછી થોડેક વર્ષેજ થયા; ખ્રિસ્તી પ્રોટેસ્ટંટ સંપ્રદાયના સંસ્થાપક. એમણે ઉચ્ચાર્યું કે રોમન કેથોલિક સંપ્રદાયમાં મૂર્તિપૂજા છે તે ખ્રિસ્તીશાસ્ત્રને સંમત નથી.

લોંકાશાહના બીજા સાક્ષી શ્રીમદ્ વલ્લભાચાર્યજી; લોંકાશાહ પછી થોડેક વર્ષેજ થયા; પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના સંસ્થાપક. એમણે મૂર્તિપૂજા તજાવી નથી પણ પોતાના ષોડશગ્રંથોમાં શ્રીમુખે ભાખ્યું છે કે મૂર્તિપૂજાથી માનસિક પૂજા ઉત્તમ છે.

લોંકાશાહના ત્રીજા સાક્ષી શ્રી સ્વામીનારાયણ, ૧૮મા સૈકાની આખરે ને ૧૯મા સૈકાની આદિમાં થયા. શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્થાપક. શ્રીમદ્ વલ્લભાચાર્યની પેઠે એમણે પણ મૂર્તિપૂજા તજાવી નથી. પણ સંપ્રદાયમાં દૃઢતાથી પ્રવર્તાવ્યું છે કે મૂર્તિપૂજાથી માનસિક પૂજા શ્રેષ્ઠ છે.

લોંકાશાહના ચોથા સાક્ષી રાજા રામમોહનરાય; ૧૮મા સૈકાની આદિમાં થયા. શ્રી બ્રહ્મસમાજ ને પ્રાર્થનાસમાજ સંપ્રદાયના સંસ્થાપક. એમણે ઉચ્ચાર્યું કે મૂર્તિપૂજા એ સાચું પૂજનવિધાન નથી.

લોંકાશાહના પાંચમા સાક્ષી મહર્ષિ દયાનંદ સરસ્વતી; ૧૯મા સૈકાના ઉત્તર ભાગમાં થયા. શ્રી આર્યસમાજ સંપ્રદાયના સંસ્થાપક. એમણે ઉચ્ચાર્યું કે હિન્દુ ધર્મમાંની મૂર્તિપૂજા વેદસંમત નથી.

સજ્જનો ! લોંકાશાહના એ સાક્ષીઓ જેવા તેવા છે ?

અને એ સહુમાં ઉમેરો ઈસ્લામના સંસ્થાપક પયગંબર મહમ્મદ સાહેબ. એટલે આપની કલ્પનામાં પૂરું ઊતરશે કે મૂર્તિપૂજા વિરુદ્ધનાં મહાબળ જગતમાં કયાં કયાં થઈ ગયાં."

કવીશ્વરની આ નામાવલિમાં હજુ ઉમેરો કરવો હોય તો કરી શકાય તેમ છે. સોળમા અને સત્તરમા સૈકાની આસપાસ થયેલા અનુક્રમે કબીર, નાનક અને દાદુનાં નામોથી પણ ભારતવાસી ભાગ્યેજ અજાણ્યો હશે.

જૈનધર્મના સાક્ષીઓ જોતા હોય તો પણ આ રહ્યા. દિગંબર સમાજમાં ૧૭મા સૈકાની આખરે પંડિત બનારસીદાસજી થયા. આગ્રામાં દિગંબરસમાજનો ક્રિયોદ્ધાર કરનાર તે પણ પક્કા સુધારક હતા. દિગંબરી તેરા (તારણ) પંથનો સંપ્રદાય તેનો અનુયાયી કહેવાય છે.★

આટલું જોયા પછી લોંકાશાહની ક્રાન્તિ કેવી પ્રેરક અને સત્ય હતી તે બહુ સ્પષ્ટ કરવાની હવે જરૂર રહેતી નથી.

આ સ્થળે મૂર્તિપૂજાની યોગ્યાયોગ્યતા પણ વિચારવી આવશ્યક લાગે છે. તેથી અધિકારવાદની શૃંખલાનો ત્રીજો મુદ્દો થોડીવાર સ્થગિત કરીને પણ પ્રસ્તુત ચર્ચા હાથ ધરવી ન્યાયસંગત થઈ પડશે.

## મૂર્તિપૂજાની ચર્ચા

મૂર્તિપૂજાની ચર્ચામાં ભિન્નભિન્ન દ્રષ્ટિબિન્દુઓ દ્રષ્ટિ સમક્ષ રાખી આપણે તેને ચાર મુદ્દાઓમાં ચર્ચીશું તો તેનો ન્યાયસંગત તોડ આવી રહેશે.

---

★ આ સંપ્રદાય અમૂર્તિપૂજક તરીકે કહેવડાવે છે. તેની એક કોન્ફરન્સ થોડાંજ વર્ષો પહેલાં ભરાઈ હતી. અને તેના પ્રમુખસ્થાને જૈન સમાજના સુપ્રસિદ્ધ તત્ત્વજ્ઞ શ્રી વાડીલાલ મોતીલાલ શાહને આમંત્રવામાં આવ્યા હતા.

(૧) ભગવાન મહાવીર અને મૂર્તિપૂજા, (૨) લોંકાશાહ અને મૂર્તિપૂજા, (૩) મૂર્તિપૂજાનો ઈતિહાસ અને વિકાર, (૪) નિષ્કર્ષ.

## ભગવાન મહાવીર અને મૂર્તિપૂજા

ભગવાન મહાવીર અને જૈનશાસ્ત્રને મૂર્તિપૂજાની વિધેયતા લેશમાત્ર સ્વીકાર્ય નથી એ આપણે આગળ તપાસી ગયા એટલે એ સંબંધમાં કશું સંદિગ્ધ છે જ નહિ. તેના સમકાલીન બુદ્ધના મૂળસૂત્રોમાં પણ ક્યાંય મૂર્તિપૂજાની ધર્મના અંગ તરીકે વિધેયતા સ્વીકારાઈ નથી.

## લોંકાશાહ અને મૂર્તિપૂજા

જૈન ધર્મમાં જ્યારથી ધર્મના અંગ તરીકે મૂર્તિપૂજાનો પ્રવેશ થયો છે ત્યારથી તેની સાથે ને સાથે ધીમે ધીમે સડાનો પ્રવેશ થતો ગયો છે. માનવી પોતાની પ્રકૃતિ અને સ્વભાવાનુસાર તેને તેવા આકારમાં પલટતો ગયો છે, અને આખરે વૈરાગ્યવૃત્તિ પ્રેરે તેવી તેના પરથી ભાવના રાખતો હોવા છતાં પોતાનાં નેત્રોને ગમે અને વૃત્તિને ઉશ્કેરે તેવું વાતાવરણ મૂર્તિ પાસે ખડું કરતો રહ્યો છે. દેવોને બહાને અને મૂર્તિવાદને ઓઠે સમાજનો એક આગેવાન વર્ગ પોતાનો સ્વાર્થ સાધતો રહ્યો છે.

આથી લોંકાશાહના વખતમાં એ મૂર્તિપૂજાનો વિકાર અક્ષમ્ય હોવાથી ફરી વાર ભગવાન મહાવીરકથિત માનસી-પૂજાની અભિમુખ સમાજનો પ્રતિષ્ઠિત વર્ગ તુરત જ થાય છે. આ મધ્યમ યુગ પછીનો ઈતિહાસ મૂર્તિપૂજાના વિકારનો ઈતિહાસ છે.

## ઐતિહાસિક દૃષ્ટિએ લાભાલાભ

પ્રાચીન વેદમાં મૂર્તિપૂજાને સ્થાન નથી. પણ વેદધર્મમાં પુરાણકાળ પછી મૂર્તિપૂજાના સંસ્કારોનો પ્રવેશ થયો લાગે છે. પરંતુ હિન્દુધર્મમાં પણ सपाणिपादं એટલે કે હાથપગવાળી મૂર્તિનો પ્રવેશ તો મધ્યયુગમાં જ થવા પામ્યો છે. (એમ વેદ ધર્મના તટસ્થ વિચારકોએ કબૂલ કર્યું છે.) તે ગમે તે હો; પરંતુ વેદધર્મ, બૌદ્ધધર્મ કે જૈનધર્મ જ્યાં જ્યાં ધાર્મિક અંગ તરીકે મૂર્તિપૂજાનો પ્રવેશ થયો છે ત્યાં ક્યાંય એ મૂર્તિપૂજા વિકારમાં પરિણમ્યા સિવાય રહી નથી. અને જે આચાર્યોએ વિકાસના લાભ ખાતર તેનો સ્વીકાર કે પ્રચાર કર્યો છે, તેઓની પાછળ તેમના

શિષ્યોને તે વિકાર અટકાવવા માટે નિષેધ કરવો પડ્યો છે, તે ઉપરનો મધ્યમયુગનો ઇતિહાસ કહે છે.

અર્વાચીન કાળમાં લોંકાશાહ પછી મૂર્તિપૂજાના વિરોધનું એક પ્રબળ મોજું ધસી આવે છે. હિન્દુધર્મમાં પણ તે આંદોલનો પહોંચી વળે છે. હવે આપણે વર્તમાનકાળના વાતાવરણ પર આવીએ.

ગુજરાતના વિદ્વાનોમાં ઉચ્ચસ્થાન ધરાવતા શ્રી કાકાસાહેબે કહ્યું છે કે★ 'મનુષ્ય જ્યાં સુધી સામેની ઘડાયેલી મૂર્તિ એ મૂર્તિ જ છે પણ ઈશ્વર પ્રત્યેની આપણી ભક્તિ વ્યક્ત કરવા માટે આપણે એમાં ઐશ્વર્યનું આરોપણ કરીએ છીએ એમ સમજવા માટેની યોગ્યતા ન ધરાવે ત્યાં સુધી તેને માટે મૂર્તિપૂજા કશી લાભદાયક થતી નથી. સામાન્ય લોકો એમ કહે છે કે : "મૂર્તિપૂજા તો જોઈએ, તે અવલંબન છે.' આ દલીલ મારે ગળે ઊતરી નથી, હું તો ઊલટો એમ માનું છું કે, ગમે તે માણસ મૂર્તિપૂજા ન કરી શકે. ધાર્મિક વિચારો અમુક ઉચ્ચતા સુધી પહોંચ્યા હોય તોજ મૂર્તિપૂજા સદે છે. નહિ તો અજ્ઞાન, વહેમ અને અનાચારની જનની બને છે. આથી જ ધાર્મિક ક્રાન્તિકાર ગુરુઓને એનો સખ્ત વિરોધ કરવો પડે છે. અરબસ્તાન, સિરિયા ખાલ્ડિયા, મિસર વગેરે દેશમાં અનધિકારી લોકોમાં મૂર્તિપૂજાએ કાળો કેર વર્તાવ્યો. તેથી અકળાઈને અબ્રહામ, મુસા, મહમ્મદ વગેરે ખુદાપરસ્ત પયગમ્બરોને તેનો સખ્ત વિરોધ કરવો પડ્યો છે.

મૂર્તિપૂજાથી જાતજાતની પાર્થિવ પૂજાનું બીક કે લાલચથી ધ્યાન ધરીને મનુષ્યો બીકણ કે લોભી જ થવાના, દાસવૃત્તિ કેળવી ગુલામ જ થવાના. આનાં પ્રત્યક્ષ ઉદાહરણો આજની પ્રત્યક્ષ પરિસ્થિતિ છે. મારી આ દૃષ્ટિ ભૂલ ભરેલી ન હોય તો અગ્રેસર કોમો ભલે મૂર્તિપૂજા કરે, વેદાંતશાસ્ત્ર જાણનાર પંડિત પથરા ભલે નવડાવે-ખવડાવે; પરંતુ પછાત કોમોને એ કેદમાં તો ન જ રાખવી જોઈએ."

(આ પ્રમાણે વિચારક અને તત્ત્વજ્ઞ વિદ્વાન કાકાસાહેબે કહ્યું છે.)

શ્વેતાંબર જૈન પંડિત બેચરદાસજી પણ "જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ"માં લખે છે કે, "જે મૂર્તિઓ શ્વેતાંબર જૈનોને તાબે છે તેઓનું સૌંદર્ય અને શિલ્પ તેઓએ ટીલાં, ચગદાં અને બનાવટી આંખો ચોડીને તથા એ પ્રકારનાં બીજાં શિષ્ટાડસંગત અને અશાસ્ત્રીય આચરણો આચરીને અને કેટલીક કૃત્રિમતાઓ કરીને નષ્ટભ્રષ્ટ કરી નાખ્યું છે, છતાં તેઓ મૂર્તિપૂજકતાનો દાવો કરે છે એને હું

★ એક મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમણે આપેલું પ્રવચન.

ધર્મદંભ કે ઢોંગ સિવાય બીજું માની શકતો નથી. પૂજ્યની મૂર્તિને પૂતળીની પેઠે મનગમતી રીતે નચાવતાં પણ તેની પૂજકતાનું સૌભાગ્ય આ સમાજે જ પ્રાપ્ત કર્યું છે ! આ સ્થિતિથી તો એક મૂર્તિપૂજક તરીકે મને પણ દુ:ખ થાય છે."

**નિષ્કર્ષ**

આ રીતે પૂર્વકાળ અને પશ્ચાતકાળ એમ ઈતિહાસની બન્ને બાજુ તપાસી લીધા પછી કોઈપણ એક તટસ્થ અને તત્ત્વાન્વેષી મનુષ્ય માટે એ નિષ્કર્ષ નીકળી આવે છે કે મૂર્તિપૂજાનો વિકાર એ સર્વથા હાનિકારક હોવાથી અસ્વીકાર્ય છે. અને એ મૂર્તિપૂજા આજ સુધી જેમ જેમ વિવિધ રૂપે ફૂલતી ગઈ છે તેમ તેમ ઓછાવત્તા વિકારને વધાર્યે ગઈ છે અને તેથી જ જૈનધર્મની આ શિથિલતા દૂર કરવા માટે મૂર્તિપૂજા સામે શ્રીમાન લોંકાશાહને ક્રાન્તિ કરવી પડી છે.

લોંકાશાહનો પ્રસ્તુત પ્રસંગ આ વસ્તુને સ્પષ્ટ કરે છે એ પૂરતું ઐતિહાસિક દૃષ્ટિબિન્દુએ આલેખન છે. તેમજ લોંકાશાહના સમયની ચૈત્યવાદના વિકારની આ પરિસ્થિતિ બતાવવાની કપરી ફરજ બજાવવામાં સત્યનું સ્પષ્ટ નિદર્શન કરવા જતાં કોઈ ભાઈનું દિલ દુભાય તો હું નમ્ર ભાવે ક્ષમા યાચું છું.

**મન્તવ્ય**

વર્તમાન સમય માટે મારું સ્વતંત્ર મન્તવ્ય તો એ છે કે જેઓને મૂર્તિપૂજામાં શ્રેય લાગતું હોય તો તેનો વિરોધ કરવો ઈષ્ટ નથી, પણ તેઓ જે મૂર્તિમાં વીતરાગ અને યોગીભાવ કલ્પે છે તે પર યોગીને છાજે તેવુંજ સંયમી અને સાદું વાતાવરણ હોવું જોઈએ. તેવી સીધી અને સત્ય વસ્તુ ભૂલી જઈ વિકૃતિવર્ધનો ન કરે તેમજ જેમને તેવું બાહ્ય પૂજન ઉપયોગી ન લાગતું હોય તો તેને ફરજ પાડવી તે ઈષ્ટ નથી. હું તો જૈનદર્શનને વિશ્વદર્શન તરીકે માનું છું અને જે વિશ્વદર્શન હોય તેમાં બધાંય દૃષ્ટિબિન્દુઓનો સમાવેશ હોવો જ જોઈએ. તેથી મૂર્તિ માનનારા કે ન માનનારા બન્નેને એક વસ્તુ ખાસ વિચારવાલાયક છે અને તે એ છે કે શાસ્ત્રને કે સામર્થ્યને આગળ ધરી કોઈ પણ સિદ્ધાંતનો કદાગ્રહપૂર્વક પ્રચાર ન જ કરે.

હવે આપણે ક્રાન્તિનાં બાધક કારણભૂત ત્રીજા મુદ્દા પર આવીએ.

## અધિકારવાદની શૃંખલા

લોંકાશાહની ક્રાન્તિનું ત્રીજું કારણ અથવા બીજી રીતે ઊંડાણથી જોતાં મુખ્ય કારણ (બધા વિકારનું મૂળ આ વૃત્તિમાંથીજ ઉત્પન્ન થયું છે) અધિકારવાદની શૃંખલા છે.

## બ્રાહ્મણ ધર્મની અસર

બ્રાહ્મણોએ તે વખતે આ કપોલકલ્પિત સૂત્રોનો પ્રચાર કરવા માંડ્યો હતો કે **स्त्रीशूद्रो नाधियेयाताम्** શાસ્ત્ર ભણવાનો શૂદ્ર કે સ્ત્રીઓને અધિકારજ નથી. (હિન્દુ ધર્મનો મુખ્ય આધાર બ્રાહ્મણ વર્ગ પર હતો. પ્રાચીનકાળમાં તેઓ ચારિત્ર્યશીલ, સંયમી અને તપસ્વીઓ હતા. અને તેથી પ્રજા વર્ગની સંસ્કૃતિનું જોખમી સુકાન તેમના જ હાથમાં સોંપવામાં આવતું હતું. પરંતુ પાછળથી તેઓ જેમ જેમ પોતાના ધર્મથી પતિત થતા ગયા* તેમ તેમ પોતાના અધિકાર કાયમ ટકાવવા માટે પોતાના સંસ્કૃતિસુધારને બદલે પ્રજાવર્ગની આંખે આવી રીતે પાટા બાંધવા લાગ્યા.

આ રીતે જૈન ધર્મની શ્રમણ અને શ્રાવક સંસ્કૃતિમાં પણ જેમ જેમ શિથિલતા આવવા લાગી તેમ તેમ જૈનધર્મમાં પણ અધિકારવાદની અસર થવા લાગી અને તે એટલી હદ સુધી કે બ્રાહ્મણોએ તો માત્ર સ્ત્રી અને શૂદ્રને માટે અધ્યયન વર્જ્ય કર્યું હતું. પરંતુ આ શિથિલ સાધુઓએ તો પોતાના સિવાય બીજા કોઈ વાંચી શકે જ નહિ તેવી ભાવનાનો પ્રચાર કર્યો.

## અધિકારવાદનો વિકાર

અધિકારવાદની શૃંખલા માત્ર આટલેથી જ અટકી નહિ. તેણે માંહોમાંહે પણ પોતાના ભક્તોનાં ટોળાં જમાવવાનો ક્ષુદ્ર પ્રયાસ શરૂ કરી દીધો. પોતાના શૈથિલ્યને સુધારવાને બદલે તેને છાંદવાનો પ્રયાસ કરનારને કેટલી અધોગતિ તરફ વળવું પડે છે તેનો આ એક માત્ર નમૂનો છે. આ અધિકારવાદની શૃંખલા માત્ર લોંકાશાહના જ સમયમાં નહિ બલ્કે તેથી પણ આગળથી ઊતરી આવી છે. તેનું પ્રમાણ શ્રી હરિભદ્રસૂરિના વચનોથી આ રીતે સિદ્ધ થાય છે. સંબોધ પ્રકરણમાં લખ્યું છે કે "એ શિથિલ સાધુઓ પોતાના શ્રાવકને સુવિહિત સાધુઓ પાસે ઉપદેશ સાંભળવાની તો શું પરંતુ તેની પાસે જવાની સુદ્ધાં મનાઈ કરે છે. તેના કથનથી વિરુદ્ધ વર્તે તો તેને સર્પ વગેરે દેખાવનો ભય દેખાડે છે. પોતપોતાની

*આ કાળમાં બ્રાહ્મણોની શી પતન દશા હતી અને તેઓનું કેમ પતન થયું ? તેનો સ્પષ્ટ ઉલ્લેખ અને ચિતાર બૌદ્ધના 'બ્રાહ્મણ ધમ્મો' નામના ઓગણીશમા સૂત્રમાં આપેલો છે.

જુઓ - સુત્તનિપાત સૂ. ૧૯

બડાઈ ગાય છે. ગૃહસ્થોને રાજી રાખવા ઘેર ઘેર જઈને ધર્મકથાઓ કહેતા કહેતા ભમે છે. ગૃહસ્થોનું બહુમાન કરે છે."

સંઘની છિન્નભિન્નતા કરવા અને શાસ્ત્રોનો વિદ્રોહ કરવા સિવાય આમાં બીજો શો હેતુ હશે ! તે પાઠક સ્વયં સમજી શકે છે.

આ રીતે ઉપરના જૈન શાસનના વિરોધક ત્રણ કારણોએ જ લોંકાશાહને જન્માવ્યો છે. એ ત્રણે કારણો દેખીતી રીતે ભિન્ન ભિન્ન હોવા છતાં તેનું મૂળ એકમાં જ સમાપ્ત થઈ જાય છે. મૂળ ઊખડી ગયા પછી વૃક્ષ ઊખેડવાને માટે બીજો પ્રયાસ કરવાની જરૂર નહિ પડે. એ લોંકાશાહના માનસમંથને ધીમે ધીમે સિદ્ધ કર્યું અને ત્યાર પછી એણે અધિકારવાદની શૃંખલા ઉખેડવાનો પ્રયાસ આદરી દીધો. એ અધિકારવાદની જડ કેટલી જૂની હતી તે આપણે પાછળ જોઈ ગયા છીએ. હજારો વર્ષોની તેવી ઊંડી જડ ઊખેડવા માટે લોંકાશાહે કેવો સુંદર અને સરળ માર્ગ અખત્યાર કર્યો તે આપણે લહિયા અને સત્યશોધક તરીકે પ્રસિદ્ધ થયેલા લોંકાશાહના જીવનપૃષ્ઠ પરથી વાંચી શકીશું.

એક ઉત્તમ રાજકર્મચારી, શેઠ અને હજારોનું શ્રદ્ધેયપાત્ર લહિયાનો ધંધો સ્વીકારે તેમાં કેટલું ગંભીર રહસ્ય છે તે સ્પષ્ટ સમજાશે. સત્ય ખાતર અપાતાં બલિદાન કંઈ જેવાં તેવાં હોતાં નથી. સત્યના શોધન ખાતર તો લોંકાશાહે જીવન સમર્પી દીધું અને ત્યારે તો આપણે એ ક્રાન્તિકારના જીવનસદનમાં ડોકિયું કરી ગૌરવ લઈ શકીએ છીએ કે લોંકાશાહ ખરેખર એક પ્રબળ ક્રાન્તિકારી હતા. અદ્વિતીય હતા, અપ્રતિમ હતા.

## અધિકારવાદની શૃંખલાએ શું કર્યું ?

સાધુઓનું શૈથિલ્ય ચૈત્યવાદના વિકારનું જનક હતું તે આપણે તપાસી ગયા. અધિકારવાદની શૃંખલા ઉપરના બન્ને વિકારોને જાળવી રાખવાનો એક ગઢ થયો. સાધુઓનું જેમ જેમ શૈથિલ્ય વધતું ગયું તેમ તેમ તેઓએ પોતાના સાધુ ધર્મ તરફ બેદરકાર બની લોકાનુકૂળ પ્રવૃત્તિઓ હાથ ધરવા માંડી. બીજી તરફ પોતાના મનની નિર્બળતાઓ શ્રાવક સંઘ ન જાણી જાય તે માટે અધિકારની બેડી લોકો પર લાદવાનું શરૂ કર્યું. ધર્મશાસ્ત્રો વાંચવાનો ગૃહસ્થને અધિકાર નથી. તે તો માત્ર સાંભળી જ શકે. ગૃહસ્થોએ અમારા શબ્દોને અક્ષરશઃ માન્ય કરવા જોઈએ. તેમાં શંકા કરે તે મિથ્યાત્વી ગણાય. દેવ, ગુરુ અને ધર્મ પર

શ્રદ્ધા રાખે તે સમક્તિ કહેવાય. ગુરુ એટલે અમે અને ધર્મ એટલે અમે બતાવીએ તે માર્ગ. ઇત્યાદિ.

અધિકારવાદની આ બેડીથી સમાજ ચક્ષુઅંધ બન્યો. સત્યાસત્ય વિચારવાની વિવેકબુદ્ધિ નષ્ટ પામતી ગઈ અને આ રીતે 'જેનો વડીલ આંધળો તેનું કટક કૂવામાં' એ કહેવત અનુસાર સંઘની નાવના સુકાનીઓ પોતે ડૂબતા ગયા અને સંઘને ડુબાડતા ગયા.

## સત્યશોધન

આપણે ગત પ્રકરણમાં એ જોઈ ગયા છીએ કે લોંકાશાહ નિવૃત્ત થઈને હવે સમાજના કાર્યમાં જોડાયા હતા. જેમ જેમ લોંકાશાહ ધર્મકારણમાં અને સંઘ સ્થિતિમાં ઊંડા ઊંડા ઊતરતા ગયા તેમ તેમ તેને બહારથી સંઘ જેટલો સુંદર દેખાતો હતો તેટલોજ અંદરથી (આગળ કહેવાઈ ગયેલો) સડેલો વધુ ને વધુ સ્પષ્ટ દેખાવા માંડ્યો. શાસનપ્રભાવનાને નામે જનતામાં બણગાં ફૂંકનાર સાધુ વર્ગનું જ અંદર પોકળ જોઈ તેનું અંતર કકળી ઊઠ્યું. આ બધો ઉપરનો વાણી વિલાસ છે એવું જ્યારે તેને સ્પષ્ટ જણાયું ત્યારે તેની વિવેકબુદ્ધિ સત્ય તરફ વધુ ને વધુ આકાંક્ષિત બનતી ગઈ. આજ સુધી રૂઢિથી 'તહત્ત તહત્ત' કર્યે જતા હતા તેમાં, શા માટે ? આમ કેમ ! એવા એવા વિચારો અને પ્રશ્નો થવા લાગ્યા.

તેને એમ થયું કે ભગવાન મહાવીરનો શું આ શ્રમણ-સંઘ ? પાલખીઓમાં ફરવું, મોજો માણવી, ગમે તેવું ખાવું, ગમે ત્યાં જવું, અતિ મૂલ્યવાન વસ્ત્રો પહેરવાં, લોકોને બોજા રૂપ થવું, આ શું સાધુત્વ હશે ! ક્ષમા, દયા અને ઉદારતાના સાગર સમા ભગવાન મહાવીરના સંઘમાં ધર્મને નામે આટલા ઝઘડા, પક્ષપક્ષના ભેદો; આ બધું શું સ્વીકાર્ય હશે ! વિવેકબુદ્ધિથી તો ખરેખર આ વાત ગળે ઊતરે તેમ નથી.

જો ભગવાન મહાવીર ખરેખર લોકકલ્યાણ માટેનો માર્ગ બતાવી ગયા હોય, તેના શાસનમાં ખરેખર આખા વિશ્વના મનુષ્યનો સમાવેશ હોય તો તેનો સંઘ આવો કેમ હોઈ શકે ! આજે જૈનધર્મ સિવાયના બીજા જે મતો કે ધર્મો છે તેના જીવનમાં અને જૈનધર્મના અનુયાયીઓના જીવનમાં તો કશુંયે અંતર દેખાતું નથી. જેવી રૂઢિઓ, જેવા વહેમો અને જેવી અશાંતિ બીજે છે તેવી જ અહીં છે. છતાં અમારા એ ગુરુઓ તો એમ કહે છે કે અહીં જ મોક્ષ છે, બીજે નથી. આ શું સાચું હશે ?

લોંકાશાહને ભગવાન મહાવીર અને તેમના આ અનુયાયી વર્ગની દશા; એ બન્નેમાં વિરોધ ભાસવા લાગ્યો. અને અંતે તેમને એમ પણ જણાયું કે આજનો સંઘ ઊલટે માર્ગે દોરાઈ રહ્યો છે. ભગવાન મહાવીર, તેમનાં શાસ્ત્રો અને ધર્મને નામે કેવળ પોતાનો ક્ષુદ્ર સ્વાર્થ જ પોસાઈ રહ્યો છે. કોઈપણ શાસ્ત્ર સત્યથી વિરુદ્ધ હોઈ જ ન શકે. (સત્યથી વિહિત હોય તે જ શાસ્ત્ર કહેવાય) કોઈપણ ધર્મમાં અધર્મના ચિહ્નો શોભી શકે નહિ. માટે શાસ્ત્રોનું મૂળ રહસ્ય તપાસી લેવું જોઈએ.

શાસ્ત્રો પર તો અધિકારવાદની શૃંખલા હતી. ગ્રંથો વાંચવા મળી શકે, પરંતુ તેમાં તો કંઈક કપોલકલ્પિત વાતો હોવાથી લોંકાશાહની બુદ્ધિનું સમાધાન થાય તેમ ન હતું. તેમને વારંવાર એમ જ થયા કરતું અને તેમનું અંતઃકરણ વારંવાર ઉચ્ચારતું કે, વીતરાગના શાસનમાં આમ ન હોય સૂર્ય આગળ અંધકાર ન શોભે, માત્ર મૂળ શાસ્ત્રોને જ જોવાં.

આ નિશ્ચય સીધી રીતે પાર પડે તેમ હતું જ નહિ. કારણ કે બધાં શાસ્ત્રો સાધુજીઓના જ અધિકાર નીચે રહેતાં. તે વખતે આજના જેવો છાપકામનો વિકાસ નહોતો. બધા ઉપયોગી ગ્રંથો હાથથી જ લખાતા. વીર લોંકાશાહને ક્રાન્તિમાં એ જ વસ્તુ સહાયક થઈ પડી. વીર લોંકાશાહને આ ઉપાય સૂઝી આવ્યો અને તેનું હૈયું હર્ષથી નાચી ઊઠ્યું.

## એક મુનિનો મેળાપ

લોંકાશાહે નોકરી તો પહેલેથી જ છોડી દીધી હતી અને હવે તેઓ લેખનના કામમાં જ જોડાઈ ગયા હતા. અક્ષર તો તેમના બાળપણથી જ મોતીના દાણા જેવા સુંદર અને મોહક હતા. અને જેમ જેમ તેઓએ લખવાનો અભ્યાસ ચાલુ રાખ્યો તેમ તેમ તેમનો તે કળામાં વધુ ને વધુ વિકાસ થતો ગયો.

એકદા જૈન સંઘમાં પ્રતિષ્ઠિત શ્રાવકજી લોંકાશાહને ઘેર ભિક્ષાર્થે એક જ્ઞાનજી નામના મુનિરાજ જઈ ચડ્યા. મુનિશ્રી ખૂબ નિખાલસ હૃદયના અને શાંત પ્રકૃતિના સાધુ હતા. તેમનું ભવ્ય વદન જોઈ લોંકાશાહને તેમના પ્રત્યે બહુમાન ઉત્પન્ન થયું. મુનિશ્રી પણ તેમના ભક્તિભાવથી બહુ સંતુષ્ટ થયા. લોંકાશાહે સાધુજીના પાત્રમાં નિર્દોષ ભિક્ષા વહોરાવી.

આ બધી ક્રિયાઓ વખતે લોંકાશાહના અંતઃકરણમાં ઊંડી ઊંડી કંઈક અસર થઈ જતી હતી. કોઈ પ્રછન્ન તત્ત્વ તેને પ્રેરણા ન આપી રહ્યું હોય ! તેમ

લાગ્યા કરતું હતું. ભિક્ષા લઈને પાછા ફરતાં એ મુનિરાજની દૃષ્ટિ, સામે ઉઘાડા પડેલ ગ્રંથ પર પડી. તેનું દિલ આકર્ષાયું. જેમ જેમ અક્ષરો જોતા જાય તેમ તેમ તેમની દૃષ્ટિ ઠરતી જાય. અને મનમાં એમ થયા કરે કે કેવા સુંદર અક્ષરો છે ! થોડી વાર પછી મુનિ વિદાય થયા. અને લોંકાશાહને કહેતા ગયા કે અવકાશ મળે ત્યારે ઉપાશ્રયે આજે જરૂર ભાવ રાખજો.

### મુનિશ્રીના વિચાર

મુનિશ્રીને એમજ થયા કરતું હતું કે, આવા અક્ષરોથી આગમો લખાય તો બહુ સારું. ત્યાં તો લોંકાશાહ ઉપાશ્રયે આવ્યા. બહુ માનથી વંદન નમસ્કાર કરી યથાસ્થાને બેઠા પછી કેટલીક સામાન્ય ધર્મચર્ચા ચાલી. મુનિશ્રીનાં મનમાં થયા જ કરતું હતું તેથી તેણે વાત વાતમાં લોંકાશાહને કહ્યું કે તમારા અક્ષરો બહુજ સારા છે, પરંતુ અમોને શા ખપના !

(આમ કહેવાનું કારણ એ કે, આ મૂળ ગ્રંથો સાધુજી પોતાના જ સ્વહસ્તે લખતા હતા. ગૃહસ્થો પાસે લખાવવાનો રિવાજ ચાલુ ન હતો. આ નિયમ પ્રચલિત થવાનાં ઘણાં કારણો હોઈ શકે. (૧) પરાધીનતા, (૨) લખનારો ગૃહસ્થ કંઈક પણ પ્રતિદાનની આશા રાખે, (૨) લેખનમાં કંઈક ભૂલ થાય અને (૪) સાધુના નિયમો અને આચારથી પરિચિત થઈ જાય. આ નિયમ પ્રચલિત થયો હશે ત્યારે તો ઉપરના ત્રણ નિયમો હશે. પરંતુ આપણે જે સમયની વાત કરીએ છીએ તેવી પરિસ્થિતિમાં તો આ ચોથું કારણ જ મુખ્ય હશે. શાસ્ત્રોની મૂળ વસ્તુ જાણી ગયા પછી અધિકારવાદ નહિ ટકી શકે એમ સાધુજીને લાગતું હોય તો તેમાં શી નવાઈ !)

આવો કિસ્સો સાંભળતા લોંકાશાહના અંગેઅંગમાં ઉત્સાહ અને આશાનાં કિરણો પ્રસરી રહ્યાં. લોંકાશાહ બોલ્યા કે ગુરુદેવ ! આપજ અમને 'समणोवासग' (શ્રમણ સંઘના ઉપાસક) કહો છો તો સેવાનો લાભ આપવા કૃપા નહિ કરો ? લોંકાશાહની ભક્તિ અને પ્રેમ જોઈ મુનિશ્રીએ દશવૈકાલિકની એક કાઢી રાખેલી પ્રત લખવા માટે લોંકાશાહના હાથમાં સોંપી. લોંકાશાહે તેનો ભક્તિપૂર્વક સ્વીકાર કર્યો, અને આજ્ઞા લઈ ઉત્સાહભેર ઘર ભણી વળ્યા.

### લોંકાશાહનું દૂંટન

લોંકાશાહની ઘણા વખતની ભાવના આજે પરિપૂર્ણ થતાં તેના આનંદનો કંઈ પાર રહ્યો નહિ. ખાવામાં, પીવામાં, બેસવામાં, ઊઠવામાં તેનું એકજ ધ્યાન જાણે સાક્ષાત ભગવાન મહાવીરનાં કંઈક જન્મોની ઝંખના અને પ્રયાસ પછી

દર્શન થયાં ન હોય ! તેવો તેને અપૂર્વ ઉલ્લાસ પ્રગટ થયો. રાત્રિની મીઠી શય્યાએ તેને મધુર મધુર સ્વપ્નાં આવ્યાં. કોઈ પણ મહાન જ્યોતિ તેના અંગોમાં જ્યોત રેડી અદૃશ્ય થતાં તેણે નીહાળી. પ્રભાતનો પ્હો ફાટતાં જ ઉષાના ચમકાર સાથે તે વીર યોદ્ધો જાગૃત થયો.

સ્વસ્થ થયા પછી નિત્યના નિયમ પ્રમાણે પોતાના સ્થાન પર બેસી પોતાના પરમ પિતાના એ શબ્દદેહનું દર્શન કરવા આતુર બનેલા એ વીર લોંકાશાહે શ્રી દશવૈકાલિકસૂત્રનું* પહેલું જ પાનું હાથમાં લીધું અને પ્રારંભમાં જ તેને આ શ્લોક નજરે પડ્યો. એ શ્લોક તેણે વાંચ્યો અને ફરી ફરી વાંચ્યો. તે શ્લોક આ પ્રમાણે હતો : (કે જે આજ પણ આપણા સદ્‌ભાગ્યે મૂળ સ્વરૂપે તેવાને તેવા જ આકારમાં સ્વસ્થ રહ્યો છે. તેમાંથી યુગે યુગે નવું નવું મળી રહે છે.)

**धम्मो मंगलमुक्किठं, अहिंसा संजमो तवो ।**

**देवा वि तं नमंसंति, जस्सधम्मे सया मणो ॥**

**અર્થ** : ધર્મ એ સર્વોત્તમ (ઉચ્ચ પ્રકારનું) મંગળ છે; અહિંસા, સંયમ અને તપ એજ ધર્મનું સ્વરૂપ છે, આવા ધર્મમાં જેનું મન હમેશાં લીન રહે છે તેવા પુરુષને દેવો પણ નમસ્કાર કરે છે.**

ધર્મની આ વ્યાખ્યા પર તેણે ખૂબ ખૂબ મનન કર્યું. જેમ જેમ તે ઊંડા ઊતરતા ગયા તેમ તેમ તેને આ ઉદાર વ્યાખ્યામાં વિશ્વના નાના મોટા સૌ પ્રાણીઓનાં કલ્યાણ અને વિકાસ સમજાયાં અને તેમની વિવેકશક્તિથી આજના સંઘની મનોદશા ઊલટા માર્ગમાં દેખાતી હતી તે શાસ્ત્રદૃષ્ટિથી પણ તે જ રૂપે દેખાવા લાગી. આ રીતે ભગવાન મહાવીરનાં વચનામૃતો જેમ જેમ તેને દૃષ્ટિગોચર થતાં ગયાં તેમ તેમ તેની ક્રાન્તિ વિકસવા લાગી.

એકમાત્ર દશવૈકાલિક જ નહિ પરંતુ પછી તો મુનિજીઓ પાસેથી લખાણ માટે બીજાં શાસ્ત્રોની પણ ભરતી થવા લાગી. સુંદર મરોડદાર અક્ષરોથી એક

*દશવૈકાલિક સૂત્ર જૈન આગમમાં મૂળસૂત્ર તરીકે ઓળખાય છે. અને તેમાં જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતો અને સંયમી જીવનનાં કર્તવ્ય, નિષેધાત્મક યમ નિયમો અને તેને લગતો ઉપદેશ હોવાથી સર્વમાન્ય આગમોમાં તેનું બહુ ઊંચું સ્થાન છે.

**અહિંસામાં સ્વ અને પરનું હિત છે, સૌ કોઈને શાંતિ મળે છે. માટે જ અહિંસામાં ધર્મ છે. સંયમથી પાપીપ્રવૃત્તિ અટકે છે. તૃષ્ણા મંદ પડે છે અને તેવા સંયમી પુરુષોજ રાષ્ટ્રશાંતિમાં સાચા ઉપકારક થઈ પડે છે. અનેક દુઃખિતોને તે દ્વારા જ આશ્વાસન મળે છે, માટે જ સંયમમાં ધર્મ છે. તપશ્ચર્યાથી અંતઃકરણની વિશુદ્ધિ થાય છે, માટે જ તપશ્ચર્યામાં ધર્મ છે.

ભક્તિભર્યા શ્રાવક તુરત લખી આપે તે કયા મુનિને ન ગમે ! પરંતુ તે મુનિઓને સ્વપ્નમાંય કલ્પના નહિ હોય કે આજનો લહિયારૂપે દેખાતો લોંકાશાહ થોડાજ સમય પછી એક મહાન ક્રાન્તિકાર થઈ મહાવિપ્લવ જગાડશે અને ધર્મને નામે ચાલતા ધતીંગને આ જ શાસ્ત્રોમાંથી સત્ય ખેંચીને તે સત્ય દ્વારા બંડ જગાડશે. મૂર્તિપૂજાના વિકારોને, સાધુશાહીને અને શૈથિલ્યને થોડાજ કાળમાં કંપાવી મૂકશે, લોકહૃદયનો વિજેતા બનશે.

ખરેખર લોંકાશાહનું કાર્ય વાયુવેગે આગળ વધતું હતું. તેને ગમે તે શક્તિ સહાયકારી હો પરંતુ કદી કોઈએ નહિ ધારેલું, નહિ કલ્પેલું, પ્રાચીન છતાં અર્વાચીન લાગતું, તેણે થોડા સમયમાં કરી દેખાડ્યું.

દશવૈકાલિકના પહેલા શ્લોકમાં આવેલા અહિંસા સંયમ અને તપ એ આ મહાન વિપ્લવમાં તેનાં મહાન આયુધો હતાં.

જેમજેમ સૂત્રો પોતાના હસ્તમાં આવે તેમતેમ પોતે લખે અને બીજી બાજુ સામે બીજી નકલો તૈયાર થતી આવે. અનેક લહિયાઓ તેણે આ કાર્ય માટે રોક્યા હતા.

❑

# ૯ લોંકાશાહની ઉપદેશધારા

જોઈતી સામગ્રી મળી ગયા પછી ધર્મપ્રાણ લોંકાશાહે પડકાર કર્યો કે મૂર્તિપૂજા શાસ્ત્રસંમત નથી. અહિંસામાં ધર્મ છે. ધર્મને નામે સૂક્ષ્મ હિંસા પણ જૈનશાસ્ત્રમાં ક્ષમ્ય નથી. ઐહિક લાલસાથી દેવદેવીઓની પૂજા કરવી તે મિથ્યાત્વ છે. વહેમ અને રૂઢિઓને હઠાવે તે જૈન. બહારના યુદ્ધોથી વિરમે, આત્મવૈરીઓ પર વિજય મેળવતો જાય તે જૈન; જૈન જન્મતો નથી પણ થાય છે. જૈનને જાતિનાં બંધન નથી. ગમે તે વર્ણ જૈન બની શકે છે. જૈનધર્મમાં ગચ્છ, સંપ્રદાય, ટુકડા કે ભેદ હોતાજ નથી. જૈનધર્મમાં ભળવાનો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર સૌ કોઈને એકસરખો અધિકાર છે. જૈનદર્શન અભેદ છે - સમદૃષ્ટિ છે. જૈનધર્મ મહાસાગર છે. દર્શન, મત, પંથની વહેતી સરિતાઓને તેમાં મળવાનો સંપૂર્ણ હક્ક છે. જૈનધર્મની દીક્ષાનું મંડન કંઈ જુદા પ્રકારનું છે. કેશમુંડનથી જૈન ભિક્ષુ સાધુ ગણાતો નથી. ક્રોધ, માન, માયા, લોભ અને પંચેન્દ્રિયોના સંયમ એ નવપ્રકારના મુંડન પછી જ જૈનધર્મના સાધુનું શિરમુંડન થાય છે. ક્ષમા, સરળતા, મૃદુતા, લઘુતા, સત્ય, તપશ્ચર્યા, બ્રહ્મચર્ય, નિર્લોભતા, સંયમ, ત્યાગ એ દસ તેના નિકટના મિત્રો છે. જૈન ભિક્ષુ પ્રજાને બોજારૂપ થતો નથી. આત્મકલ્યાણની સાથે તે વિશ્વકલ્યાણ સાધતો રહે છે. સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકા જૈન સંઘના આ ચાર મજબૂત સ્તંભ છે. બધા પરસ્પર સંકળાયેલા છે. તેમાંનો એક પણ સ્તંભ ડગમગે તો જૈનધર્મની ઈમારત ખળભળી જાય અને અહિંસાનો પરમ પ્રતિનિધિ જૈનધર્મ ખળભળે અને હિંસાનું સામ્રાજ્ય વધતું જાય તો વિશ્વની અશાંતિમાં મોટો ઉમેરો થાય. તેની ચિરસ્થાયિતા ટકાવવા માટે ભગવાન મહાવીરે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાને ત્યાગની દૃષ્ટિએ ઓછા વધુ હોવા છતાં સંઘદૃષ્ટિએ સમાન ગણ્યાં છે. શ્રાવકગણ શ્રમણગણનો ઉપાસક એટલે કે સેવક કહ્યો છે. છતાં તે સેવા વ્યક્તિની નથી પણ ગુણની છે. તે બતાવવા શ્રાવકોને સાધુના अम्मा पियरो (માતા પિતા - કારણ કે સાધુ સંસ્થાનું પાલન પોષણ શ્રાવકોથી થાય છે.) તરીકે ગણવામાં આવ્યા છે. શ્રમણસાધક સાધકદશામાં ગોથું ખાય તો તેને સંયમમાર્ગમાં સ્થિર કરવા માટે તે માતાપિતા તરીકેની ફરજ બજાવવાને અધિકારી છે.

## ઉપદેશધારાનો પ્રભાવ

જનતા પૈકી તમસ્તિમિરથી વર્ષો થયાં વિંચાયેલા તેઓમાંના કેટલાકનાં નેત્રો આ ઉગ્ર રોશનીને ઝીલવા માટે હજુ તૈયાર થયાં ન હતાં. પરંતુ જેમજેમ સમય જતો ગયો તેમ તેમ જ્ઞાનની જ્યોતિ ઝગમગવા લાગી. ગ્રીષ્મ ઋતુના ઘામથી પરિકલાન્ત થયેલા પાન્થીઓને શીતલ વૃક્ષની છાયા જેવો અહીં આરામ મળતો. વૈષ્ણવો, શૈવો અને જૈનોનાં ટોળેટોળાં ઊભરાતાં અને આ સુધા નદીનાં અમૃત આસ્વાદીને અમર બનતાં.

## પ્રભાવ અને ચર્ચા

ભગવાન મહાવીરનાં જ સૂત્રોમાંથી આ સત્ય અસલ સ્વરૂપમાં નીકળીને લોકોમાં તેણે નવચેતના જાગૃત કરી દીધી. ઉપાશ્રયો શ્રાવકો વિનાનાં સૂનાં પડવા લાગ્યાં. સૂરિસમ્રાટો ધમધમવા લાગ્યા. પોતાના ભક્તશ્રાવકોને લોંકાશાહ પાસે જવા માટે રોકવાના પ્રયાસો ઘણા થયા; પરંતુ સત્ય આગળ તેના આ પ્રયાસો મિથ્યા થવા લાગ્યા. વીર લોંકાશાહની સિંહગર્જના આગળ તેઓની પપુડી ઠંડીગાર જેવી થઈ ગઈ. જેમ જેમ પ્રત્યાઘાતો થતા ગયા તેમ તેમ લોંકાશાહનો પ્રભાવ વધતો ગયો અને તેની ક્રાન્તિનાં મોજાં દૂર-સુદૂર ફરી વળ્યાં.

એ અરસામાં એટલે સંવત ૧૫૨૮માં અણહીલપુર પાટણથી લખમશી શેઠ લોંકાશાહની બહુશ્રુતતા, ક્રાન્તિ, ઉદારતા અને ઉત્તમ ચારિત્રની પ્રશંસા સાંભળી ખાસ અમદાવાદ આવ્યા. તે સમયમાં પાટણ એ ખરેખર જૈન-પુરી જ ગણાતું. હજારો જૈન મંદિરો અને સેંકડો સાધુઓ ત્યાં રહેતા હતા. લખમશી શેઠનું અહીં આવવાનું પ્રયોજન તો લોંકાશાહે ચકાસવાનું જ હતું અને તેથી તે અનેક દલીલો તૈયાર કરી તેમની પાસે આવ્યા હતા. તેમનો ઈરાદો લોંકાશાહને સુધારવાનો હતો.

## સાધુઓના બખાળા

પાટણમાં અધિકારવાદના શોખી સાધુઓએ એવી અફવાઓ ફેલાવી દીધી હતી કે અમદાવાદમાં એક લોંકા નામનો લહિયો શાસનનો દ્રોહ કરી રહ્યો છે. સૂત્રને નામે ઉત્સૂત્રની પ્રરૂપણા કરી રહ્યો છે. શાસ્ત્રમાં લખેલી મૂર્તિપૂજાને વખોડી કાઢે છે. સાધુઓને હલકા પાડવાની પ્રરૂપણા કરે છે. તેની બરાબર ખબર લેવી

જોઈએ. લખમશી શેઠે આ વાત સાંભળી હતી. એક તરફથી આવી નિંદા અને બીજી તરફથી આવી પ્રશંસા સાંભળીને તેને ચકાસવાનું મન થઈ આવેલું અને તેથી જ તે અહીં આવેલા હતા.

લોંકાશાહનું તેજ જોતાં જ તે ઠરી ગયા. તેની પ્રતિભા તેમને અપ્રતિમ દેખાઈ. શાન્તભાવે તેમણે ધર્મચર્ચા શરૂ કરી. તેમના સંવાદનો મુખ્ય સાર આ હતો.

લખમશી બોલ્યા : લોંકાશાહ ! એમ સાંભળ્યું છે કે તમે ઉપદેશ કરી લોકોને ભરમાવી એક નવો પંથ ઊભો કરવાનો પ્રયત્ન કરો છો તે શું સાચું છે ?

લોંકાશાહ : હું ઉપદેશક નથી. હું તો માત્ર સાધારણ શોધક છું. કોઈ ધૂળધોયા ધૂળમાંથી શોધન કરે છે. કોઈ મરજીવા રત્નાકરમાંથી રત્ન શોધે છે. તેમ મને પણ શોધવાનો સ્વભાવ પડી ગયો છે. મારી પાસે જ્યારે ને ત્યારે સૂત્ર પડ્યાં જ હોય. તેમાંથી થોડું થોડું શોધીને એકઠું કરતો જાઉં છું અને કોઈ ગ્રાહક આવે તો તેને તે માલ દેખાડું છું. લોકો મને ઢૂંઢક (ઢૂંઢિયો) તરીકે ઓળખે છે. અને નવા પંથની વાતમાં તો એમ છે કે ભગવાન મહાવીરે કંઈ પંથ કાઢ્યો ન હતો, પણ આજે એ એકજ ધર્મમાં સેંકડો ગચ્છો પડી ગયા છે. અને તે એક બીજાને ભાંડ્યા કરે છે એટલે વળી તેમાં ઉમેરો ક્યાં કરવો ! અને મારા જેવા ગરીબ વાણિયાની શક્તિ પણ શું ? પણ ભગવાન મહાવીરના સૂત્રવાંચનથી મને માત્ર એટલું સમજાયું છે કે ધર્મમાં ભેદ અને ઝઘડા ન હોય.

લખમશી : એ બધા ઝઘડા શાથી થયા હશે ?

લોંકાશાહ : તે જ હું તમારી પાસે સમજવા માગું છું.

લખમશી : મને તો કશુંયે સમજાતું નથી. તમારી આ જ્યોતિ આગળ મારો દીવો ફીકો પડી જાય છે. એટલું કહેતાં જ એકદમ એ બોલી ઊઠ્યા, લોંકાશાહ ! તમે મૂર્તિપૂજાનો વિરોધ કરો છો ? તમારા જેવા ધોરી શ્રાવકને એ શોભે કે ?

લોંકાશાહ ખડખડાટ હસી પડ્યા. એ વળી નવું તૂત તમે ક્યાંથી કાઢ્યું ?

લખમશી : કૃપા કરીને તે જ મને તમે સમજાવો.

લોંકાશાહે ઠંડા પેટે જવાબ આપતાં કહ્યું : જૈન આગમમાં ભગવાન મહાવીર અને તેમના ગણધરોએ ક્યાંય મૂર્તિપૂજાનું વિધાન કર્યું હોય તેવું મેં

જોયું નથી. હજુ વાક્ય પૂરું કરે તે પહેલાં લખમશી અકળાઈને બોલી ઊઠ્યા : હેં ! હેં ! લોંકાશાહ ! આ શું કહો છો ? આપણા બધા ગુરુઓ કહે છે કે, શાસ્ત્રમાં તો ઘણે સ્થળે અધિકાર છે. મૂર્તિપૂજાના અવલંબન વિના આગળ વધી જ શી રીતે શકાય ? તો એ આગમ પાઠી ગુરુદેવો ખરા કે તમે ખરા ?

લોંકાશાહે આચારાંગ, સૂયગડાંગ, ભગવતી, દશવૈકાલિક વગેરે શાસ્ત્રોના પાઠો બતાવીને પુરવાર કરી બતાવ્યું કે મૂર્તિપૂજા જૈનશાસ્ત્રમાં ક્યાંય નથી.

લખમશી : "ત્યારે જૈનધર્મમાં પૂજાને સ્થાન જ નથી શું ?"

લોંકાશાહ : જૈનદર્શન અનેકાંત દર્શન છે. અનેક દૃષ્ટિબિન્દુઓનો એમાં સમાવેશ છે. તેમાં પૂજાને સ્થાન ન હોય એ કેમ બને !

લખમશી : આપ તો હમણાં જ બોલી ગયા ને કે, "મૂર્તિપૂજા જૈનશાસ્ત્ર સંમત નથી."

લોંકાશાહ : હં હવે બરાબર, મૂર્તિપૂજા; પૂજા નહિ.

લખમશી : ત્યારે શું પૂજા અને મૂર્તિપૂજા ભિન્ન હશે વારુ !

લોંકાશાહ : જી હા. બહુજ ભિન્ન. તદ્દન ભિન્ન. આ બન્નેને એક ગણવાથી જ આ ગોટાળો ઊભો થતો જાય છે.

લખમશી : ત્યારે કૃપા કરી સમજાવશો ?

લોંકાશાહ : હા, જુઓ. પૂજા* બે પ્રકારની છે. બાહ્ય અને આભ્યંતર.

---

*હરિભદ્રસૂરિજી મ. પૂજા સંબંધી નીચે પ્રમાણે વિવરણ કરે છે.

अष्टपुष्पी समाख्याता स्वर्गमोक्षप्रसाधनी
अशुद्धेतरभेदेन द्विधा तत्त्वार्थदर्शिभिः ॥

તત્ત્વાર્થદર્શિઓએ અષ્ટપુષ્પી પૂજા બે પ્રકારની કહી છે.

(૧) સાવદ્ય અને અસાવદ્ય. તે પૈકી અસાવદ્ય પૂજા જ મોક્ષસાધિકા અને સાચી પૂજા છે.

ત્યારે સાવદ્ય (સપાપ) પૂજા કઈ ?

તેના જવાબમાં તે સૂરિજી ફરમાવે છે કે :

शुद्धागमैर्यथालाभं प्रत्यग्रैं शुचिभाजनैः ॥
स्तोकैर्वा बहुभिर्वापि पुष्पैर्जात्यादिसंभवैः ॥
अष्टापायविनिर्मुक्त-स्तदुत्थ गुणभूतये ।
दीयते देवदेवाय यासाशुद्धेत्युदाहृता ॥

જેણે અષ્ટકર્મોથી મુક્તિ મેળવી સંપૂર્ણ વીતરાગ ભાવની સંપત્તિ પ્રાપ્ત કરી છે તેવા

આભ્યંતર પૂજા એટલે માનસી પૂજા અને બાહ્ય એટલે મૂર્તિપૂજા કે જે આજે તમો જોઈ રહ્યા છો.

---

વીતરાગ દેવાધિદેવને થોડાં કે ઘણાં પુષ્પો ચડાવવાં એ કંઈ વાસ્તવિક પૂજા નથી અને (તેથી) પૂજા (પુષ્પાદિ સચેત દ્રવ્યો હોવાથી) ખરેખર અશુદ્ધ (પાપમય) ગણાય છે.

જો આ જાતની પૂજા પાપમય છે તો ધર્મના અંગ રૂપ એવી કઈ અષ્ટપુષ્પી હોવી જોઈએ ? તેના સમાધાનમાં તે આચાર્ય પુંગવ વદે છે કે :

**या पुनर्भावजैः पुष्पैं शास्त्रोक्तिगुणसंगतैः**
**परिपूर्णत्वतोऽम्लानैः अत एव सुगन्धिभिः ॥**

શાસ્ત્ર વચન રૂપી દોરાથી આ જાતના ભાવપુષ્પો કે જે કદી કરમાતા નથી અને પૂર્ણતા પામેલાં હોવાથી જે સદા સતત સુવાસમય રહે છે (તેવાં) શાશ્વતપુષ્પોથી જ તે અષ્ટ પુષ્પી પૂજા કરવી જોઈએ, તેજ શુદ્ધ પૂજા છે. (અને તેજ પૂજા મુમુક્ષુજનો માટે મોક્ષદાયિની છે.)

આ ઉપરથી વિચક્ષણો, વિદ્વાનો અને તટસ્થ વિચારકો સ્પષ્ટ સમજી શકશે કે એ મહાપુરુષે ભાવ પૂજાને જ જૈનધર્મનું અંગ ગણાવી વિધેયતા આપી ત્યાં શ્રુતભક્તિ સાબીત કરી છે. અને સાચો શ્રુત ભક્ત કદી કૃત્રિમ પૂજાને ધર્મનું અંગ ન જ ગણાવી શકે તે બતાવવા તેમજ દ્રવ્ય પૂજા એ સાવદ્ય પૂજા હોવાથી ઐહિક કામનાવાળાઓ ભલે આચરતા હોય પરંતુ ધર્મના અંગ તરીકે તે સ્વીકારી શકાય નહિ. તે બતાવવા માટે સાવદ્ય શબ્દનો ઉપયોગ કર્યો છે. આવા સ્પષ્ટ સમાધાન પછી તેઓ બાહ્ય પૂજાના સમર્થક ન હતા તેમ કોણ ન કહી શકે ?

કૃત્રિમ પૂજન તેમને જરાએ ઈષ્ટ ન હતું :

આથી તેઓશ્રીએ અષ્ટપુષ્પી જેવી કૃત્રિમ પૂજાના આડંબરોને પણ માનસી પૂજા તરફ દોરવાનો પ્રયત્ન કર્યો તેની પ્રતીતિ સારુ જુઓ :

(ઓદા દષ્ટિવાળા લોકો પૂજાના રહસ્યને સમજી શકતા જ નથી તો સાચાં પુષ્પો તો ક્યાંથી જ ઓળખે ? જૈનદર્શન જેવા ઉચ્ચ કોટીના શુદ્ધ શાસનમાં અષ્ટપુષ્પી પૂજા એ તો માત્ર બાહ્ય રૂપક છે વસ્તુતઃ પૂજાનાં પુષ્પો તો આ છે.)

**अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यमसंगता ।**
**गुरुभक्तिस्तपो ज्ञानं सत्पुष्पाणि च चक्षते ।**

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અનાસક્તિ, ગુરુભક્તિ, તપશ્ચરણ અને જ્ઞાન એજ સાચાં પુષ્પો છે. આ પુષ્પોની પૂજા કયા મંદિરમાં થાય તે સત્યના પૂજારીઓ સમજી શકે તેમ છે. આજ જીવનમાં વણાઈ ગયેલી અને સાચી જીવંત પૂજા છે. આચાર્યશ્રીએ પૂજાનું રહસ્ય ઉકેલી પુષ્પ જેવી સરળ અને સ્પષ્ટ લૌકિક વસ્તુને પણ પુષ્પ તો માત્ર રૂપક છે એમ કહીને, તેનો ભાવમય રહસ્યાર્થ સમજાવીને તથા દ્રવ્ય પૂજાને સાવદ્ય કહીને સાચો માર્ગ કયો છે ? તે સ્પષ્ટ દેખાડ્યો છે. આટલું જોયા પછી પણ કૃત્રિમ પૂજા સૂરિજીને ઈષ્ટ હતી, પ્રતિપાદ્ય હતી એમ માની લેવું તેને આગ્રહ અને અનભિજ્ઞતાની પરાકાષ્ઠા સિવાય બીજું શું કહેવાય ? વિચારક વિદ્વાનો તેવા રૂઢ આગ્રહ તરફ મધ્યસ્થ ભાવ રાખે તે જ અભીષ્ટ અને પ્રશંસનીય છે.

---

લખમશી : માનસી પૂજા એટલે શું ?

લોંકાશાહ : માનસી પૂજા એટલે ગુણપૂજા. વીતરાગ દેવના જીવનના સદ્‌ગુણોનું સ્તવન કરવું, કરવા પ્રયત્ન કરવો - તે સદ્‌ગુણોનું ચિંતન કરવું અને પોતાના જીવનમાં તેને આચરવા પ્રયત્ન કરવો એજ માનસી પૂજા.

લખમશી : શું તેવી પૂજા સૌ કોઈ કરી શકે ?

લોંકાશાહ : હા, જરૂર કરી શકે. જૈન તો જરૂર કરી શકે. સામાન્ય જનમાંથી—જનમાં બે માત્ર સાથે ભળે છે ત્યારેજ જૈન બને છે. જૈન જડ નથી. જૈન ચૈતન્ય છે. જૈન ચૈતન્યપુંજને પૂજે છે. જૈન ગુણપૂજાનો જ પૂજારી છે. જે જેવા પ્રકારની પૂજા કરે છે તે તેવો બને છે. આ વિશ્વના નિયમ પ્રમાણે જૈન ચૈતન્યપુંજને જ માને છે, સત્કારે છે, સન્માને છે અને પૂજે છે.

લખમશી : મૂર્તિપૂજાથી માનસી પૂજા વધારે ઉત્તમ છે તે વાત તો હું બરાબર સમજ્યો; પરંતુ મને એમ થયા કરે છે કે શાસ્ત્રમાં મૂર્તિપૂજા વિધેય નથી તેનું કારણ શું હશે ?

લોંકાશાહ : મૂર્તિપૂજાની વિધેયતામાં મહાપુરુષોએ લાભ કરતાં હાનિનો સંભવ વિશેષ પ્રમાણમાં જોયો હશે. અને તે અનુભવ તો આપણી સામેજ છે એટલે તે સ્પષ્ટ સમજાય તેવી ચોક્કસ વાત છે. અને બીજી વાત તો એમ છે કે, જ્યાં સુધી મનુષ્ય માનસી પૂજા સુધી પહોંચતો નથી ત્યાં સુધી તે મહાપુરુષોના સદ્‌ગુણોની પોતાના જીવનમાં આચરણીય કરવાની ફરજ સમજી શકતો નથી. માત્ર તે ટીલાં, ટપકાં અને એવી બાહ્ય પૂજામાં પર્યાપ્તિ માની લે છે અને એ પૂજા કરીને પોતાને ધર્મિષ્ઠ કે ભક્ત મનાવી લે છે. આ સારુ વેદધર્મના ગીતા નામના ગ્રંથમાં પણ માનસી પૂજાની પ્રશંસા જ કરી છે અને તે આરાધવાથી જ આગળ વધી શકાય છે તેમ સ્પષ્ટ સમજાવ્યું છે. અને એવી મૂર્તિપૂજાને માનનારાઓમાંના ઘણા ખરા તો તેના ફળ સ્વરૂપે ઐહિક ભાવના જ રાખ્યા કરે છે. આ પરથી એકંદરે પ્રથમ જેને એ ધર્મનું અંગ ગણી અવલંબન રૂપે માનવાનું કહે છે તેજ પાછળ ધ્યેય ભૂલી ત્યાંને ત્યાં પડી રહે છે. આથી જ જૈનશાસ્ત્ર માનસી પૂજાને શ્રેષ્ઠ માને છે. મૂર્તિપૂજા જૈનશાસ્ત્રને સંમત નથી.

લખમશી બોલ્યા :

**जिणभवणकज्जम्मि, सगडा वहन्ति जे गुणा ।**
**ते सव्वे मरिऊण, गच्छंति अमरभवणाइं ।।**

મંદિરના કાર્યોમાં ગાડાંઓને જે બળદો વહન કરે છે તે બધા મરીને દેવગતિ પામે છે. આ તો આપણા આચાર્યોએ પોતાના ગ્રંથોમાં જ ભાખ્યું છે તેનું શું ?

લોંકાશાહ : વચ્ચે જરા પૂછી લઉં ?

લખમશી : હા, ખુશીથી.

લોંકાશાહ : આત્મા મોટો કે આંખ ?

લખમશી : એમ કેમ ?

લોંકાશાહે સ્પષ્ટ કર્યું કે, "મૂળ આગમો તે આત્મા છે. ગ્રંથો એ આંખ છે. આત્માવિહોણી આંખ ન શોભે અને કાર્ય પણ ન કરી શકે. સૂત્રોથી આ ગ્રંથો શોભી શકે તે તમે માનો છો કે કેમ ?"

લખમશી શુદ્ધ ભક્તિથી તરબોળ થયેલા હૃદયે સહસા બોલી ઊઠ્યા : "શાસ્ત્રો પહેલાં અને ગ્રંથ પછી. ગ્રંથો અને ટીકાઓ શાસ્ત્રના રહસ્યને સમજાવવા માટે જ રચાયેલાં હોવાં જોઈએ. શાસ્ત્રોથી ઓછું વત્તું કરવાનો કે અર્થ મરડવાનો આશય ન જ હોવો ઘટે. પણ શું આ ગાથા શાસ્ત્રમાં નથી ?"

લોંકાશાહ તુરત જ દશવૈકાલિક લાવીને હાજર થયા અને ધર્મની વાસ્તવિક વ્યાખ્યા બતાવી.

"જૈનધર્મ અહિંસામાં ખૂબ ઊંડો ગયો છે. આત્મિક દૃષ્ટિએ તે પશુ, પ્રાણી, સૂક્ષ્મ જંતુ, વનસ્પતિ અને જળમાં સુદ્ધાં આત્મા માને છે. એક પુષ્પની પાંખડીમાં પણ ચૈતન્ય છે તેમ સ્વીકારીને મનુષ્યને જેમ જીવન પ્રિય છે તેમ સૌ કોઈ જીવોને પોતાનું જીવન પ્રિય છે. સૌ જીવોને અભય આપવામાં જ આત્મકલ્યાણ છે. શાન્તિનાં મૂળ છે, અને આનંદની પ્રાપ્તિ માટે સૌ જીવોને અભય આપો એમ જૈનદર્શન પુનઃ પુનઃ કહે છે. આથી જ જૈનદર્શનમાં अहिंसा परमोधर्मं ની સર્વ ધર્મો કરતાં વિશાળ સમાલોચના મળે છે."

આમ જ્યારે લખમશી શેઠને સ્પષ્ટ સમજાવ્યું ત્યારે તેણે વિહ્વળતાથી પૂછ્યું કે, શું ધર્મ નિમિત્તે કંઈ સૂક્ષ્મ હિંસા થાય તેનું જૈનદર્શનમાં ધર્મ રૂપે સ્થાન નથી ?

લોંકાશાહ બોલ્યા : "જૈનધર્મ તો શું પણ કોઈ પણ ધર્મમાં સૂક્ષ્મ હિંસાને ધર્મ તરીકે સ્વીકારી શકાય નહિ. જો કે વૈદિક ધર્મમાં યજ્ઞ અને શુદ્ધિના નામે

હિંસા થાય તો તે હિંસા ક્ષમ્ય છે એવો પ્રચાર દેખાય છે ખરો, પરંતુ હું તો તેને ધર્મનો વિકાર જ માનું છું. જે વેદધર્મની श्रुति-मा हिंस्यात् सर्व भूतानि એમ કહેતી હોય તે હિંસાને ક્ષમ્ય કરે તે બુદ્ધિગમ્ય શી રીતે હોઈ શકે !"

લખમશી લાલચોળ થઈ ગયા, અને બોલ્યા : "ત્યારે આપણે જેને જૈન ધર્મના મુખ્ય સ્તંભ ગણીએ છીએ તેવા સાધુઓ પોતે, શાસ્ત્રમાં ન હોવા છતાં કેટલીક સૂક્ષ્મ હિંસાઓમાં અનુમોદન આપી રહ્યા છે, સંયમને બદલે સુખ-પાલખીઓ પર બેસી આચાર્યો બની વિલાસ માણી રહ્યા છે, તપશ્ચર્યાને બદલે ગચ્છ ભેદના ઝઘડાઓ પ્રવર્તાવી રહ્યા છે, શું આ જૈનધર્મ છે ?"

લોંકાશાહ : શાંત થાઓ. આ બધું જૈનધર્મમાં થયેલા વિકારનું પરિણામ છે. આ પરિસ્થિતિ નવીન નથી. વારસાથી ઊતરી આવેલી છે અને આપણે એટલે શ્રાવકોએ જ તેને પોષી છે.

લખમશી બોલ્યા : "એમ થવાનું કારણ ?"

લોંકાશાહ બોલ્યા : જૈનધર્મમાં વિકાર પ્રાયઃ આસપાસના ધર્મની વિકૃતિથી જ જન્મ્યો છે. વિકાર જ્યારે પ્રવેશે છે ત્યારે પહેલાં તો તેનું સ્વરૂપ સુધાર જેવું લાગે છે. ક્રમે ક્રમે તે વિકાર ઊંડો ઊંડો વધતો જાય છે. અને જેમ જેમ નિમિત્ત મળતાં જાય તેમ તેમ તેનો પ્રકોપ વધતો જાય છે. જૈનધર્મનું પણ તેમજ થયું છે. આ પ્રકોપને શમાવવા માટે આપણા સુવિહિત આચાર્યો અને જ્યોતિર્ધરોએ તનતોડ પ્રયત્ન કર્યો છે ખરો; પરંતુ એ પ્રકોપ મૂળથી બળી ગયો ન હોવાથી કાળક્રમે વિવિધ સ્વરૂપે પલટીને આજે તે એક વિકરાળ રાક્ષસ સમો ભયંકર દેખાવ દે છે.

લખમશી બોલ્યા : "તેનો ઉપાય ?"

લોંકાશાહ : તે વિકારને મૂળથી જ નાબૂદ કરવો જોઈએ.

લખમશી : તે એકલે હાથે કેમ બને ?

લોંકાશાહ : સત્યના પ્રચારથી ! સત્યની શક્તિ વિશ્વવ્યાપક છે. જ્યાં જ્યાં તેનું એક આંદોલન પણ થશે ત્યાં ત્યાં તેની સંતાનપરંપરા વિકસ્યે ને વિકસ્યે જશે. અસત્યનો પ્રકોપ ગમે તેટલો પ્રબળ અને પ્રચંડ હશે તો પણ સૂર્યના પ્રકાશ આગળ આગિયાની જ્યોતિની જેમ નિસ્તેજ અને હતો ન હતો થઈ જશે.

આ રીતે લખમશી લોંકાશાહના વિરોધીને બદલે પાક્કા સહાયક થઈ

પડ્યા. પાટણ ગયા પછી તેમણે એક જબ્બર આંદોલન શરૂ કર્યું. એ રીતે ઘણા ઘણા લોંકાશાહના વિરોધીઓ તેમના સંસર્ગમાં આવ્યા પછી તેમના જ સહાયકો બનતા ગયા અને અધિકારવાદને બદલે સ્વાતંત્ર્યવાદ વિકસવા લાગ્યો.

તેવાં અનેક દૃષ્ટાંતો પૈકીનું એક દૃષ્ટાંત અહીં ઉદ્ધૃત કર્યું છે તે પરથી તે સ્થિતિનો ઠીક ઠીક ખ્યાલ આવશે.

એકદા અર્હટવાડા, પાટણ, સુરત વગેરેના ચાર સંઘ અમદાવાદમાં આવી પૂગ્યા હતા. અને ઘણો જ વરસાદ થવાથી તેમને ધારવા કરતાં ત્યાં વધુ રોકાવું પડ્યું. અમદાવાદમાં આવી પૂગતાં જ સંઘવીઓને ઘણા વખતની શ્રીમાન લોંકાશાહને જોવાની અને તેમની ચર્ચા સાંભળવાની ઇચ્છા હતી તે પૂર્ણ કરવા માટે પહેલી જ તકે તેઓએ તેમની પાસે જવાનું શરૂ કરી દીધું હતું. લોંકાશાહ સાથે પહેલી મુલાકાત તો તેમની કુતૂહલથી જ થઈ હતી. પરંતુ સાધુ વર્ગનું શૈથિલ્ય, ચૈત્યવાદ અને અધિકારવાદના વિષયની લાંબી ચર્ચાઓ પછી જેમ જેમ તેમનું સમાધાન થતું ગયું તેમ તેમ લોંકાશાહ પ્રત્યે તેમનું માન વધતું ગયું. લોંકાશાહમાં ખાસ કરીને એક એવો ગુણ હતો, કે તેઓ ગમે તેવી લાંબી ચર્ચામાં પણ શાંતિપૂર્વક સમાધાન કરી શકતા હતા. ક્રોધ કે આવેશ તેમને કદી સ્પર્શી શકતાં નહિ અને તેમની એકપણ દલીલ બુદ્ધિ અને શાસ્ત્રની વિરુદ્ધ નીકળતી નહિ. અપાર પાંડિત્ય અને વિદ્વત્તા હોવા છતાં એક અદના માણસને પણ તે બહુ સ્પષ્ટ સમજાય તેમ સરળ વાતોથી સમજાવી શકતા હતા. સત્ય ખાતર તે ગમે તેટલું શોષવા તૈયાર હતા, આથીજ તેઓ જડ ઘાલી બેઠેલા વિકારને ઘણા ટૂંક સમયમાં હઠાવી શકવાની હામ ભીડી શક્યા.

ઉપરના ચારે સંઘના સંઘવીઓ નાગજી, દલીચંદ, મોતીચંદ અને શંભુજી લોંકાશાહના પ્રભાવથી આકર્ષાય છે અને લોંકાશાહને પૂજ્ય તરીકે માને છે. અને તે સંઘવીની પાછળ બીજો પણ મોટો સંઘ લોંકાશાહ પાસે જાય છે એવી જ્યારે સંઘ સાથે યાત્રાર્થે નીકળેલા સૂરિસમ્રાટ સાધુઓને ખબર મળી ત્યારે તેઓ અંદરો અંદર ખૂબ ધુંધવાયા. ખુલ્લી રીતે લોકાશાહની વિરુદ્ધ બોલી શકે તેવું રહ્યું ન હતું. એટલે તેણે બહાનું શોધી કહ્યું કે, "સંઘવીઓ ! સંઘના લોકોને ખરચી માટે હરકત થશે. માટે હવે ક્યાં સુધી પડી રહેશો ? હવે તો સંઘને ચલાવો."

સંઘવીઓએ જવાબ આપ્યો, "મહારાજજી, વરસાદ ઘણો પડ્યો હોવાથી જીવની ઉત્પત્તિ ખૂબ થઈ ગઈ છે તેમજ કીચડ પણ ઘણો જ છે. માટે હમણાં કેમ

ચાલી શકાય !"

સાધુઓએ કહ્યું, "વળી આવો ધર્મ તમને કોણે શીખવ્યો ? ધર્મના મહાકામમાં તે વળી આવી સૂક્ષ્મહિંસા થાય તે ગણાતી હશે ! હિંસાના પાપ કરતાં તીર્થયાત્રાનું ફળ સો, હજાર, લાખ અને તેથીયે અધિકગણું વિશેષ છે. બહુ નફા આગળ થોડી ખોટેય જાય તેનો કાંઈ હિસાબ ગણાતો હશે ?"

સંઘવીઓ ખિન્ન હૃદયે બોલી ઊઠ્યા : "શું આ સાધુઓના મુખથી નીકળતો અવાજ છે ? મહારાજો ! માફ કરો, હવે બહુ થયું. તમારા આવી રીતે વર્ષો થયાં બંધાવેલા પાટાઓ એ ધર્મપ્રાણ લોંકાશાહની ચેતન-શક્તિએ મહાવીરનાં વચનો દ્વારા ઉખેડી નાખ્યા છે. હવે અમે ધર્મનું શુદ્ધ સ્વરૂપ સમજતા થઈ ગયા છીએ. મહારાજો ! ધર્મમાં અધર્મને લેશ પણ સ્થાન હોઈ શકે નહિ અને જે અધર્મ હોય તે ધર્મ જ ગણી શકાય નહિ. જમા અને ઉધારનાં ખાતાં ધર્મમાં નથી હોતાં; પણ પુણ્યમાં હોય છે. સમજ્યા કે નહિ ?"

આ ઉત્તર સાંભળતાંજ તે બધા સાધુઓ નિરુત્તર બન્યા. તેમનાં મોંઢાં ઢીલાં પડી ગયાં. તેઓ ભોંય ખોતરવા લાગ્યા.

સંઘવીઓએ કહ્યું : મહારાજજી ! વેળાસર ચેતી જાઓ, વેશ પહેરવાથી શ્રમણનું પૂજ્યત્વ હવે ટકી શકે તેમ નથી.

સંઘ ત્યાંથી વીખરાયો, તીર્થયાત્રા તીર્થયાત્રાને ઠેકાણે રહી અને તે બધા શ્રાવકો સૂત્રના પ્રચારક થઈ ગયા.

### સત્ય પ્રચારક સંઘ

આ પ્રમાણે જૈનધર્મની આ ક્રાન્તિએ ખળભળાટ મચાવી મૂક્યો. આ પ્રસંગે લોંકાશાહના વિચારને અનુસરનારો બહોળો વર્ગ વારંવાર પ્રાર્થના કરવા લાગ્યો કે આપના વિચારને અનુસરનારો જે કોઈ હોય તેમની એક સંસ્થા નિશ્ચિત થવી જોઈએ.

લોંકાશાહે જવાબ આપ્યો : "ભાઈઓ ! વહાલાઓ ! તમે કહો છો તે વાત સાચી છે. પરંતુ એ સંસ્થાઓને પ્રેરનાર જ્ઞાનવાન, ચારિત્રવાન મહાપુરુષોની હરઘડીયે અને હરપળે જરૂર હોય છે. કારણ કે તેઓ સત્યના સિદ્ધાંતોનું રહસ્ય જાળવીને સમય સમય પ્રમાણે તેને તે સ્વરૂપમાં લોકમાનસ તપાસીને તેની પાસે મૂકે છે. કદાગ્રહ, રૂઢિ અને વહેમોને વિવેકના અભેદ્ય કિલ્.. ી પ્રવેશતા તેઓ

રોકી શકવાનું સામર્થ્ય ધરાવે છે. તેવા મહાપુરુષોનું મંડળ તૈયાર ન થાય ત્યાં સુધી જો તે સત્યને કેન્દ્રિત કરવામાં આવે તો પછી સત્યાગ્રહને બદલે મતાગ્રહજ વધે, અને લાભ કરતાં હાનિ વધુ થાય."

અનુયાયીઓ બોલ્યા : "આપ સમર્થ છો, આપ અમારા પૂજ્ય છો, આપે અમને સત્યમાર્ગ બતાવી મહદ ઉપકાર કર્યો છે. જૈનધર્મની પ્રભાવના કરી છે. એ ક્રાન્તિનાં આંદોલનો બધા ધર્મને પહોંચાડવા માટે આપ શક્તિમાન છો. આપજ નેતૃત્વ સ્વીકારો અને પંથ (Mission)ની સ્થાપના કરો."

લોંકાશાહને નવો મત સ્થાપવો નહોતો.

લોંકાશાહે કહ્યું : "ભાઈઓ ! નવો મત સ્થાપવાની મને જરાય આકાંક્ષા નથી. પૂજા અને પ્રતિષ્ઠા સિવાય હું તેનું કશું ધ્યેય જોઈ શકતો નથી. મેં જે કંઈ કહ્યું છે અને કહી રહ્યો છું તે મારી પોતાની મૂડી નથી, પણ ભગવાન મહાવીરનીજ મૂડી છે. હું તો માત્ર તેનો દલાલ છું; માટે જે સત્ય તમે સમજ્યા છો તેને આચરવાનો પુરુષાર્થ કરો. શાસનની પ્રભાવના કેવળ વિચારથી નહિ થઈ શકે. તેને આચારમાં મૂકો. જગતને સુધારવા કરતાં, જગતની ત્રુટિઓ દૂર કરવા કરતાં પોતાની ત્રુટિઓ દૂર કરવામાં વિશેષ લક્ષ્ય આપો. આવાં આંદોલનો જગતના એક ખૂણામાં હશે તો પણ તેની વ્યાપકતા વેગભર જગતને ખૂણેખૂણે પહોંચી વળશે."

આ સાંભળીને તે વખતે ત્યાં હાજર રહેલામાંના ૪૫ જણ તૈયાર થઈ ગયા અને લોંકાશાહને ચરણે ઢળી પડ્યા. તે પછી ગદ્ગદિત સ્વરે તેઓ બોલ્યા : "ઓ પરમ પિતા ! ધન્ય છે આપની નિખાલસતાને ! પરમ કૃપાળુ દેવ ! આપના શુભ હસ્તે જ અમોને જૈનધર્મની દીક્ષા આપો."

લોંકાશાહે, મહાન સમૃદ્ધિ મહાન અધિકાર અને મહાન બંધનને ત્યાગ કરી તૈયાર થયેલા એ વૈરાગ્યવાન, ક્ષમાવાન અને દયાવાન આત્માઓને ઉદ્દેશીને જૈન ધર્મની દીક્ષાની કડક સ્થિતિનું અને યમનિયમોનું શાસ્ત્રદ્વારા તેમને ભાન કરાવ્યું અને કહ્યું કે, "આજે ચારે કોરથી શિથિલ થયેલા સાધુ ધર્મ વચ્ચે આજીવન પર્યંત પાંચ મહાવ્રતોને યથાર્થ પાળવા એટલે કે સૂક્ષ્મપ્રાણી પણ દુભાય તેવું મન વાણી કે કર્મથી પોતે આચરણ કરવું નહિ કે કોઈ પાસે કરાવવું નહિ અને કરનારને અનુમોદન આપવું નહિ. સત્યની પણ આ જ રીતે જીવ જતાં સુધી રક્ષા કરવી. નિર્દોષ ભિક્ષા મેળવવી. મન વચન અને કાયાથી બ્રહ્મચર્યનું પાલન કરવું. અકિંચન વૃત્તિથી રહેવું,

અને એ વ્રતો પાળવા માટે ખાનપાન વસ્ત્ર અને સાધનોમાં અત્યંત સંયમી બનવું. ઉઘાડે પગે ચાલવું. રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવો. સંયમ અને તપશ્ચર્યાથી પોતાનું જીવન સાવ હળવું બનાવી દેવું, કેશાદિ લુંચન કરવું. આકરી તપશ્ચર્યા કરવી, કોઈ પ્રશંસે, કોઈ નિંદે, છતાં ન ફૂલાવું, ન ખિન્ન થવું. આ બધી જૈનધર્મની પ્રતિજ્ઞાઓ પાળવી એ ખાંડાની ધાર સમું કઠિન વ્રત છે. અનેક પ્રલોભનમાં આપનો આ વૈરાગ્ય કાયમ ટકી રહેવામાં આત્મસામર્થ્ય અને સતત અપ્રમત્ત દશાની આવશ્યકતા છે. કારણ કે પ્રકૃતિના નિયમાનુસાર પ્રતિકૂળ નિમિત્ત મળતાંજ તે કંટાળીયે જાય છે અને પ્રલોભન મળતાં તેનું પતન પણ શીઘ્ર થાય છે."

એ સુભટો બોલ્યા કે, "દયાળુ દેવ ! સાધક દશાને માટે આપ કહો છો તે બધું થવું સાવ શક્ય છે. પરંતુ અમો અમારું જીવન તો પૂર્ણ દઢતાપૂર્વક સાધનામાંજ જરૂર નિર્વહન કરીશું. આ અમારો પ્રાણાન્ત નિશ્ચય છે."

લોંકાશાહ તેના ઉત્તરથી હર્ષિત થયા. તેઓની આ યોગ્યતા જોઈ તેમને ખૂબ આનંદ થયો. જૈનધર્મની દીક્ષાની સંપૂર્ણ વિધિ સમજાવી, અને તમારી સાધનામાં શાસન દેવો સહાય કરો એવો સ્થિર અને દઢ આશીર્વાદ આપ્યો.*

સંવત ૧૫૩૧માં આ બિના બની. એ ૪૫ સાધકો સત્યની સાધના અને પ્રચાર કાર્યમાં જોડાઈ ગયા. સ્વાધ્યાય, ધ્યાન, આત્મચિંતન, વિચારમંથન; એ એનાં સહાયક બળો હતાં. દેહને અન્ન આપવાની સાથેજ આત્માને ખોરાક આપવાનું તે કદી ચૂકતા નહિ અર્થાત્ તેઓ સંયમના હેતુ પૂર્વકજ બધી ક્રિયાઓ કરતા હતા.

સંવત ૧૫૩૨ પછી એ ધર્મક્રાન્તિકાર ધર્મપ્રાણ અને જૈનધર્મના માર્ટિન લ્યુથરનું જરાજીર્ણ શરીર વિશીર્ણ થવા લાગ્યું અને કોઈ એક ચાંદલિયાની પૂર્ણ ખીલેલી જ્યોત્સ્ના વખતે શ્રીમાન લોંકાશાહ કાળધર્મને પામ્યા. છેલ્લા શ્વાસ સુધી તેમના પ્રાણવાયુમાં ચૈતન્યનાં પૂર હેલિયાં લેતાં હતાં. શરીર ક્ષીણ થવા છતાં તેમનો ઉત્સાહ અંતિમ સમય સુધી ક્ષીણ થયો ન હતો. ભગવાન મહાવીરનાં

---

* કોઈ કોઈ સ્થળે એવો પણ ઉલ્લેખ મળે છે કે લોંકાશાહ પોતે પણ દીક્ષિત થયા હતા. અને તેથીજ તેમનો અનુયાયી વર્ગ લોંકામત તરીકે પાછળથી ઓળખાવા લાગ્યો. પરંતુ આ વાત બહુ પ્રતિષ્ઠાપાત્ર જણાતી નથી. આ વખતે લોંકાશાહનું વય ખૂબજ વૃદ્ધ થઈ ગયું હતું. અને આ ૪૫ દીક્ષા થયા પછીના ટૂંકજ વખતમાં તેમનો દેહાન્ત થયો છે. એટલે તેઓની ત્યાગ દશા ઉત્કટ હોવા છતાં 'ગૃહસ્થ છતાં પાળે સંન્યાસ' એવા રહ્યા છે. દીક્ષા લઈ શક્યા નથી.

વચનામૃતોથી તેમનું ચૈતન્ય ચમકતું અને ચમકતું રહ્યું હતું. આ રીતે મહાવીરની ધૂન-મહાવીરનું રટણ કરતો કરતો તે આત્મા પોતાનું કાર્ય સમાપ્ત કરી તેના શરણે ચાલી જતો હોય નહિ ! તેમ તેના અનેક અનુયાયી વર્ગ વચ્ચે, સૌનાં આશ્ચર્ય સાથે એક દમ ખેંચી પોતાને પંથે પ્રયાણ કરી ગયો. અને દિવ્ય સમાધિની દીર્ઘ નિદ્રામાં સૂતેલું એ ચમકતું શરીર મૃત્યુલોકમાં પડી રહ્યું. જ્વલંત જ્યોતિ ગઈ પણ તેની ચિનગારીઓ વિખરી વિખરીને ભિન્ન ભિન્ન સ્થળે પ્રકાશવા લાગી ગઈ. તેમાંથી અનેક ક્રાન્તિકારો અને જ્યોતિર્ધરો પાક્યા અને એ રીતે એ ક્રાન્તિનો યુગસ્રષ્ટા ગણાયો.

એ રીતે ભારતવર્ષમાં પાંચ લાખ જનતા અને સેંકડો સાધુ સાધ્વીજીઓ તથા સંખ્યાબંધ યતિઓ શ્રીમાન લોંકાશાહને પોતાના પરમ પિતા ગણાવી ગૌરવ લે છે. ભારતવર્ષમાં ભક્તિયુગનો ફાલ તેમની ક્રાન્તિના આંદોલનથી પાક્યો હતો. સંખ્યાબંધ ક્રાન્તિકારો અને જ્યોતિર્ધરો તેમની ક્રાન્તિના ચિરાગે ફૂલ્યા ફાલ્યા છે અને હજુયે ફૂલશે ફાલશે. આજે ફરી એ ક્રાન્તિની ભૂખ ભારતવર્ષને આંગણે ફરી ફરીને તેવાજ રૂપમાં આવી ઊભી છે. લોંકાશાહને વીત્યે સાડા ચાર સૈકાનાં વહાણાં વાયાં છે. કોઈ યુગપ્રધાન પુરુષ-મહાત્મા ધર્મયોગી અને કર્મયોગી ગણાતા એ અહિંસા, સંયમ અને સત્ય ત્રિશસ્ત્રીથી આત્મસમરાંગણમાં એ સુભટને કંઠે આ વીસમી સદી વિરમતાં પહેલાં ધર્મક્રાન્તિની નૂતન વરમાળ આરોપવા આતુર બનેલી એ શક્તિદેવી શીઘ્ર આવો અને નવક્રાન્તિના સ્રષ્ટા બનાવો એ અમારી મનોભાવના પ્રકટ કરતાંની સાથેજ એ ભારતવર્ષમાં પ્રાચીન, મધ્યકાલીન, અર્વાચીન અને ભાવિ ધર્મક્રાન્તિના સ્રષ્ટાઓને કોટિશઃ વંદન કરી વિરમીશું.

❑

# ૭ ક્રાંતિની યુગવર્તી અસર

## અર્વાચીન ઈતિહાસ

શ્રીમાન લોંકાશાહથી માંડીને આજ સુધીનો ઈતિહાસ આ પ્રકરણમાં બહુ સંક્ષિપ્ત રૂપમાં આપવાનું ધ્યેય રાખ્યું છે. કારણ કે જેમ પ્રાચીન અને મધ્યમયુગની પરિસ્થિતિ જોવાથી લોંકાશાહનાં ક્રાન્તિમય કાર્યની કલ્પના આવે છે, તેજ રીતે ત્યારપછીના ઈતિહાસથી તે આજ સુધીની બનેલી મુખ્ય બિનાઓ જાણવાથી એક ભિન્ન દિશાનો પણ વાચક વર્ગને અનુભવ કરાવવાની આવશ્યક્તા રહે છે. આથી શ્રીમાન લોંકાશાહની જીવન દિશાના કોઈ પૃષ્ઠ વાંચ્યા વગરનાં રહ્યાં હશે તેનો પણ ઉકેલ આવશે.

ધર્મપ્રાણ લોંકાશાહને કોઈ પંથ સ્થાપવાની લેશમાત્ર ઈચ્છા ન હતી તે આપણે તેના જીવનથી જાણી શક્યા છીએ. તેમના ૪૫ સાધકોએ આ વાત વિસારી નહોતી મૂકી. તેમણે માત્ર સત્ય પ્રચારનું ધ્યેય રાખી ભિન્નભિન્ન દિશાઓમાં વિહારગમન વહેતું મૂક્યું. એ ૪૫ સાધકોમાંના મુનિ સર્વાજી, મુનિ ભાણાજી, મુનિ મુન્નાજી અને મુનિ જગમાલજી મહાન ઉપદેશકો હતા.

## ક્રાન્તિની અસર

ધર્મપ્રાણ લોંકાશાહ પોતે તો અમદાવાદ છોડીને પ્રસંગ સિવાય પોતાના જીવન કાળમાં ગયા ન હતા. પરંતુ ત્યાં બેઠા બેઠા તેમનાં આંદોલનો તો ચારે કોર પ્રસરી ગયાં હતાં. આ ૪૫ સાધકો ઠેર ઠેર ફરી લોંકાશાહે આગમના પ્રકાશ દ્વારા જે વસ્તુ આપી હતી તેને જનતામાં પીરસવા લાગ્યા. આ રીતે લોકો લોંકાશાહના સિદ્ધાંતો અને તેની ધર્મક્રાન્તિથી બહુ પરિચિત થવા લાગ્યા.

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના સમયે રૂઢિઓ, વહેમો, કુસંસ્કારો અને અધર્મના પરિહારથી જે આંદોલનો વ્યાપક થયાં હતાં તેવી રીતે લોંકાશાહના વખતમાં પણ બને તે સ્વાભાવિક હતું. ધર્મના ઠેકેદારોનો અધિકાર જેવી રીતે જૈનધર્મમાં હતો તેવી રીતે ઈતર ધર્મમાં પણ હતો. મૂર્તિપૂજાના વિકારે જ્યારે જૈનધર્મને છોડ્યો ન હતો તો બીજા ધર્મોમાં પણ હોય તે સાવ સ્વાભાવિક છે. અને તેથી ક્રાન્તિની આ ધ્રુજારીએ ધરતીકંપની જેમ જનતાને ખળભળાવી મૂકી.

હિન્દુધર્મમાં મૂર્તિપૂજાનો વિરોધ અને જડપૂજાને બદલે માનસી પૂજાનું

સ્થાન લોંકાશાહનાં આદોલનથી વ્યાપક થયું છે. બૌદ્ધધર્મ તો ભારત વર્ષમાં પહેલેથીજ મૃતઃપ્રાય થયો હતો એટલે તેનું તો કહેવુંજ શું !

આ ક્રાન્તિની ચોમેર અસર જોઈ જૈનધર્મના શિથિલ સાધુઓની ઈમારતો ખળભળવા લાગી અને આ બાજુ લોંકાશાહના અનુયાયી દળનો પ્રભાવ વધતો ગયો. એક ઐતિહાસિક ઉલ્લેખ મળે છે કે, ધર્મપ્રાણ લોંકાશાહ પાસે એ ૪૫ સાધકો ઉપરાંત પાટણના પ્રતિષ્ઠિત ૧૫૧ શેઠિયાઓએ દીક્ષા લીધી હતી. અને તેમાં રૂપચંદ શાહ એક મહાન પ્રતિભાશાળી વ્યક્તિ હતી. દીક્ષા લીધા પછી દયા ધર્મના પ્રચારમાં તેમનો જબ્બર ફાળો છે. લોંકાશાહ નિર્વાણધર્મ પામ્યા પછી તેમને સ્થાને તેમનો અનુયાયી વર્ગ રૂપઋષિને* સન્માનતો હતો.

લોંકાશાહની આ ક્રાન્તિએ જૈનધર્મમાં ખૂબ ખળભળાટ મચાવવાથી જે ચૈત્યવાસીઓમાં ચૈતન્ય ન હતું તે ધીમે ધીમે ઘસાઈ ગયા. પણ જેમાં કંઈક ચૈતન્ય હતું તેઓએ પોતાના વ્યવહારનું આખું પરિવર્તન કરી નાખ્યું.ઉત્સવ, આડંબરો અને અસંયમને બદલે સાદાઈ, સરળતા અને સચ્ચારિત્રનો મળેલો બોધપાઠ પોતાના જીવનમાં ઉતારવા લાગ્યા. અને આ રીતે જે જે સાધુઓ એ ભાવનામાં ભળ્યા તેમણે પોતાનાં ક્રિયોદ્ધારક મંડળનું નામ **ગચ્છ** તરીકે રાખ્યું. એવી રીતે તે સમયે અનેક ગચ્છો જન્મ્યા અને પોતાની પ્રાચીન શિથિલતાને છોડી સાધુ જીવનના ધ્યેયને અનુલક્ષી પ્રબળ પરિવર્તન કરીને પોતાની પ્રતિષ્ઠાનું રક્ષણ કર્યું. આ મતોમાં કટુક મત, વીજામત, પાર્શ્વચંદ્રસૂરિનો મત વગેરે વગેરે નામો છે.

આ રીતે જેમ જેમ લોંકાશાહનું અનુયાયી દળ વધતું ગયું તેમ તેમ તે એક સંપ્રદાય રૂપે પરિણમતું ગયું. જનતા લોંકાશાહના દળને **દયાગચ્છ** તરીકે ઓળખતી. જ્યાં સુધી ધર્મપ્રાણ લોંકાશાહના આત્મીય ભક્તો હતા ત્યાં સુધી તે પોતાની નેમ પર અટલ રહ્યા અને તે સંપ્રદાયમાં કદાગ્રહનાં વિષ ન ભળવા દીધાં. પરન્તુ તેમનો વારસો જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ તેમાં સાંપ્રદાયિકતા પેસવા લાગી.

## સાંપ્રદાયિકતાનાં વિષ

ધર્મપ્રાણ લોંકાશાહે પંથ સ્થાપવાનો જે ભય પ્રદર્શિત કર્યો હતો તે ભવિષ્ય અહીં અક્ષરશઃ સાચું ઠરતું હોય તેમ દેખાવા લાગ્યું અને જેમ જેમ તે સંપ્રદાયરૂપમાં

* આ રૂપઋષિ પહેલાં છ સ્થવિરો થયા છે. તેમના નામ : ૧. ભાણજી, ૨. ભીદાજી, ૩. મુન્નાજી, ૪. ભીમાજી, ૫. જગમાલજી, ૬. સરવાજી.

થતો ગયો તેટતેટલે અંશે ગોંધી રાખેલા પાણીની જેમ સત્યમાં વિકાર થવા લાગ્યો. જ્યારે અનેક વિરોધોમાંથી આ સંપ્રદાય પસાર થતો હતો ત્યારે વિશુદ્ધ આચારની રક્ષા પ્રતિ તેમનું લક્ષ્ય બિન્દુ જે પ્રકારનું હતું તે ધ્યેયબિન્દુ હવે ભૂલાવા લાગ્યું. સત્યની રક્ષાને બદલે સંપ્રદાયની રક્ષાએ જોર પકડ્યું. સંપ્રદાયને નામે પૂજા અને પ્રતિષ્ઠા જેમ જેમ વધતાં ગયાં તેમ તેમ સાંપ્રદાયિક વૈભવ વધવા લાગ્યો.

## પતનનો પ્રારંભ

આ વખતે સાધુઓમાં શૈથિલ્યનો પણ ધીમે ધમે પ્રવેશ થવા લાગ્યો. શાસ્ત્રથી અવિહિત એવી અનેક વસ્તુઓનો વ્યવહાર અને સંચય શરૂ થયો અને તેમાંનાં કેટલાક તો અપરિગ્રહનું અને અકિંચનત્વનું સુદ્ધાં ભાન ભૂલી અર્થોપાર્જનમાં પ્રવૃત્ત થયા. જ્યારે અર્થપરિગ્રહ વધે ત્યારે અનેક પ્રકારનાં પતનો ચાલ્યાં આવે તે સાવ સ્વાભાવિક છે.

આ રીતે એ ધર્મપ્રાણ લોંકાશાહની ધર્મક્રાન્તિ પછી તેનાજ અનુયાયી-વર્ગમાં સડાનો પ્રવેશ ધીમે ધીમે થતાં ફરી પાછું સંસ્કૃતિદોષનું - તે જ વિકૃતિનું વિકરાળ સ્વરૂપ દેખાવા લાગ્યું.

## સમર્થ જ્યોતિર્ધરો

લોંકાશાહની ધર્મક્રાન્તિની અસરને સાવ નિર્મૂળ કરે તે પહેલાં સદ્‌ભાગ્યે તેમના ત્રણ અનુયાયી કે જેમાંના એકનું નામ શ્રી ધર્મસિંહજી મુનિ, બીજાનું નામ શ્રી લવજીઋષિ અને ત્રીજાનું નામ શ્રી ધર્મદાસજીમુનિ. શ્રી ધર્મસિંહજી વિ. સં. ૧૬૮૫, શ્રી લવજીઋષિ વિ. સં. ૧૬૯૨ અને શ્રી ધર્મદાસજી વિ. સં. ૧૭૧૬ એટલે કે ધર્મપ્રાણ લોંકાશાહ પછી અઢી સૈકા બાદ થયા. તેઓએ લોંકાશાહના પુત્રોને ફરી લોંકાશાહનું નામ યાદ દેવડાવી ઉદ્‌બોધના કરી. લોંકાશાહ પછીના આ ત્રણે મહાપુરુષો ખરેખર ક્રિયોદ્ધારક તરીકે પ્રસિદ્ધ થયા છે. જે રીતે ભગવાન મહાવીરના વંશજો પરિગ્રહધારી અને શિથિલાચારી બનેલા તે વખતે મહાવીરના પયગમ્બર લોંકાશાહ આવ્યા હતા તેવીજ રીતે આ લોંકાશાહના વંશજો કે જેઓ લાંબે કાળે ત્યાગ, જ્ઞાનાભ્યાસ, પરોપકાર વગેરે ભૂલી માન, લોભ અને ખટપટોમાં પડી ગયા હતા, તેમને ઉદ્‌બોધવા માટે આ ઉદ્‌બોધકો જાગૃત થયા. જો કે તે મહાપુરુષોનું આત્મબળ શ્રીમાન લોંકાશાહ જેવું નહિ હોય તેમ જણાય છે. કારણ કે લોંકાશાહે ધર્મમાં જે ક્રાન્તિ મચાવી, જે સામર્થ્ય

બતાવ્યું તેવું આમનામાં ન હતું અને તેથી તેઓ લોંકાશાહના બધા વંશજોને ઠેકાણે લાવવાનું કામ સફળ રીતે પાર પાડી શક્યા નથી. તેમ છતાં તેમણે પોતાના જબરજસ્ત ત્યાગ દ્વારા જનતાને સત્યાસત્યનો ખ્યાલ કરાવ્યો છે એ વાત સાવ સાચી છે.

## યતિ અને સાધુ

યતિ શબ્દ यम् ધાતુ પરથી નિષ્પન્ન થયો છે. તેનો અર્થ વાસ્તવિક રીતે તો સાધુ તરીકે થાય છે. એટલે લોંકાશાહ પછીના અઢી સૈકા તો યતિ સાધુ અને મુનિ એ બધા શબ્દો જૈન સાધુઓ માટે એકજ ગણાતા. શ્રીમાન લોંકાશાહના વખતે જ્ઞાનજી નામના યતિ પરથી આ ખ્યાલ આવી શકે છે. પરંતુ ઉપરના ત્રણ મહાપુરુષોના વખતમાં યતિ શબ્દની પનોતી બેઠી. पासत्था શિથિલાચારી હલકા વગેરે અર્થમાં એ શબ્દ વપરાતો થયો.

આપણે પહેલેથી જ કહી ગયા તેમ એ ત્રણ મહાપુરુષોએ આ સુધારો કર્યો હતો. તેઓ આખી યતિસંસ્થાને સુધારી ન શક્યા. તેનાં બે ત્રણ કારણો હતાં. (૧) યતિઓનો અધિકાર પોતાના ભક્તો પર ખૂબ વ્યાપક થયો હતો. (૨) જ્યોતિષ, વૈદક, જંત્રમંત્ર ઈત્યાદિ વિદ્યા દ્વારા તેઓનો પ્રભાવ જૈન જનતા પર ઊંડી રીતે પડતો હતો એટલે (૩) આ પૂજા* અને વિલાસમાં ડૂબેલા યતિ સમ્રાટોને આદર્શ ત્યાગ તરફ વાળી શકાય તેવી પરિસ્થિતિ ન હતી. એટલે જ એ સુધારકોને તે તરફ સત્ય વિરોધ પ્રગટ કરવા માટે અને વાસ્તવિકતાએ તો લોંકાશાહની ભૂલેલી જનતાને ફરી એકવાર બોધ આપવા માટે તે ત્યાગીઓએ ભરચક પ્રયાસ કર્યો. તેમાંનાં પહેલા અને બીજા મહાત્મા ધર્મસિંહજી તથા લવજીઋષિ તો યતિ વર્ગમાંથી જ નીકળીને બહાર પડ્યા છે અને બીજા એક ગૃહસ્થદશામાંથી શુદ્ધ જૈનધર્મની દીક્ષાને અંગીકાર કરીને બહાર પડ્યા છે. આ રીતે અહીંથી જ સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર અંગોમાં એક અંગ

* જો કે એ પૂજા અને વિલાસ હોવા છતાં આજે યતિ વર્ગમાં જે સડો દેખાય છે તેટલો તે વખતે ન હતો. ઉપરાંત તેઓ પરિગ્રહી છતાં પરોપકારી અને બ્રહ્મચારી રહેતા. તેથી તેઓએ જૈનધર્મને પ્રજા વર્ગની દષ્ટિએ કદી નિંદાવ્યો નથી.

પરંતુ જૈન સાધુતાની અપેક્ષાએ સાધુતાના કડક નિયમોના આ પાલનનો સહજ સડો તેમનામાં હતો. તે સડો ક્યાં સુધી ઊંડો ગયો અને તેનું પરિણામ કેટલું કડવું આવ્યું તે આજની યતિવર્ગની પ્રવૃત્તિ પરથી સ્પષ્ટ થઈ જાય છે.

વૃદ્ધિ પામ્યું. અર્થાત્ સાધુ સાધ્વી પછી અને શ્રાવક-શ્રાવિકાની પહેલાં એટલે કે બરાબર મધ્યમ સ્થાને યતિવર્ગની યોજના તઈ.

## મધ્યમ વર્ગની આવશ્યકતા

જો કે આ સ્થળે એટલો નિર્દેશ કરવો માર્ગદર્શક થઈ પડશે કે પરિસ્થિતિ જોતાં ગૃહસ્થ સાધકો અને આદર્શ ત્યાગીઓની વચ્ચે એક મધ્યસ્થ વર્ગની તો આજે પણ આવશ્યક્તા છે. તે વર્ગ અકિંચન અને બ્રહ્મચારી બની સામાજિક કાર્યોને હાથ ધરે તો પોતાનું અને સમાજનું એમ બન્નેનું હિત સાધી શકે. જૈન સમાજમાં આજે જે નૈતિક ધોરણનું નાવ ઊલટી દિશામાં ચાલી રહ્યું છે તે સુકાન ઠેકાણે લાવી શકવામાં તે એક પ્રબળ સહાયક બની શકે અને આવી આશા તે સમયના યતિવર્ગ પાસેથી સમાજ રાખી શકતો કદાચ રાખતો હશે ! (પરંતુ તે પૂર્ણ ન થવા પામી તે આજની યતિદશા પરથી જાણી શકાય છે) એટલે હાલ તો ગૃહસ્થ સંસ્કારી યુવાનો પાસેથી એ આશા રાખી શકાય તેમ છે. એવો વર્ગ સાધુઓ સાથે અથવા અનિવાર્ય વખતે ભિન્ન સ્થળે પણ કાર્ય કરી શકે. હાલ તો તેમનું કાર્ય મર્યાદિત એટલે કે જૈન જગત પૂરતુંજ રહે.

આટલું પ્રાસંગિક કહીને, હવે આપણે જે ત્રણ મહાપુરુષોએ ધર્મપ્રાણ લોંકાશાહના ધ્યેય તરફ વળીને ફરીને એક વાર તત્કાલીન સાધુઓ તથા યતિવર્ગમાં ધર્મની ક્રાન્તિનો સૂર્યસમો ઉગ્ર નહિ પરંતુ ચંદ્ર સમો શીતળ પ્રકાશ ફેંક્યો અને ભારતવર્ષમાં જે મહાપુરુષનાં અઢી હજાર જેટલાં સાધુ-સાધ્વીઓ અને ચારથી પાંચ લાખ સુધીની શ્રાવકોની સંખ્યા વિદ્યમાન છે તે ત્રણ મહાપુરુષોના જ્યોતિર્મય જીવનની અનુક્રમે સંક્ષિપ્ત નોંધ અહીં લઈએ.

## ધર્મસુધારક શ્રીમાન લવજીઋષિ

શ્રીમાન લવજીઋષિનું ગૃહસ્થજીવન સુખી અને સમૃદ્ધ હતું. સુરતના લક્ષાધિપતિ દશા શ્રીમાળી વણિક વીરજી વોરાની પુત્રી ફૂલબાઈના તે અંગપ્રસૂત હતા. એકના એક પુત્ર હતા.

(તેમના પિતાશ્રીનો નામોલ્લેખ ચોક્કસ રીતે મળતો નથી.)

તેમના માતામહ (નાના) વીરજી વોરા એક ધોરી શ્રાવક ગણાતા. શ્રીમાન લવજીઋષિનું બાલ્ય ત્યાંજ પસાર થયું હતું. આથી એમ જણાય છે કે કદાચ

તેમના પિતાશ્રીનો તેમને બાલ્યવયમાંજ વિયોગ થયો હોય.

શ્રીમાન લવજીઋષિમાં બાલ્યકાળમાંજ ધાર્મિક સંસ્કારો ઠીક ઠીક વિકસ્યે જતા હતા. તેવામાં તેમના નાનાશ્રીના ગુરુ યતિશ્રી વજાગંજીના ઉપદેશનું સિંચન થવાથી તેમની વૈરાગ્યવૃત્તિ તીવ્ર બની. પરંતુ તે ઈચ્છા તેણે તાત્કાલિક માટે સ્થગિત કરી યતિશ્રી પાસે શાસ્ત્રાધ્યયન કરવું શરૂ કર્યું અને ચારિત્ર ધર્મને યથાર્થ પાળી શકાય તેવી પૂર્વ તૈયારીઓ કરવા માંડી.

## પ્રવ્રજ્યા અને ક્રાન્તિ

વય અને જ્ઞાનની પરિપક્વતા આવ્યા પછી જૈનધર્મની દીક્ષા લેવાનો તેમણે દઢ સંકલ્પ કર્યો; પરંતુ યતિઓનું શૈથિલ્ય જોઈને તેમના ચરણે પોતાનું જીવન અર્પતાં તેને ક્ષોભ થયો. પરંતુ તેમના નાનાશ્રીના અતિ આગ્રહવશાત્ તેણે પોતાના જ્ઞાન-ગુરુ શ્રી વજાગંજી પાસે દીક્ષા લીધી ખરી; પરંતુ તેમનું હૃદય ત્યાં ટકી શક્યું નહિ. લગભગ બે વર્ષ પૂર્ણ નહિ થયાં હોય ત્યાં તો તેમણે પરિવર્તન કર્યું. અર્થાત્ કે શુદ્ધ સાધુ ધર્મની સ્વયં દીક્ષા લીધી. એ હતો સમય ૧૬૯૨ની સાલનો.* અન્ય મહાત્માઓનાં પરિવર્તન કરતાં આ પરિવર્તનમાં વિશેષતા એ હતી કે તેઓ પોતાની સાથેના સાધક યતિઓમાંથી બે યતિઓને-કે જેનાં નામ ભાણજી અને સુખોજી હતાં-શુદ્ધ સાધુધર્મની દીક્ષામાં લાવવામાં સફળ થયા હતા.

## પરિવર્તનની અસર

લવજીઋષિના આ પરિવર્તન પછી સમાજમાં ખૂબ ખળભળાટ થવા પામ્યો હતો અને થાય તેનાં બે કારણો હતાં. (૧) ધોરી શ્રાવકનો દૌહિત્ર યતિવેશમાંથી આવું પરિવર્તન કરે તો લોકો તેના તરફ વધુ આકર્ષાય અને તેથી યતિ સંસ્થાને હાનિ પહોંચે. (૨) સુધારક ધર્મસિંહજી મુનિએ યતિવેશનું પરિવર્તન કરી જનતામાં જાગૃતિ આણી હતી. અને તે ડાઘ યતિ સમ્રાટોના હૃદયથી ભૂંસાયો ન હતો. તેવામાં વળી આ કારણ મળ્યું. બીજા તો શું ? પરંતુ સંસાર પક્ષના તેના મોસાળના કુટુંબીઓ પણ ધમધમી રહ્યા હતા. 'રે ધર્મઝનૂન શું અધર્માચરણ નથી કરતું !'

---

* કોઈ પટાવલિમાં એમ પણ મળે છે કે તેમણે ૧૭૦૫માં સાધુ ધર્મની દીક્ષા લીધી હતી.

## ધર્મઝનૂન શું કરે છે ?

એ જ પ્રસંગે વિચરતા વિચરતા ખંભાતમાં પહોંચેલા શ્રીમાન લવજી-ઋષિ ધર્મપ્રચાર કરી રહ્યા હતા. તેમનાં તપશ્ચરણ અને ત્યાગને લઈને જનતા તે તરફ ઢળવા લાગી. અને તેમના તાત્ત્વિક સિદ્ધાંતો તેમને રુચવા લાગ્યા. આ વાતની યતિઓને ખબર પડવાથી તેમને એટલું તો લાગી આવ્યું કે, 'આનું હવે કાસળજ કાઢી નાખવું જોઈએ.'

'પ્રિય પાઠક ગણ ! અધિકારવાદને ટકાવવા માટે મનુષ્ય કેવા કેવા અનર્થ કરી બેસે છે તેનો તો આ લેખમાળામાં પણ ઘણા પ્રસંગથી તમોને ખ્યાલ આવી ગયો હશે. આ લોકૈષણાનું સંવેદન એટલું બધું તીવ્ર હોય છે કે તેવા પ્રસંગે પોતાના સ્થાનની જવાબદારી મનુષ્ય છેકજ ભૂલી જાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ બધો અનર્થ પાછો શાસનની પ્રભાવનાને નામે ચડાવાય છે. કેટલો શાસનદ્રોહ ! પોતાની તીવ્ર કાષાયિક પ્રવૃત્તિને પોષવા માટે આવો પ્રચાર કરવો તે કેવું ભયંકર પાપ ! ખરેખર ધર્મને નામે આવી ઝઘડાખોર પ્રવૃત્તિ અતિ અસહ્ય છે. આ સડાનો તો તીવ્ર નાશજ થવો જોઈએ. પરંતુ જો શ્રાવકોમાં વિવેકચક્ષુ જાગ્રત થયાં હોત તો એ સડો વધત જ શી રીતે !

એ યતિઓએ પોતાની આ દુષ્ટ ભાવના પૂર્ણ કરવા માટે ખુદ વીરજી વોરાને (કે જે સંસારપક્ષે તેમના નાના થતા હતા તેને) ઉશ્કેર્યા. તેણે પોતાની લાગવગનો દુરુપયોગ કરી ખંભાતના નવાબને એક લાંબો પત્ર લખ્યો. અને તેમાં ઘણું જૂઠાણું લખી કાઢ્યું.

## તિતિક્ષાની પરાકાષ્ઠા

નવાબના માણસોએ લવજીઋષિને ડેલા પાસે બેસાડી રાખ્યા અને ફરતો ચોકી પહેરો રાખી દીધો. શ્રીમાન લવજીઋષિએ એક શબ્દ સરખો ઉચ્ચાર્યો નહિ. ઊલટું સહજ તપશ્ચરણ માની સ્થિર આસન કરી ધ્યાનમાં આરૂઢ થયા. એક જૈન મુનિના આવા દૃઢ આત્મબળથી પહેરો ભરતા ચોકીદારો પર ઘણી સારી અસર થઈ. અને તે સમાચાર ખાનગી રીતે બેગમને મળતાં તેણે નવાબને સમજાવીને મુનિશ્રીને માનસહિત મુક્ત કર્યા.

આ બનાવ બન્યા પછી તો લવજીઋષિની કીર્તિ ચારે કોર ફેલાવા લાગી, અને ઘણા શ્રાવકો યતિઓનાં ફાંસામાંથી છૂટીને તેના દૃઢ ભક્ત થઈ ગયા.

યતિવર્ગનું વૈર આથી તો ઊલટું ખૂબ વધવા લાગ્યું. અને તે કોઈપણ પ્રકારે તેનો બદલો લેવા માટે એકીટસે તાકી રહ્યા હતા. એકદા અમદાવાદમાં શ્રીમાન લવજીઋષિ ગયેલા. ત્યાંના ઓસવાળો વગેરે પૈકી ઘણાઓને તેમણે શાસ્ત્રોનું પરમ રહસ્ય સમજાવી પોતાના અનુયાયી બનાવ્યા હતા. અને તેમાંથી ૨૩ વર્ષની વયે સોમજી નામના દસા પોરવાળ વણિક ગૃહસ્થે દીક્ષા સુદ્ધાં લીધી હતી.

એકદા શ્રીમાન લવજીઋષિ અને તેમના ત્રણ શિષ્યો સ્થંડિલ ભૂમિથી પાછા ફરી રહ્યા હતા અને એક મુનિ ચાલતાં ચાલતાં જરા પાછળ પડી ગયેલા. આ અજાણ્યા મુનિને રસ્તો દેખાડવાને બહાને માર્ગમાં મળેલા કેટલાક યતિઓ પોતાના દેરાસરમાં લઈ જઈ તેને ગુમ કરી દીધા. અને અંતે તે કાયમને માટે ગુમ થયા.

આ વાતની જ્યારે લવજીઋષિના ભક્તોને ખબર પડી ત્યારે શ્રાવકો ઉશ્કેરાઈ ગયા અને કોઈ પણ રીતે તેનું વૈર વાળવાનો તેમણે નિરધાર કર્યો. આ વખતે લોંકાશાહના તે સાચા સપૂત શ્રીમાન લવજીઋષિએ પોતાના અંતઃકરણમાં વૈરવૃત્તિને ન આવવા દેતાં તેઓને સમજાવ્યું કે, ભાઈઓ ! **न हि वैरं वैरेण शाम्यति ॥** વૈર કદી વૈરથી શાન્ત થતું નથી. તેને શાન્ત કરવાનો ઉપાય સ્નેહ છે, વૈર નથી ; અને એ પણ બિચારા પોતે દોષિત નથી. પ્રકૃતિના પ્રકોપો આવા જ હોય છે. જૈનદર્શનનું પરમ રહસ્ય સમજાવી એ મુનિરાજે આ રીતે પોતાના ભક્તોને શાન્ત કર્યા. પોતાના વહાલા શિષ્યના આવા કારુણિક અંત પ્રસંગે પણ આવું ધૈર્ય-આટલી શાન્તિ હોવી એ તેમના આત્મસામર્થ્યની-આત્મભાનની-આત્મસાક્ષાત્કારની આબેહૂબ પ્રતીતિ છે. ધન્ય હોય એ લોંકાશાહના પરમ અનુયાયીને.

આ બે પ્રસંગોથી એક બાજુ ધર્મના વિકારનું ભયંકર દર્શન થાય છે અને બીજી બાજુ સાચા ધર્મનું સુધાદર્શન થાય છે.આ બન્ને પ્રસંગમાંથી શ્રીમાન લોંકાશાહના જીવન પ્રસંગ જેવું જ એક ધર્મ ક્રાન્તિકારના હૃદયની યોગ્યતાનું સ્પષ્ટ દર્શન થાય છે.

આ સિવાય બીજા પણ તેમના જીવનમાં સંકટોના ઘણાયે પ્રસંગો આવી ગયા છે. પરંતુ સુવર્ણને જેમ જેમ તપાવવામાં આવે તેમ તેમ સુવર્ણ શુદ્ધ થાય

છે તેમ આ ઋષીશ્વરનો આત્મા પણ ત્રાસ, આપત્તિ અને સંકટોમાંથી પસાર થતો જાય છે તેમ તેમ વધુ ને વધુ તેજોમય બનતો જાય છે.

## વર્તમાન વિગત

આ મુનિશ્રી બુરાનપુર સુધી દૂર ગયેલા અને પોતાના જીવન કાળમાં ધર્મ પ્રચારનું તેમણે સુંદર કાર્ય કર્યું છે.

આવી રીતે દીર્ઘકાળ સુધી સંયમમય જીવન ગાળી શરીર જીર્ણ થયા પછી આહારાદિનો પ્રાણાન્ત ત્યાગ કરી એકદા તેઓ પોતાના જીર્ણ શરીરને છોડીને સ્વર્ગમાં સીધાવ્યા. (તેમનો દેહાન્ત સમય ઉપલબ્ધ થતો નથી.) તેમના પછી તેમની પાટે સોમજીઋષિ આવ્યા હતા. અને સોમજીઋષિ પછી તેમને કાનજી નામે શિષ્ય થયા. તે કાનજીઋષિનો એક મોટો સમુદાય દક્ષિણ, માળવા ઈત્યાદિ પ્રદેશમાં વિચરે છે. તે સંપ્રદાયમાં પચીસેક જેટલા સાધુજીઓ અને સો એક જેટલી આર્યાજીઓ વિદ્યમાન છે.

આ સમુદાયમાં શ્રીમાન અમુલખઋષિજી★ આચાર્ય પદવી પર પ્રતિષ્ઠિત છે. તેઓ જૈનશાસ્ત્રોના પ્રખર અભ્યાસી, (જેમણે સૂત્રની બત્રિસીનો હિન્દી અનુવાદ કર્યો છે.) વિદ્વાન, વિચારક અને ઘણીજ શાન્ત પ્રકૃતિના છે. શ્રીમાન લવજીઋષિની મૂળ શાખા હજુયે ખંભાત સંપ્રદાય તરીકે ઓળખાય છે અને તે સંપ્રદાયની પૂજ્ય પદવી પર હાલમાં શ્રી છગનલાલજી મહારાજ છે.

આ સંપ્રદાયમાં સાધુ સાધ્વી સમુદાયની સંખ્યા અલ્પ પ્રમાણમાં એટલે કે લગભગ સત્તરની છે. લવજીઋષિના સમુદાયની એક શાખા પંજાબમાં પણ છે. અને તે સંપ્રદાયમાં પૂજ્ય શ્રી સોહનલાલજી મહારાજ કે જેઓ દીર્ઘ તપસ્વી, બહુશ્રુતી અને પ્રૌઢ છે. તેમનું વય પણ વિશેષ છે અને વર્તમાન સમયમાં સ્થાનકવાસી સમુદાયમાં જે સાધુઓ વિદ્યમાન છે તે સૌ કરતાં તેઓ દીક્ષાવૃદ્ધ તરીકે ગણાય છે.★★

મહાસતીજી પાર્વતીજી કે જે પ્રખર વિદુષી અને પ્રબળ ચર્ચાવાદી તરીકે પ્રસિદ્ધ છે તે આજ સમુદાયનાં આર્યાજી છે. આ સમુદાયમાં પંચોતેર સાધુજી અને સાઠ સિત્તેર આર્યાજીઓ વિદ્યમાન છે.

---

★ જેમનું તા. ૧૪-૯-૩૬ ના રોજ દેહાવસાન થયું છે.

★★ પંજાબકેશરી પૂજ્યશ્રી સોહનલાલજી મહારાજનું તા. ૬-૭-૩૫ ના રોજ દેહાવસાન થયું છે.

## શ્રીમાન ધર્મસિંહજી*

આ મહાપુરુષ કાઠિયાવાડના હાલાર પ્રાન્તમાં આવેલા જામનગર શહેરના દશા શ્રીમાળી વણિક જિનદાસનાં ધર્મપત્ની શિવાબાઈની કુખે જનમ્યાં હતાં.** બાળપણથી તે સંસ્કારી હતા. તેમનાં માતા પિતાની ધર્મભાવના ખૂબ પ્રશસ્ત હતી. એકદા લોંકાગચ્છી ઉપાશ્રયે લોંકાગચ્છાધિપતિ પૂજ્ય શ્રી રત્નસિંહજીના શિષ્ય શ્રી શિવજી મહારાજ પધારેલા અને તેમના ઉપદેશની અસર થવાથી ૧૫ વર્ષની વયે વૈરાગ્યપૂર્વક પોતાનાં માતા પિતાની આજ્ઞા લઈ યતિદીક્ષા લીધી. દીક્ષા લીધા પછી તેમણે સારું જ્ઞાન સંપાદન કર્યું. ભગવાન મહાવીરનાં મૂળસૂત્રો પર તેમને અથાગ પ્રેમ હતો. સ્વાધ્યાયનો તેમને ખૂબ શોખ હતો.

## ઉદ્‌બોધન

એકદા તેઓ સૂત્રગાથાઓનું ચિંતન કરતા હતા. તે ગાથાઓમાં મુખ્યત્વે સાધુધર્મના યમનિયમોનું વર્ણન હતું. એકાએક તેમને ખ્યાલ આવ્યો કે પોતે ચાલતા હતા તે માર્ગ સૂત્ર પ્રદર્શિત સાધુમાર્ગ કરતાં સાવ નિરાળો દેખાતો જણાયો અને તેથી તે સરળ આત્માને ખૂબ પશ્ચાત્તાપ થયો. પોતાના દીક્ષાગુરુ યતીશ્વર શ્રી શિવજી મહારાજ આગળ આવીને તેમણે વિનયપૂર્વક કહ્યું કે, "મહારાજ ! સૂત્રની આ ગાથાઓનો કૃપા કરી અર્થ કહો."

ગુરુજીએ અર્થ કહી બતાવ્યો ત્યારે તેમણે નમ્રતાથી ઉચ્ચાર્યું કે "આપણે તો આવા મુનિધર્મ પ્રમાણે અત્યારે વર્તતા નથી માટે જો ટુકડા માગી ખાવા માટે ભેખ ન ધર્યો હોય તો મુનિધર્મ શુદ્ધ રીતે પાળવો જોઈએ. આપ સરખા વિદ્વાન મહાપુરુષ જો શુદ્ધ મુનિધર્મ ન પાળે તો બીજો સામાન્ય મુનિવર્ગ તો ક્યાંથીજ પાળવાની પ્રેરણા મેળવે ? આપ સિંહ સમા છો તો તેવાજ બનો અને આપણા પેતા લોંકાશાહને સફળ બનાવો."

* શ્રી ધર્મસિંહજી મહારાજે સાધુધર્મની દીક્ષા સં. ૧૭૦૯માં લીધી હતી તેવો પણ પટ્ટાવલિમાં ઉલ્લેખ મળે છે. તે અપેક્ષાએ શ્રીમાન લવજીઋષિ પછી તેમનું જીવન વર્ણવ્યું છે.

** તેમનો જન્મ સંવત મળતો નથી પરંતુ વિ. સં. ૧૬૮૫માં યતિધર્મની દીક્ષામાંથી ફરી સાધુધર્મની દીક્ષા લીધી છે. એટલે યતિધર્મ છોડતી વખતે તેમની પીઢવૃત્તિ અને સામર્થ્ય જોતાં તે વય ૩૦ થી ૪૦ વર્ષની વચ્ચે હોવી જોઈએ તેમ અનુમાન થાય છે. અને તે અનુમાનથી તો વિ. સંવત ૧૬૫૦ ની આસપાસનો એ સમય ગણી શકાય.

યુવાન મુનિશ્રીનાં વચન સાંભળી ગુરુજી બહુ ખુશી થયા અને થોડા વખત પછી શુદ્ધ સાધુ ધર્મની દીક્ષા લેવાનું આશ્વાસન આપીને તે વખતે તો ધર્મસિંહજી મુનિને રવાના કર્યા; પરંતુ જ્યારે ધર્મસિંહજી મુનિને સમજાયું કે, ગુરુ શ્રી સંપ્રદાયની પૂજ્યપદવીનો મોહ વગેરે છોડી શકે તેમ નથી ત્યારે તેમણે વિનયપૂર્વક ગુરુશ્રીની રજા માગી, સ્વયં સાધુધર્મની દીક્ષા લઈ, એકાકી વિહરવાનો પોતાનો નિર્ણય તેમની પાસે જાહેર કર્યો.

## પરિવર્તન અને પરમાર્થ

આવા સુવિહિત મુનિને રજા આપવામાં તેમના ગુરુશ્રીને ખૂબજ દુઃખ થતું પરંતુ તેનો દૃઢ નિર્ણય અને આત્મબળ જોઈ તે પરિસ્થિતિને અને સાચા સાધુધર્મની આરાધનામાં એક બાજુ પ્રલોભનો એક બાજુ અનેક સંકટો વચ્ચે પસાર થવામાં કેટલી તૈયારી જોઈએ તેનો ચીતાર આપીને સાધુધર્મ પાળવાની આજ્ઞા આપી;* અને આશીર્વાદ પણ આપ્યો.

સાધુધર્મની દીક્ષા લીધા પછી તેમણે પોતાના જીવનકાળમાં ઠીક ઠીક ઉપદેશ આપવાનું કામ કર્યું છે. અને યતિસંસ્થા સામે ટકી રહેવા માટે તેમણે જ્ઞાન પણ ઠીક ઠીક મેળવ્યું છે. તેઓએ સત્તાવીસ સૂત્રો પર તો (સંસ્કૃત ટીકાઓ પરથી) ગુજરાતી ટબાઓ લખ્યા છે. આ એક જૈનધર્મના અનુયાયીઓ પર તેમનો ઉત્તમ ઉપકાર ગણી શકાય. જૈનધર્મના સૂત્રોની મૂળ ભાષા પર જેમનો પૂરતો કાબૂ ન હોય તેવા સાધકો માટે તો એ પરમ સહાયક વસ્તુ નીવડી છે. પંજાબ, માળવા, મેવાડ વગેરે ઘણે સ્થળે જેઓ બહુ અભ્યાસી હોતા નથી તેવાં સાધુ-સાધ્વીઓ હજુ પણ તેનો લાભ લે છે. આ ટબાઓમાં ખાસ વિશેષતા એ છે કે સૂત્રના મૂળ અર્થને અનુકૂળ અને સંક્ષિપ્ત અર્થ રૂપે ગુજરાતી ભાષામાં તે લખાયેલા છે.

આ સિવાય તેમણે કેટલાંક સૂત્રો પર હૂંડી અને યંત્રો પણ બનાવેલાં છે.

---

* એ આજ્ઞા આપતાં પહેલાં એક આકરી કસોટી કરેલી તેમ તેમના અનુયાયીઓ તરફથી એક ઉલલેખ મળે છે કે, દરિયાખાન નામનું એક સ્થળ હતું અને ત્યાં એક યક્ષ (કેટલાક પીર પણ કહે છે) રહેતો હતો અને રાત્રીના જો કોઈ તે સ્થળમાં જાય તો તેને ભરખી લેતો હતો. આ સ્થાનમાં એક રાત્રીવાસ ગાળી આવવાની તેમને તેમના ગુરુએ ફરમાએશ કરેલી અને ત્યાં તે પોતાના આત્મબલથી ટકી શકેલા. આ ઉપરથી જ્યારે તેમણે સાધુદીક્ષા લીધી ત્યારે તે ગચ્છનું નામ દરિયાપુરી રાખવામાં આવ્યું છે. એવી દંતકથા છે.

આ પુસ્તકોની સંખ્યા લગભગ ૧૨ ઉપરાંતની છે. આ બધું જોતાં તે એક વિદ્વાન અને ચારિત્ર્યશીલ સાધુ પુરુષ થઈ ગયા તેમ સ્પષ્ટ જણાય છે. આ સિવાય તેમના જીવન માટે સુંદર પ્રકાશ પાડે તેવી વસ્તુ તો તેમની અપાર આત્મશક્તિ જ છે.

## આત્મઓજસ

વિદ્વાન અને પૂજ્ય તરીકે ગણાતા યતિના એક શિષ્ય તરીકે તેમના અનુયાયી વર્ગ તરફથી કેટલું માન અને પૂજા હોય તે એક બાળક પણ સમજી શકે તેવી વસ્તુ છે. છતાં એવું માનવંતુ સ્થાન છોડીને કેવળ આદર્શ ત્યાગની દૃષ્ટિ તે બધાંને તિલાંજલિ આપી અને તેને બદલે તેવી પરિસ્થિતિમાં એકાકી રીતે સ્વયં સાધુધર્મની દીક્ષા લીધી એ તેમણે એક અમીરી છોડીને ફકીરી આરાધવા જેવું કઠિન કાર્ય કર્યું છે કે જેની કલ્પના કરવી અશક્ય થઈ પડે છે.આ મહાત્માનો દેહાંત સમય વિ. સં. ૧૭૨૮ ના આસો સુદી ૪ નો છે.

લોંકાશાહ પછી થયેલા વીરમાં આ મહાપુરુષનું સ્થાન આ દૃષ્ટિબિંદુથી સહજ રીતે ઘણું ઊંચું આવી રહે છે અને તેમના જીવનમાંથી તેમના અનુયાયીઓને ઘણું શીખવાનું મળી રહે તેમ છે. એ ધર્મસિંહજી મહારાજની આજે લગભગ ૨૩મી પાટ ચાલે છે અને તે પાટે પૂજ્યશ્રી ઉત્તમચંદ્રજી મહારાજ છે, કે જેઓ એક નિખાલસ હૃદયના અને નમૂનેદાર સાધુ છે. તેમના સમુદાયમાં લગભગ વીસેક મુનિરાજો ને સાઠેક આર્યાજીઓ છે. આ સમુદાય હજુ પણ શ્રી દરિયાપુરી સંપ્રદાયને નામે ઓળખાય છે અને ગુજરાત તથા કાઠિયાવાડના અમુક પ્રદેશમાં વિચરે છે. આ સમુદાય નાનાજ રૂપમાં અને એકજ શાખાના રૂપમાં આજ લગી ચાલ્યો આવે છે. આ લોંકાશાહ પછીના મહાન ધર્મસુધારકનો અત્યાર સુધીનો સંક્ષિપ્ત ઈતિહાસ છે.

## ધર્મસુધારક શ્રીમાન ધર્મદાસજી

શ્રીમાન લોંકાશાહ પછી તેમના અનુયાયી વર્ગમાં પેઠેલ વિકાર સામે ધર્મબંડ જગાડનાર આ પણ એક મહાત્મા હતા. યતિવર્ગનો સડો જોઈ તેમને ઘણું લાગી આવેલું, અને તેથી તેઓ એક સાચા સાધુની શોધમાં લાગેલા.

સરખેજ ગામના ભાવસાર કુટુમ્બમાં તેમનો જન્મ થયેલો. તેમના પિતાનું નામ જીવન કાળીદાસ. પરિપક્વ વય અને વિચાર થયા પછી ત્યાગમાર્ગમાં

પ્રવૃત્ત થવા માટે તેઓ ધર્મસિંહજી અને લવજીઋષિને મળેલા; પરંતુ ત્યાં પણ તેમનું ચિત્ત ઠર્યું નહિ.

ચારિત્ર્યબળથી તેમણે સ્વયં ૧૭૬૧ની સંવતમાં અમદાવાદ મુકામે શહેર બહારની પાદશાહની વાડીમાં (સોળ સાધકો સાથે જૈનધર્મની) દીક્ષા લીધી હતી.

ઉપરના બન્ને મહાત્માઓ પૈકી આ મહાત્માના જીવનમાં ખાસ વિશેષરૂપે એક વસ્તુ સાંપડે છે કે તેઓ એક પ્રખર ઉપદેશક હતા અને ભિન્ન ભિન્ન પ્રદેશમાં ફર્યા હતા. આ રીતે એ ત્રણે સમર્થ મહાપુરુષોનો જેમ જેમ જનતામાં પ્રકાશ ફેલાતો ગયો તેમ તેમ યતિવર્ગનો અને ચૈત્યવાદી સાધુઓનો મહિમા ઘટવા લાગ્યો. પોતાની પૂજા અને પ્રતિષ્ઠા ઘટવાથી ચૈત્યવાદી વર્ગના સાધુઓમાં કંઈક જાગૃતિ આવી. અને તેઓએ પોતાના ગચ્છોમાં ચારિત્ર્યવિષયક સુધારણા કરી. પરંતુ યતિવર્ગ તો વિલાસને માર્ગે ઘસડાતોજ ગયો. તેની ઉન્નતિ તો છેવટ સુધી થઈ શકી નહિ.

શ્રીમાન ધર્મદાસજી મહારાજના રત્નાકરમાંથી ચૂંટી કાઢેલાં રત્નો સમાન એક-બે-પાંચ-દસ નહિ પરંતુ ૯૯ શિષ્યો થયા. (તેમાંના ૩૫ તો મહા પંડિતો હતા) અને તે બધા વિદ્વાન સાધુઓએ માત્ર એક સંકુચિત પ્રદેશમાં ન પુરાઈ રહેતાં ભારતવર્ષના ભિન્ન ભિન્ન વિભાગોમાં પાદવિહાર કરી દૂર-સુદૂર જતાં માર્ગમાં અનેક સંકટો-વિપત્તિઓ સહી જૈનધર્મને ફેલાવ્યો અને બાદશાહી રાજ્ય પછી જે પ્રજામાં વહેમ, રૂઢિ, તથા દેવીપૂજાને નામે હિંસાઓ વગેરેનું સામ્રાજ્ય વ્યાપ્યું હતું તે પાપમાંથી જનતાને બચાવવાનો ભરચક પ્રયત્ન કર્યો. શ્રીમાન ધર્મદાસજી મહારાજનું એક મોટા શિષ્ય સમુદાય વચ્ચે મહારાજા મુંજની પ્રસિદ્ધ ધારાનગરીમાં સં. ૧૭૭૦ ની આસપાસ દેહાવસાન થયું.

શ્રીમાન ધર્મદાસજી મહારાજના ૯૯ શિષ્યો પૈકી માત્ર એકજ ગુજરાત કાઠિયાવાડમાં રહેવા પામ્યા હતા. બાકી બધા મારવાડ, મેવાડ, પંજાબ, સંયુક્ત પ્રાન્ત વગેરે અનેક પ્રાંતોમાં અપ્રતિબંધ વિહારથી ફરી બાવીશ ટોળાના નામથી પ્રખ્યાતી મેળવી શક્યા હતા.

આથી સ્થાનકવાસી સંપ્રદાયનો ૩/૪ જેટલો સમાજ માત્ર એ એક મહાપુરુષ શ્રી ધર્મદાસજી મહારાજનાંજ સંતાન રૂપે આજે અસ્તિત્વ ધરાવી રહ્યો છે.

## શ્રી મૂળચંદજી મહારાજનો ગણ

ગુજરાત અને કાઠિયાવાડમાં વિચરી રહેલા તેમના એક શિષ્ય શ્રી મૂળચંદજી મહારાજે અમદાવાદમાં રહી ગુજરાતમાં ધર્મ ફેલાવ્યો હતો. તેમને મુખ્ય અને પટ્ટધર સાત શિષ્યો હતા. લિંબડી, ગોંડળ, બરવાળા, ચૂડા, ધ્રાંગધ્રા અને કચ્છી વગેરે મુખ્ય છ સંઘાડાઓની સ્થાપના તેમના શિષ્યોએજ કરેલી હતી. પછી તો આજે તેમના પણ પેટા સંપ્રદાયો જેમકે સાયલા, બોટાદ વગેરે વગેરે મોજૂદ છે.

આ બધા ભિન્ન ભિન્ન સંઘાડાઓ જ્યારે સ્થાપિત થયા હશે ત્યારે તેનું કારણ એ હોવું જોઈએ કે એક મોટા દળને એકજ નાયક ન સંભાળી શકે તેથી પોતાના ચારિત્ર્યશીલ વિદ્વાન અને પ્રૌઢ શિષ્યોને તેમના ગુરુદેવોએ સ્વયં નાયકપદ સોંપીને સુપ્રત કર્યા હશે અને એ વખતે શાસન એકજ પ્રવર્તતું હશે. જેટલા મતના સંસ્થાપકો થયા છે તેઓનો લગભગ આજ આશય હોય છે. પરંતુ તેમના અનુયાયીઓ એકાદ પેઢી થયા પછી આ વાતને છેકજ વિસરી જાય છે, તેથી તેઓ પરસ્પર વડીલ જેવા સ્નેહ સૌજન્યને સાચવી શકતા નથી. આથીજ એ સંપ્રદાયોમાંથી પણ પેટા સંપ્રદાયો નીકળે છે. જેવા કે બોટાદ, સાયલા, કચ્છ નાની પક્ષ, લીંબડી નાનો સંપ્રદાય વગેરે વગેરે એક સામાન્ય અને નજીવા કારણથી જુદા પડી ગયા છે.

## તેરાપંથી

શ્રીમાન ધર્મદાસજી મહારાજના સમુદાયનાજ એક રૂગનાથજી મહારાજના શિષ્ય શ્રી ભીખમજી નામના એક મુનિએ જુદા પડીને એક તેરાપંથ નામનો પંથ સંવત ૧૮૧૫ના ચૈત્ર વદી ૯ ને શુક્રવારે સ્થાપિત કર્યો છે. ૧૩ સાધુઓ સંપ્રદાયમાંથી જુદા પડ્યા હોવાથી તે તેરાપંથ કહેવાય છે.

તેઓ જુદા પડ્યા હશે તે વખતે ગમે તે કારણ હોય; પરંતુ વર્તમાનકાળમાં એ સમુદાયમાં જે દયા અને દાનથી વિરુદ્ધ રૂઢિધર્મ પ્રવર્તે છે. તે ધર્મ બુદ્ધિગમ્ય થઈ શકે તેવો નથી.

હું નથી માનતો કે અત્યારે જે સિદ્ધાંત પર તે સમુદાય ચાલી રહ્યો છે તે સિદ્ધાંત પર તે સંપ્રદાયના સંસ્થાપકે સ્થાપના કરી હોય કારણ કે ભારતવર્ષના નાના મોટા દરેક ધર્મનું મૂળ દયા અને દાનના સિદ્ધાંતો પરજ નિર્ભર છે. પણ આ સંપ્રદાયમાં તો તે બન્ને ધાર્મિક અંગોનોજ પરિહાર કરવાના સિદ્ધાંતો સેવાય છે.

તે પક્ષના સાધુજીઓ અને સાધ્વીજીઓની સંખ્યા ૧૨૫ થી ૧૫૦ની છે અને એક પૂજ્યની આજ્ઞામાં તે બધા વિચરે છે. તે પક્ષ મારવાડમાં ચાલે છે.

## લીંબડીની પ્રતિષ્ઠા

શ્રીમાન ધર્મદાસજી મહારાજના અનુયાયી સંઘાડાઓ પૈકી જે ગૂજરાત અને કાઠિયાવાડમાં વિદ્યમાન છે તે પૈકી લીબડી સંઘાડો સૌથી મોટો ગણાય છે. સંવત ૧૮૪૫માં ઈચ્છાજીસ્વામીએ આ સંઘાડાની સ્થાપના કરેલી. તે ઈચ્છાજી સ્વામીના ગુરુભાઈ શ્રી ગુલાબચંદજી મ.ના શિષ્ય શ્રી વાલજીભાઈ સ્વામી અને તેમના શિષ્ય શ્રી હીરાજીસ્વામી અને તેમના શિષ્ય શ્રી કાનજી સ્વામી અને તેમના શિષ્ય શ્રી અજરામરજી સ્વામીએ આ સમુદાયને ઘણો પ્રકાશમાં આણ્યો છે.

તેઓ જામનગર તાબાના પડાણા ગામના વિસા ઓસવાળ હતા. તેઓ યોગ, વ્યાકરણ, તર્કશાસ્ત્ર, સાહિત્ય ઇત્યાદિ વિદ્યાઓના અને જૈનસૂત્રોના પ્રગાઢ અભ્યાસી અને અપ્રતિમ વિદ્વાન હતા. તેમની પ્રતિભા ખૂબ તેજસ્વી હતી. તે મહાપુરુષે વિ. સં. ૧૮૧૯ની સાલમાં દીક્ષા લીધેલી અને સં. ૧૮૪૫ માં આચાર્ય પદવી મેળવી. તેમનો દેહાન્ત સં. ૧૮૭૦માં થયો. તેમના વખતમાં તે આચાર્ય એક મહાસમર્થ પંડિત અને પ્રતિભાસંપન્ન ચારિત્ર્યશીલ તરીકે પોતાનું સાધુજીવન જીવી ગયા છે.

આજસુધી તેમની પ્રતિભાથી સ્થાનકવાસી સમુદાયમાં લીંબડી સંપ્રદાય માનવંતુ સ્થાન ભોગવે છે. તે સમુદાયમાં અત્યારે ત્રીસ સાધુજી અને સાઠ સિત્તેર આર્યાજીઓ ગુજરાત કાઠિયાવાડ અને કચ્છમાં વિચરે છે. શ્રી અજરામરજી મ. થી માંડીને એ સમુદાયમાં ઉચ્ચકોટિના જ્ઞાન-પ્રતિભા અને વ્યવસ્થાનો વારસો અભંગ રીતે આજ સુધી ચાલ્યો આવે છે. હાલમાં પૂજ્યશ્રી ગુલાબચંદજી મહારાજ કે જેઓ બહુશ્રુત અને પંડિત છે તેઓ તે સંપ્રદાયના પૂજ્ય તરીકે બિરાજે છે અને તે સંપ્રદાયની કાર્યવ્યવસ્થાનો ભાર શતાવધાની પંડિત શ્રી રત્નચંદ્રજી મહારાજ અને કવિવર્ય પંડિત શ્રી નાનચંદ્રજી મહારાજ વહન કરે છે.

## ગોંડલ સમુદાય

ગોંડલ સંપ્રદાયમાં નાની અને મોટી એવી બે શાખાઓ છે. મોટા સમુદાયમાં શ્રી જસાજી મહારાજ અને તપસ્વીજી માણેકચંદ્રજી મહારાજનો પરિવાર છે. આ

સમુદાયમાં પૂજ્ય પદવી પર હાલ કોઈ બિરાજમાન નથી. આ સમુદાયમાં પુરુષોત્તમજી મહારાજ એક પ્રતિષ્ઠિત અને વિદ્વાન સાધુ ગણાય છે. આ આખા સંપ્રદાયમાં મળીને ૧૫-૨૦ સાધુજી અને ૬૦-૭૦ સાધ્વીજીઓ અને નાના સંઘાણીના સંપ્રદાયમાં માત્ર મહાસતીજીની પચીસેકની સંખ્યા છે.

## બરવાળાદિ સંપ્રદાયો

બરવાળા સંપ્રદાયમાં બહુ ઓછા પ્રમાણમાં સાધુ અને સાધ્વીજીઓ છે. ચૂડા સંપ્રદાય લુપ્ત થઈ ગયો છે. ધ્રાંગધ્રા સંપ્રદાયની પણ લગભગ તે જ દશા છે.

## કચ્છી સંપ્રદાય

સાયલા સંપ્રદાયમાં પણ થોડાજ મુનિજીઓ છે અને તે સંપ્રદાયના પૂજ્ય તરીકે શ્રી સંઘજી સ્વામી બિરાજે છે. કચ્છી સંપ્રદાય આઠ કોટિને નામે ઓળખાય છે. કાનજીસ્વામી નામના પ્રૌઢ અને શાન્ત સાધુજી તે સંપ્રદાયના પૂજ્યપદે બિરાજે છે*. એ સંપ્રદાયમાં લગભગ વીસેક સાધુજી અને ૩૫-૪૦ સાધ્વીજીઓ હાલ વિદ્યમાન છે. તેઓ લગભગ કચ્છ-કંઠીમાં વિચરે છે. તે સમુદાયના સાધુજીઓમાં પણ કોઈ કોઈ વિદ્વાન અને વિચારક પણ છે.

## નાનો ફાંટો

આજ પક્ષમાંથી નાનીપક્ષ તરીકે ઓળખાતો સંપ્રદાય પણ કચ્છમાં વિદ્યમાન છે. આ પક્ષમાં પંદરેક સાધુજી અને પચીસેક સાધ્વીજીઓ વિચરે છે. તેઓની માન્યતા તેરાપંથને મળતી આવે ખરી. આ સાધુ-સાધ્વીજીઓ સૂત્રના ટબાઓ અને રાસ સિવાય બીજું સાહિત્ય વાંચવામાં ધાર્મિક માન્યતાને બાધ આવતો હોય તેમ માને છે. અને ખાસ વિશેષતા એ છે કે તેઓ એક જ આચાર્યના શિષ્યો તરીકે રહે છે.

આ સંપ્રદાય લઘુ હોવા છતાં આ રીતિને લઈને વ્યવસ્થા સુંદર રીતે જળવાઈ રહેલ છે. ઉપરાંત આ પક્ષના સાધુઓ મૂળ આગમ ગ્રંથો સિવાય ઈતર પુસ્તકાદિની વાંચનપ્રવૃતિ બહુધા સેવતા નથી.

## બોટાદ સંપ્રદાય

બોટાદ સંપ્રદાયમાં મુનિશ્રી મૂળચંદજી મહારાજ અને માણેકચંદજી મહારાજ હાલમાં મુખ્ય સાધુ તરીકે ગણાય છે. મૂળચંદજી મહારાજ શ્રુતજ્ઞાન ગણું સારું

* પૂજ્ય શ્રી કાનજી મ. નો તા. ૧૪-૬-૩૫ ના રોજ સ્વર્ગવાસ થયો છે.

ધરાવે છે અને માણેકચંદજી મહારાજ મિલનસાર સ્વભાવના, શાંત, વિદ્વાન સાધુ છે. તેમના સંપ્રદાયમાં સાધુજીની કુલ સંખ્યા લગભગ પાંચ-સાતેક હશે.

## લીંબડી નાનો સમુદાય

લીબડી નાના સમુદાયમાં આઠેક સાધુઓ અને વીસેક સાધ્વીજીઓ વિચરે છે. તે સંપ્રદાયમાં પૂજ્યસ્થાને શ્રી મોહનલાલજી મહારાજ બિરાજમાન છે*. તેઓ શાસ્ત્રીય જ્ઞાનના બહુ ઊંડા અભ્યાસી છે. તે સંપ્રદાયમાં પંડિત મુનિશ્રી મણિલાલજી મહારાજ બહુશ્રુતી હોવા ઉપરાંત જૈનશાસ્ત્રમાંના જ્યોતિષનું પણ સારું જ્ઞાન ધરાવે છે.

આ રીતે એ મૂળચંદજી મહારાજના ગણનો ઈતિહાસ પૂર્ણ થાય છે.

માળવા, મેવાડ, મારવાડ, પંજાબ, સંયુક્તપ્રાન્ત વગેરે પ્રદેશોમાં પૂજ્યશ્રી ધર્મદાસજી મહારાજનો બહોળો સમુદાય વિચરે છે અને જુદા જુદા સંપ્રદાયોમાં વિભક્ત છે. તે સાધુ સમુદાયની પૂર્ણ વિગત અત્યારે મારી પાસે ન હોવાથી હું અહીં આપી શક્યો નથી. તે માટે દિલગીર છું.

ધર્મક્રાન્તિકાર અને ધર્મપ્રાણ શ્રીમાન લોંકાશાહ પછી આ પ્રમાણે સ્થાનકવાસી સમુદાયના એ ત્રણ મહાન જ્યોતિર્ધરો થયા. આજે ભારતવર્ષમાં સ્થાનકવાસી મુનિરાજો તરીકે સાધુત્વની માનવંતી કક્ષામાં સ્થાન ધરાવતા ૨૦૦૦ ઉપરની સંખ્યામાં સાધુસાધ્વીજીઓ ભિન્ન ભિન્ન પ્રદેશમાં આજ પણ વિચરી રહ્યા છે.

ભારતવર્ષના જૈનોનો ૧/૩ ભાગ એટલે કે ૪ થી ૫ લાખ જેટલી બહોળી જનતા તેમના પવિત્ર સિદ્ધાંતોને આજે અનુસરી રહી છે.

એ ત્રણ જ્યોતિર્ધરોના અનુયાયી શ્રમણવરોનો આજે ૩૦ સંપ્રદાયો (વિભાગો)માં સમાવેશ થાય છે અને તેઓ પોતપોતાના સંપ્રદાયની આમન્યા અને ભગવાન વીરના પ્રરૂપેલા નિયમો તરફ દત્તચિત્ત રાખી માળવા, મારવાડ, મેવાડ, દક્ષિણ, પંજાબ, યુ.પી., જમનાપાર, કાઠિયાવાડ, ગુજરાત, કચ્છ ઈત્યાદિ પ્રદેશોમાં વિચરે છે અને પોતાના ક્ષયોપશમ પ્રમાણે પ્રાપ્ત થયેલાં જ્ઞાનશુદ્ધિ, ત્યાગશક્તિ અને તેજસ્વિતાદિ સાધનો દ્વારા જુદા જુદા કાર્યક્ષેત્રોમાં અને જુદી જુદી જાતિ વચ્ચે રહી ઉપદેશનો પ્રચાર કરે છે.

* જેઓ સંવત ૧૯૯૨ ના કારતક વદ ૧૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

પોરવાલ, અગ્રવાલ, ખંડેલવાલ અને એવી અનેક ઓસવાલની પેટા જ્ઞાતિઓ, વણિકજ્ઞાતિનો મોટો વર્ગ, ભાવસાર, લુહાર, સુતાર, સોની, કુંભાર, રજપુત અને બીજી ઘણી સવર્ણ કોમ તથા કેટલાક છૂટા છવાયા અંત્યજો જૈનધર્મ પાળે છે તેમાં આ ફીરકાનો મોટો ફાળો છે.

ધાર (કે જ્યાં શ્રીમાન ધર્મદાસજી મહારાજનો દેહોત્સર્ગ થયો છે)માં ઉપર વર્ણવેલા પ્રકારોમાંની ઘણી ખરી કોમ ચુસ્ત રીતે જૈનધર્મ પાળતી આજે પણ મળી આવે છે. તે જ રીતે ઘણાં સ્થળોએ આવા જૈનધર્મ પાળનારનાઓને મેં નજરો નજર જોયા છે. તેનાં કારણો આ છે :

આ સંપ્રદાય નિયમોના પાલનમાં હમેશાં બહુ કડક રહેતો આવ્યો છે અને સદ્‌ભાગ્યે તે કોઈ એક સ્થળે ગોંધાઈ રહેતો નથી. તેને પરિણામે આ સંપ્રદાયના સાધુઓ ભારતના જુદા જુદા ભાગમાં અનેક કષ્ટો સહીને વિચરે છે અને જેટલા પ્રમાણમાં તે પ્રવાહબદ્ધ વહેતો રહ્યો છે તેટલા પ્રમાણમાં નિર્મળ રહી શક્યો છે.

આ સંપ્રદાય ધમાલ, ધતિંગ અને આડંબરથી પૃથક્ રહેવાથી તેમાં હજુ સહનશીલતા, તપશ્ચર્યા અને જિજ્ઞાસુ બુદ્ધિના ગાઢ સંસ્કારો રહી ગયા છે. પણ મારે અહીં કહેવું જોઈએ કે જેટલો, ક્રિયાપરાયણતા, સહિષ્ણુતા, તપશ્ચર્યા અને જિજ્ઞાસુ બુદ્ધિથી તેણે લાભ ઉઠાવ્યો છે તેટલું નુકસાન પણ તેને વેઠવું પડ્યું છે.

આજે તે અનેક સંપ્રદાયોમાં વિભક્ત છે તે વિષે કોઈનેય કહેવાનું ન હોય; કારણ કે આટલો મોટો સમુદાય પૃથક્ પૃથક્ આચાર્યોના હાથ તળે હોય તો જ તે સુવ્યવસ્થિત રહે એ વાત નિઃસંદેહ છે. પરંતુ વિભાગો જ્યારે ભેદબુદ્ધિનું સ્વરૂપ પકડે છે ત્યારે તે આખું ધ્યેય માર્યું જાય છે. આ સમુદાય માટે પણ ઘણે સ્થળે તેવું બનવા પામ્યું, તેથી તેની કડક ક્રિયા પરાયણતાનો "અમે ઊંચા અને બીજા ઢીલા, પાસત્થા" એમ બીજાને બતાવવામાં ક્રિયાનો ઉપયોગ થવા લાગ્યો અને પરિણામે દેશી, પરદેશી અને એવા ભેદો સર્જવામાં એ ક્રિયાશક્તિ ખરચાવા લાગી. આ ભેદોએ તેની કડક ક્રિયા, ઉગ્રવિહાર, જિજ્ઞાસુ બુદ્ધિ અને અવિચ્છિન્ન ઉપદેશ ધારા લાભને બદલે હાનિમાં પરિણમ્યાં. એ હાનિ સ્વરૂપે જ ઠેર ઠેર પક્ષો પડવા શરૂ થયા અને તેની બધી શક્તિ પક્ષ જમાવવા માટે જ વેડફાવા લાગી.

સામાન્ય વિચારભેદ કે મતભેદ પડ્યો કે તુરત જ એક નવો પેટા સંપ્રદાય અને પક્ષ પડી જાય. આથી જ સામુદાયિક સંસ્થાઓ, સમાજની ભાવિ પ્રજાને ચેતન પૂરતાં જ્ઞાન સાધનો તથા સાહિત્યસર્જન તરફ દુર્લક્ષ્ય સેવાવા લાગ્યું.

તેવામાંજ સદ્ભાગ્યે સમાજ વિકાસના સાધનોની વિચારણા માટે પ્રત્યેક સંપ્રદાયને એક સૂત્રબદ્ધ કરવા માટે અને કોઈ રચનાત્મક કાર્ય હાથ ધરવા માટે સમગ્ર સાધુ સંઘોના સંમેલનનું નક્કી થયું.

એ આખા જૈન સમાજ માટે એક અપૂર્વ પ્રસંગ હતો. ભગવાન મહાવીર પછી શ્રમણવરોનું સંમેલન પ્રથમ થયું પટણામાં, બીજું થયું મથુરામાં, ત્રીજું થયું વલ્લભીપુરમાં. વલ્લભીપુરનો વીર સંવત ૯૮૦નો સમય અને ત્યાર બાદનો આ સમય એટલે લગભગ ૧૫૦૦ વર્ષ પછીનું આ શ્રમણ સંમેલન.

આખા સમાજના શ્રમણ સંમેલનની વાતો પ્રસરી ત્યારે સૌને આ કલ્પના બહારની વસ્તુ લાગતી હતી. ક્યાં પંજાબ ને ક્યાં કચ્છ કે કાઠિયાવાડ ? ક્યાં દક્ષિણ અને ક્યાં ગુજરાત ? એ બધા મુનિવરો એકત્ર મળી શકે એ સૌને અસંભવિતજ લાગતું હતું. પરંતુ તે અજમેરના આંગણે ભરાયું. તે હતો આખા સમાજનું ભાવિ ઘડવાનો અદ્વિતીય પ્રસંગ.

આ પ્રસંગના નિમિત્તભૂત હતા આ તરફ શ્રમણવરોના મુકુટ સમા એ પંજાબના વીર શ્રમણ કેસરી શ્રી સોહનલાલજી મહારાજ* અને આ તરફ હતા એ ધર્મવીર દુર્લભજીભાઈ જેવા શ્રાદ્ધવરો.

ઐતિહાસિક સ્થળ બન્યું એ અજમેર કે જે અજમેરને આંગણે એક તરફ પ્રત્યેક સંપ્રદાયમાંથી ચૂંટાયેલાં રત્નોસમા ૭૬ પ્રતિનિધિઓના અગ્રેસરત્વ નીચે શ્રમણ-સંમેલન થઈ સંઘના (મૂળ ધ્યેય કાયમ રહી દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ પ્રમાણે) નવાં બંધારણો ઘડવા લાગ્યા અને બીજી તરફ શ્રીયુત હેમચંદભાઈના પ્રમુખપણા નીચે શ્રાવક વર્ગની કોન્ફરન્સ ગોઠવાઈ.

આ સમયે અજમેર ખરેખર અજર અમર બનતું દેખાયું. જ્યાં નજર નાંખો ત્યાં જૈન ને જૈન, જાણે આખું અજમેર જૈનમય બન્યું હોયની ! ત્યાં માનવ પ્રેમનો સાગર ઊલટ્યો હતો. ઉત્સાહ, ભાવના અને ભક્તિની ત્રિવેણીમાં સૌ સ્નાન કરી પવિત્ર બનતા. જૈનેતર નરનારીઓનો સમૂહ આ ઉત્સવમાં મ્હાલતો અને ઉચ્ચારતો કે : શું આ જૈનપુરી છે ?

જ્યાં ભારતના પ્રત્યેક પ્રદેશમાંથી એ ઊતરી આવેલો ૫૦ હજાર જેટલી મોટી સંખ્યાવાળો માનવ સમુદાય મળ્યો હોય એ દૃષ્ય કેટલું અદ્ભુત હોય !

* તા. ૬-૭-૩૫ ના રોજ એમનો દેહોત્સર્ગ થયો.

જૈન ઈતિહાસમાં આ પ્રસંગ તો સુવર્ણાક્ષરે લખાશે.

પરંતુ અહીં એક દુઃખદ બિનાની નોંધ લેતાં કહેવું પડે છે કે આવો ઉપયોગી સમય એ માત્ર એકજ પ્રસંગે ઝુંટવી લીધો. છતાં બહુ ચિંતવતાં મને લાગ્યું છે કે એ પ્રસંગ પણ કોઈ હેતુપુરઃસર હશે, તેમાંથી તો સમાજને માર્ગદર્શક એવી અનેક વસ્તુઓ સાંપડી છે. પણ તે સમયે તો ભાવનાઓનાં વહેતાં પૂરે સૌ મુનિવરો વિખરાયા.

રાત્રિના કે દિવસના જે કંઈ સમય મળ્યો તેમાં ઘણાયે ઉપયોગી નિયમો ઘડાયા. પરંતુ બહુ ચિંતવન કરવાના અવકાશના અભાવે તેની દૃઢતામાં ખામી રહી ગઈ; એટલે બાહ્ય દ્રષ્ટિએ જોતાં સફળતા મળી ન જ ગણાય. પરંતુ એટલું તો ચોક્કસ છે કે તે પ્રસંગ સૌ કોઈને કંઈ અર્પતો ગયો છે. આજે પણ એ મુનિ મુનિ વચ્ચેનાં સ્નેહ, સેવા અને સૌજન્યો સાંભરતાં જ હર્ષાશ્રુઓ વહે છે. ધન્ય હો એ અપૂર્વ પળ !

## સંમેલનના ફાયદા

અજમેર સંમેલનના પરિણામે જ મુનિવરોને દૂર સદૂરના દેશો જોવા મળ્યા. એક બીજા સંપ્રદાયો વચ્ચે સ્નેહની સાંકળો બંધાણી. શ્રાવકો શ્રાવકો મળ્યા અને સાધુઓ સાધુઓ મળ્યા. જ્ઞાન અને અનુભવોની ખૂબ આપ લે થઈ.

શાંત, પ્રૌઢ અને શાસ્ત્રવિશારદ પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજ તથા પૂજ્યશ્રી જવાહીરલાલજી મહારાજ જેવા માલવાના ધુરંધર આચાર્યોનાં દર્શન થયાં. પંજાબના યુવાચાર્યજી, ઉપાધ્યાયજી, ગણીજી તથા આગમોદ્ધારક પૂજ્યશ્રી અમોલખઋષિજી મહારાજ, પં. મુનિશ્રી આનંદઋષિજી મ, પૂજ્યશ્રી હસ્તીમલજી મહારાજ તથા મરુધર છ સંપ્રદાયના સેવાની મૂર્તિસમા એ મુનિ પુંગવો, ગુજરાત, કચ્છના યુવાચાર્ય નાગચંદ્રજી મહારાજ, શાસ્ત્રજ્ઞ પં. મુનિશ્રી મણિલાલજી મ., શતાવધાની પં. મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજ, કવિવર્ય મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ વગેરે તથા અનેક વિદ્વાન મુનિવરોની જ્ઞાન ચર્ચાઓ, પંજાબ અને પેલા જમના પારના પ્રદેશોમાં વિચરતા એ લાડીલા વક્તાઓ અને વિદ્વાનોની સાહિત્ય ચર્ચાઓ તથા મુનિમંડલનો સંસર્ગ જન્ય અનુભવેલો એ શાંતરસ; એ હતો એક માત્ર સંમેલનનો જ પ્રભાવ. અણધાર્યું ને અણચિંતવ્યું અમારું અજમેર ગમન, આર્યસમાજિસ્ટ તથા ઈતર ધુરંધર વિદ્વાનો, સાક્ષરો અને પંડિતોના આગ્રહથી

અજમેરના સુપ્રસિદ્ધ દયાનંદ હોલમાં થયેલા શતાવધાનના પ્રયોગો અને અદ્‌ભુત બુદ્ધિમત્તાથી આશ્ચર્યચકિત થઈને, રા. બ. ઓઝા વગેરે પંડિતો દ્વારા અપાયેલી **ભારતરત્નની** પદવી તેમજ તેને અંગે જૈનસમાજ પર આર્યસમાજ તથા ઇતર જનતાનો વ્યાપેલો સદ્‌ભાવ અને ત્યારબાદ જયપુર થઈ આગ્રાગમન થવું. આગ્રામાં ઠેરઠેર થયેલાં કવિરાજનાં ભવ્ય અને પ્રેરક વ્યાખ્યાનોનો ઠેરઠેર પ્રભાવ અને ત્યાંથી આખાયે માલવા દેશનો ચિરસ્મરણીય અનુભવ લઈને પુનઃ ગૂજરાતનું પ્રયાણ એ પણ સંમેલનનુંજ એક નિમિત્ત.

શતાવધાની પંડિત રત્ન શ્રીમાન રત્નચંદ્રજી મહારાજનું જયપુરનું ચાતુર્માસ્ય, આગમોદ્ધારક મંડલનું મિલન, ત્યાંનો ઉલ્લેખનીય શતાવધાનોત્સવ, દિલ્હી તરફનું ગમન અને ત્યાં તેઓશ્રીને મળેલું ભારતરત્નનું બિરુદ અને ત્યાંથી પંજાબના કેસરીસમા યુવાચાર્યના આગ્રહથી પંજાબ તરફનું તેમનું પ્રયાણ, અમૃતસરમાં અનેક વખતથી તેમના પાંડિત્ય અને શાન્તિની પ્રશંસા સાંભળીને મળવા માટે તીવ્ર અભિલાષા ધરાવતા પૂજ્યશ્રી સોહનલાલજી મહારાજ સાથે તેમની થયેલી અદ્‌ભુત મુલાકાત અને ઉલ્લેખનીય અમૃતસરનું ચાતુર્‌માસ્ય એ પણ સંમેલનનો જ પ્રતાપ.

નિખાલસતાની જીવંત મૂર્તિ અને આગમોદ્ધારક પૂજ્ય શ્રી અમોલખ ઋષિજી મહારાજનું દક્ષિણથી મારવાડ તરફ ગમન તથા શ્રુતના સાગર સમા વિદ્વદ્‌વર્ય શ્રી ઉપાધ્યાયજી સાથે તેમનું વિહાર-પ્રયાણ અને દિલ્હીનું ચાતુર્માસ્ય તથા પૂજ્યશ્રીને જૈનદિવાકરની પદવી એ પણ સંમેલનનાજ પ્રસંગથી.

ભગવાન મહાવીરના વિહારગમન પછી એ માર્ગે ઉપસ્થિત થતા અનેક સંકટો વેઠી સિંધદેશના પાટનગર સમા કરાંચી શહેરમાં પ્રથમ પદાર્પણ કરી જૈન ધર્મનો પ્રભાવ ફેલાવનાર અને અહિંસાનો સાર્વદેશીય બોધ આપી પ્રસિદ્ધ થયેલા મુનિશ્રી ફુલચંદજી મહારાજનું કરાંચી જેવા ક્ષેત્રમાં પ્રવેશી તે ક્ષેત્રનું નવોદ્‌ઘાટન, એ પણ સંમેલનનોજ પ્રભાવ.

મને સાથે સાથે એ પણ કહી લેવા દો કે આપણા ભાઈબંધ સમાજના સૂરિપુંગવોનું સંમેલન અને નિયમોનો ઉહાપોહ થવાનું પ્રબળ નિમિત્તભૂત પણ એ અજરઅમરપુરી અજમેરનું અપૂર્વ સંમેલન.

પરંતુ આ તો વિખરાયેલા પ્રભાવનીજ વાત થઈ. જ્યારે તેની એકસૂત્રતા થાય ત્યારેજ તે પ્રભાવનો પુંજ જામે અને તોજ સમાજનો સામુદાયિક ઉલ્લેખનીય અભ્યુદય થાય.

સાધુ સંમેલનને નિયમો ઘડ્યા અને શ્રીમતી કોન્ફરન્સ દેવી એટલે સંઘની

નેત્રીને કાર્ય સોંપાયું. હવે તેનું યથાર્થ પાલન કરવું એ તો ચતુર્વિધ સંઘનેજ રહ્યું. આમા મારા બંધુ મુનિવરોની જવાબદારીજ હું વિશેષ માનું છું. તે સંમેલનના નિયમો મુનિવરોના શુભ હસ્તેજ ઘડાયા છે.

કોઈ સ્થળે શ્રાવકોની ત્રુટિ હોય કે આગ્રહ હોય તો તેને સુધારી ધ્યેય સામે જોવુંજ રહ્યું. એક નિર્જીવ કારણને આગળ ધરી તે તરફ ઉપેક્ષા સેવવામાં લાભ કરતા હાનિ વિશેષ છે કે જે ધર્મપ્રાણ લોંકાશાહની ક્રાન્તિને પચાવનારા ઉદાર સાધુઓ તો ન જ સાંખી શકે.

આટલો પ્રાસંગિક ઉલ્લેખ કર્યા પછી હવે ધર્મપ્રાણ લોંકાશાહના ખાસ અંગજ વર્ગના સંબંધમાં થોડું કહી લઉં.

એ ધર્મપિતા લોંકાશાહનો ખાસ અંગજ યતિવર્ગ ધીમે ધીમે ઘસાઈ જતાં આજે તેમનું નામાવશેષ રહ્યું છે. વડોદરા, જેતારણ અને જામનગર તે શ્રી પૂજ્યોના ગાદીસ્થાનો છે. હાલમાં તો છૂટા છવાયા તેમના શિષ્યો ભિન્ન ભિન્ન સ્થળે બહુ જૂજ સંખ્યામાં અસ્તિત્વ ધરાવે છે.

આ રીતે એ જૈન યુગના માર્ટિન લ્યુથર લોંકાશાહના વંશજોનો આધુનિક સંક્ષિપ્ત ઈતિહાસ પૂર્ણ થાય છે.

આ લાંબી લેખમાળા સમાપ્ત કરતાં પહેલાં આશાવંત હૃદય રોકાતું નથી, એ કહેવા મથે છે કે વીર લોંકાશાહના ક્રાન્તિમય જીવનના ફણગા સાવ બુઝાયા નથી. હજુયે તે અંદર જલ્યા કરે છે. તેની જ્યોતિ અવિચ્છિન્ન છે પણ તેના ઉપર ક્યાંક ક્યાંક રાખના ઢગલા જામી ગયા છે. એ ઉપરની રાખની ઢગલીઓ ઉખેડીને કોઈ તેનો સપૂત જાગે અને ફરી ધર્મક્રાન્તિ જગાવે, એ આખોયે જૈન સમાજ ઈચ્છી રહ્યો છે.

ઓ ધર્મ પિતાના સપૂતો ! કોઈ આવો, ચૈતન્ય અને ચમત્કૃતિ સાથે લાવજો અને આજના જૈનધર્મના માર્ટિન લ્યુથરને બનાવજો. આજના લોંકાશાહે શું કરવાનું છે તે તમોને ખબર છે ને ! આજના યુગનું ક્રાન્તિક્ષેત્રે જૈન સમાજને અવિભક્ત બનાવવાનું છે. શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી વગેરેના ભેદોને સાંપ્રદાયિક અતિરેક્તામાં ન લઈ જતાં છિન્ન ભિન્ન પડેલાં એ જવાહીરોને આજે એક રત્નમાળામાં ગોઠવે એવો લોંકાશાહ જોઈએ છે.

આવો, આવો, લોંકાશાહ, આવો ક્રાન્તિકાર,<br>
આવીને ક્રાન્તિ જન્માવો,<br>
ૐ શાન્તિ.

# લોંકાશાહ એટલે લોકસાધુ-લોકનેતા

જૈનધર્મના ઈતિહાસમાં લોંકાશાહની ક્રાંતિ ખરેખર અદ્વિતીય, અપ્રતિમ અને અદ્‌ભુત છે. આ ક્રાંતિની દિશા પણ સાદી અને સરલ છતાં પ્રભાવશાળી અને તેજોમય છે.

લોંકાશાહનું કાર્ય ધીમું છતાં પુષ્ટ અને બળવત્તર છે. તેના જીવનમાં ખરેખર ઢૂંઢકવૃત્તિ એટલે કે સત્યશોધકતાના હરેક પ્રસંગે પગલે પગલે દર્શન થાય છે. આ વખતે જૈનત્વનું એ નિગૂઢ અને પરમસત્ય ભગવાન મહાવીર પછી બરાબર ૨૦૦૦ વર્ષે પોતાની ઉપરના જીર્ણ અને મલિન થયેલા ખોખાને ઉડાડી તદ્દન વાસ્તવિક સ્વરૂપમાં ઝળહળી ઊઠે છે. કેવી એ અપૂર્વ પળ ! ધન્ય હો એ વિજેતાને !

પ્રબળ રૂઢિ અને પ્રબળ સત્તાશાહીથી ટેવાઈ ગયેલી જનતા સમક્ષ એ પરમ સત્યને યથાર્થ રૂપમાં પ્રગટ કરતાં તેને કેટલું શોષાવું પડ્યું હશે, એ જ્યારે કલ્પના કરીએ છીએ ત્યારે ખરેખર તેમની અડગતા, ધૈર્ય, સત્યનિષ્ઠા, શાસનભક્તિ, લોકકલ્યાણની ભાવના ઈત્યાદિ ઉચ્ચ ગુણોની પ્રતીતિ થઈ તેમના પ્રત્યે પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન કરે છે, અને સાથે એમ પણ હવે તો સ્પષ્ટ દેખાઈ રહે છે કે જે કાર્ય શાસનની વિરલ વ્યક્તિઓના અથાગ પ્રયાસ છતાં ન બન્યું તે તેમણે તુરત જ પ્રત્યક્ષ કરી બતાવ્યું.

ભારત વર્ષે અનેક ક્રાંતિકારો જન્માવ્યા... પણ અર્વાચીન યુગના ઈતિહાસમાં પ્રથમ ક્રાંતિકાર તરીકેનું પ્રથમ માન જીતી જનાર એ વીર લોંકાશાહ ખરેખર આખાયે લોકમાનસને દોરનાર સાચો લોંકાશાહ એટલે કે લોકસાધુ-લોકનેતા પાક્યો હતો.

● 'સંતબાલ'